بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદિ્ષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-જુલાઈ-૨૦૧૦**

રજબુલ મુરજ્જબ-શાબાનુલ મુઅઝ્ઝમ
હિજરી સન : ૧૪૩૧

વર્ષ : ૦૭, અંક : ૦૭, સળંગ અંક : ૭૯

સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



પત્ર વ્યવહારનુ સરનામું

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૪૫/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| ૦૧ | અરબ પર તુર્કી ઉષ્માની હુકૂમત હોત તો....... | ૦૨ |
| ૦૨ | મૌલાના મૌદૂદીના બંદાની ગુમરાહીનો પર્દાફાશ ! | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૧૧ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૩ |
| ૦૫ | શિફા શરીફ | ૧૫ |
| ૦૬ | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત رحمۃ اللہ تعالیٰ علیہم اجمعین | ૧૭ |
| ૦૭ | હદાઈકે બખ્શિશ | ૨૦ |
| ૦૮ | શબે મેઅરાજ અને નાફર્માનોનો અંજામ | ૨૫ |
| ૦૯ | તબર્રુકોથી બરકત પ્રાપ્તિ વિરુદ્ધ એક...... | ૨૭ |
| ૧૦ | ઈમામે આ'ઝમ અબૂહનીફા رضی اللہ عنہ નું જીવન ચરિત્ર | ૩૦ |
| ૧૧ | હઝરત ખિઝ્ર علیہ السلام ની નબુવ્વત...... | ૩૨ |
| ૧૨ | સૂફીઈઝમની હકીકત તેના પર વાંધા અને જવાબો | ૩૭ |
| ૧૩ | આજે ખાનકાહવાળાઓની નવી પેઢી......... | ૪૪ |
| ૧૪ | બરકાતે ખ્વાજાની ટપાલ... | ૪૭ |


## નબી ચલે મેઅરાજકો.....

વો સરવરે કિશ્વરે રિસાલત, જો અર્શપર જલ્વા ગર હુએ થે
નયે નિરાલે તરબ કે સામાં, અરબ કે મેહમાન કે લિએ થે

બહાર હૈં શાદિયાં મુબારક, ચમન કો આબાદિયાં મુબારક
મલક ફલક અપની અપની લયમેં, યહ ઘર અનાદિલ કા બોલતે થે

વહાં ફલક પર યહાં ઝમીંમેં, રચી થી શાદી મચી થી ધૂમેં
ઉધરસે અન્વાર હંસતે આતે, ઈધરસે નફહાત ઉઠ રહે થે

યહ છૂટ પળતીથી ઉન્કે રુખ કી, કે અર્શ તક ચાંદની થી
વો રાત કયા ઝગમગા રહી થી, જગા જગા નસ્બ આઈને થે

નઈ દુલ્હન કી ફબનમેં કા'બા, નિખરકે સંવરા સંવર કે નિખરા
હજર કે સદકે મેં કમર કે ઈક તિલમેં, રંગ લાખોં બનાવ કે થે

નઝરમેં દુલ્હા કે પ્યારે જલ્વે, હયાસે મેહરાબ સર ઝુકાએ
સિયાહ પર્દે કે મુંહ પર આંચલ, તજલ્લી ઝાત બહ્તસે થે

ખુશી કે બાદલ ઉમંડ કે આયે, દિલોં કે તાઊસ રંગ લાયે
વો નગ્મએ નઅત કા સમાં થા, હરમ કો ખૂદ વજ્દ આ રહે થે

યે ઝુમા મીઝાબે ઝરકા ઝુમર, કે આ રહા કાન પર ઢલક કર
ફૂહાર બરસી તો મોતી ઝળકર, હતીમ કી ગોદમેં ભરે થે

ગુબાર બનકર નિષાર જાએં, કહાં અબ ઉસ રહગુઝર કો પાએં
હમારે દિલ, હુરીયોં કી આંખેં, ફરિશ્તોં કે જહાં પર બિછે થે

નબીએ રહમત શફીએ ઉમ્મત, **'રઝા'** પે લિલ્લાહ હો ઈનાયત
ઉસે ભી ઉન ખિલ્અતોંસે હિસ્સા, જો ખાસ રહમત કે વાં બટે થે

જગતભરમાં મુસ્લિમોની તબાહી નજદી ગદ્દારોને કારણે છે !

# અરબ પર તુર્કી ઉષ્માની હુકૂમત હોત તો યહૂદીઓના આ જુલ્મો ન હોત !

:: કાર્યાલય ::

ધોકો, પ્રપંચ, છેતરપિંડી તથા વચનભંગ વગેરે દુર્ગુણોને ગળે લગાડી જીવનાર યહૂદી કૌમ પોતાના દુર્ગુણોને લઈને સદા ભટકતુ જીવન જીવતી રહી અને હજી એ જ દુર્ગુણો સાથે પેલેસ્ટાઈનમાં પગદંડો જમાવી ઈઝરાઈલ નામી રાજ્ય સ્થાપી ચૂકેલી આ જાલિમ કૌમના હજી એ જ હાલ ભવિષ્યમાં જરૂર થશે કે ફરી બેહાલ ભટકતી થઈ જશે. ઈન્શાઅલ્લાહ !

ઈઝરાઈલે પેલેસ્ટાઈનીઓ પર તેની સ્થાપ્નાથી આજ સુધી સતત જુલ્મો સિતમ બ્રિટન તથા અમેરિકાના સહકારથી કર્યે જ રાખ્યા છે અને હાલ ખાસ કરીને ગાઝાપટ્ટીની નાકાબંધી કરીને ત્યાં કેટલાય સમયથી અનાજ, પાણી, દવા વગેરે ચીજ વસ્તુઓ જવા દેતું નથી, બલ્કે ત્યાં ભૂખે તડપતા તથા દવા વિના પરેશાન બીમારો, બાળકો, સ્ત્રીઓ પર હવાઈ હુમ્લા કરીને લોહીની નદીઓ વહાવી રહ્યું છે ! એટલું જ નહીં પણ પણ તેમની મદદ માટે દરિયાઈ માર્ગે અનાજ દવા વગેરેનો પુરવઠો લઈને ફ્લોટીલા મિશનના ૩૦ દેશોના ૭૦૦ સ્વયં સેવકો ૬ જહાઝોમાં સવાર પેલેસ્ટાઈન પ્રતિ પ્રયાણ કરી રહ્યા હતા તેના ઉપર પણ હુમ્લો કરીને તેમનામાંથી કેટલાયની પણ લાશો ઢાળી દીધી ! છતાં માનવ અધિકારોના ઝંડા લઈને ફરતા અમેરિકાએ ન તેમના સામે લશ્કરી કાર્યવાહી કરવાની વાત કરી ન બ્રિટન, ફ્રાંસ, જર્મની વગેરે સર્વ દેશો કાંઈ કરવા તૈયાર છે ! જો આ પ્રકારનું કૃત્ય ઈરાન કે અન્ય મુસ્લિમ દેશોમાંથી કોઈએ કર્યું હોત તો જેમ ઈરાકને આ જ મુદ્દા પર ખેદાન મેદાન કર્યું તેમ તેને પણ તબાહ કરવા ક્યારના આસ્માનેથી આગના ગોળા વરસતા દુનિયા જોતી હોત અને જગતભરમાં હંગામો મચી ગયો હોત.

એ તો સૌ જાણે છે કે માનવ અધિકાર તથા ન્યાય અપાવવાના નામ પર અમેરિકા, બ્રિટન તથા સાથી દેશોનો મૂળ હેતુ મુસ્લિમોની તબાહી કરવી તથા ઈસ્લામના નામે ઉભરતા કોઈ પણ દેશને પાંગળો બનાવવો અને સર્વને પોતાના ગુલામ રાખવા. પણ આશ્ચર્ય છે કે કહેવાતા મુસ્લિમ સઊદી રાજાઓ કે અન્ય સર્વ અરબ દેશો મૂંગા મંતર બનીને બેઠા છે ! જો કે એ બોલે તો પણ કે કાંઈ કરે તો પણ કઈ રીતે કરે ? કારણ કે અંગ્રેજોના હાથા બની આ સઊદી નજદી વહાબી ગદ્દારોએ જ સુન્ની તુર્કી ઉષ્માની હુકૂમત જેને સેંકડો વરસો સુધી યહૂદી ઈસાઈઓ અનેક પ્રયત્નો છતાં ન હચમચાવી શક્યા અને યહૂદી રાજ્ય સ્થાપ્વાનો ખ્વાબ પૂરો ન કરી શક્યા તેને પૂરો કરાવવામાં આ સઊદી નજદી વહાબીઓનો જ હાથ છે કે તુર્કી ઉષ્માની હુકૂમત સામે અંગ્રેજોના સહારે બગાવત કરીને મક્કા મદીના તથા અરબસ્તાનના મોટા હિસ્સા પર તેમણે કબજો જમાવ્યો, અને એના બદલામાં અંગ્રેજોને પોતાના મક્સદો પાર પાડવાના સર્વ માર્ગો ખુલ્લા મળી ગયા. આજે પણ સઊદી નજદી વહાબી હુકૂમતને કોઈનો ડર લાગે છે તો "યા અંગ્રેજ અલ મદદ ! યા અમેરિકા અલ મદદ !"ના નારા મારે છે, જેમ કે સદ્દામ હુસૈનના કુવૈત પરના હુમ્લા વખતે જગતભરના લોકોએ જોઈ લીધું. તો પછી યહૂદીઓનો વિરોધ આ સઊદી કે અન્ય અરબ રાજા કઈ રીતે કરી શકે ?!

આવો ! અંતમાં તુર્કી સુન્ની રાજાઓ કેવા ઈમાની ગૈરતવાળા હતા તે જુઓ ! અલ્લાહ તબારક વ તઆલા તુર્કી સલ્તનતે ઉષ્માનિયાના અંતિમ ગૈરતમંદ રાજકર્તા તથા સુલ્તાન અબ્દુલહમીદને જઝાએ ખૈર (ઉમદા બદલા)થી નવાઝે અને તેમની કબ્ર પર રહમતોની વર્ષા વરસાવે જેમણે યહૂદી લીડરોના પ્રતિનિધિમંડળની આ રજૂઆતને તુચ્છકારપૂર્વક ઠુકરાવીને તુર્કી મુસલમાનોની તથા દીની ગૈરતથી ચૂર ઉષ્માનીઓની લાજ રાખી લીધી કે તુર્કી હુકૂમત જે કરજના ભારે બોજથી દબાયેલી છે તેનાં સર્વ કરજો યહૂદી કૌમ અદા કરી આપશે, પણ શરત એ કે પેલેસ્ટાઈનમાં ઈઝરાઈલ રાજ્ય સ્થાપ્નાની ઈજાઝત તુર્કી (ઉષ્માનિયા) ગવર્નમેન્ટ તરફથી આપવામાં આવે. વીસમી સદીના પ્રારંભમાં આ યહૂદી માંગણીને સુન્ની તુર્કી ઉષ્માનિયા હુકૂમતના વયોવૃદ્ધ સુલ્તાન અબ્દુલ હમીદે રદ કરી દેતાં પુરજલાલ અવાજમાં કહ્યું કે **અરબની ભૂમિમાં એક યહૂદી રાજ્યની સ્થાપ્નાની રજા તો દૂરની વાત છે પણ તમારા આ માલ સંપત્તિના બદલામાં અમારા પગોની ધૂળ પણ આપવા માટે તૈયાર નથી થઈ શક્તો** ! અને ઈસ્લામી જગતના ફાયદાઓનો સોદો કરીને અમારા પૂર્વજોની ગૈરત તથા ઈજ્જતને કોઈ કિંમતે લીલામ નથી કરી શક્તો.

અંજુમન વોઈસ (માસિક)માં "ઈસ્લામ અને ફિર્કા" લેખ લખનાર

# મૌલાના મૌદૂદીના બંદાની ગુમરાહીનો પર્દાફાશ !

તંત્રી લેખ

***સંભલ કે પૈર રખના શૈખજી મયખાનેમેં***
***યહાં પઘળી ઉછલતી હૈ ઈસે મયખાના કહતે હૈં***

"કહેવાતા જમાઅતે ઈસ્લામી" ફિર્કા એટલે મૌદૂદી જમાઅત જે અસલમાં વહાબી દેવબંદી ફિર્કાની જ એક શાખ છે, જેનું પ્રચારક 'અંજુમન વોઈસ'–ભરૂચ (મંથલી) એ રિટાયર્ડ પંતુજીઓ, કહેવાતા દીની માસિકમાં ફિલ્મી ગીતોનું રટણ તથા અનુસરણ કરનારા પણ ! તથા અન્ય આઉટ ઓફ ડેટ રિટાયર્ડ કર્મચારીઓ જેઓ કુર્આન હદીષથી તદ્દન અજ્ઞાન હોવા છતાં પોતે ફિલોસોફરનો વહેમ રાખનારા તથા જેમને નબી કરીમ ﷺએ પોતાના વારિસ કહ્યા તેવા ઉલમાએ દીનને કોઈ અપવાદ વિના લીટી લીટીએ "મોલ્વી મુલ્લા" કહી તુચ્છકારનાર તરંગીઓની ટોળીનું ગુમરાહકુન પેપર છે જેમાં **દુનિયવી એજ્યુકેશનના નામે સામાન્ય મુસલમાનોને આર્કષી દીની ગુમરાહીની વાતો થોકબંધ ભરવામાં આવે છે** જેને વાંચવાની કે તેના પાછળ સમય બગાડવાની આપણે જરૂરત જ નથી. પણ કેટલાક મિત્રોના આગ્રહને વશ થઈને તેના મે–૨૦૧૦ના અંકમાં પેજ–૧૬, ૧૭ પરના "ઈસ્લામ અને ફિર્કા" હેડિંગ સાથે લખાયેલ ગુમરાહકુન લેખ વિશે થોડીક ચર્ચા કરી લઈએ.

બે પેજના આ લખાણમાં એના નાદાન લેખકે પોતાની વાતની સચ્ચાઈ માટે ન કોઈ કુર્આનની આયત ટાંકી છે ન કોઈ હદીષનો સ્ટાન્ડર્ડ હવાલો પેશ કર્યો છે અને આખા લખાણમાં ગાંડા જેમ લખે રાખ્યું છે કે "ફિર્કા પરસ્તો આમ ને ફિર્કા પરસ્તો તેમ, ફિર્કા પરસ્ત મઝહબી પેશવાઓ આવા છે ને ફિર્કા પરસ્ત આલિમોએ આવું કર્યું છે...." પણ પોતાની વાતની સચ્ચાઈ દર્શાવવા એમાં કોઈ કુર્આની હવાલો નથી ન મોક઼ાસર બેસે તેવો કોઈ હદીષનો. બલ્કે અંતે પોતે પણ નર્યા ફિર્કા પરસ્ત હોવાનુ તેમજ કહેવાતી જમાઅતે ઈસ્લામી એવી ગુમરાહ મૌદૂદી જમાઅતના બાની મૌલાના મૌદૂદીના પરસ્તાર હોવાનું સાબિત કરતાં કુર્આન હદીષની વાતો નહીં પણ મૌલાના મૌદૂદીનાં કથનો ટાંકીને પોતાની ગુમરાહીનો છેડો કોને જઈને મળ્યો છે તે જાહેર કરી આપ્યું છે. એમણે એક ઠેકાણે લખ્યું છે :–

> *"ફિર્કા પરસ્ત મઝહબી પેશવાઓની જહાલત પર મને આશ્ચર્ય એ વાત પર થાય છે કે હઝરત મુહમ્મદ (ﷺ)ની જિંદગી અને કુર્આન શરીફ પર અમલ કરવા કોશિશ કરી રહ્યા હોય તેમને પણ ફિર્કાપરસ્તો એક ફિર્કો ગણે છે. કારણ કે તેઓ "સદીઓ સુધી" ફિર્કા પરસ્તીના દૂષણમાં પડયા રહ્યાના કારણે ઈસ્લામ પોતે જ તેમના માટે એક અજનબી મઝહબ બનીને રહી ગયો છે. તેનું મુખ્ય કારણ એ છે કે તેઓ ઈસ્લામને કુર્આન હદીષ અને હઝરત મુહમ્મદ (ﷺ)ના જીવનથી જોવાના બદલે પોતાના મઝહબી પેશવાઓના અમલથી જોતા હોવાથી ઈસ્લામ તેમને કેમ કરીને સમજાય."*
> *(અંજુમન વોઈસ, પેજ–૧૬, મે–૨૦૧૦)*

★ ફિર્કાબંદી વિશે હદીષની સ્પષ્ટતા ★

**હે લેખક મહાશય ! તમે પણ જો ઈસ્લામને કુર્આન હદીષથી સમજ્યો હોત તો આવુ ગુમરાહકુન લખાણ ન લખત ! પણ તમે ઈસ્લામને તમારા ગુમરાહ બેદીન પેશવા મૌલાના મૌદૂદીના કથનોથી તથા અમલથી જોયો જેથી તમે પણ ઈસ્લામથી અજનબી રહ્યા અને ઈસ્લામ પરસ્ત થવાને બદલે "મૌદૂદી પરસ્ત" થઈને રહી ગયા !** આવો ! ફિર્કાબંદી ક્યાંથી શરૂ થઈ અને ઈસ્લામના ક્યા ક્યા મહાન પેશવાઓએ (જેમને તમે ફિર્કા પરસ્ત કહી રહ્યા છો) ઈસ્લામથી આઉટ થનાર ફિર્કાઓની ઓળખ આપી તેને સંક્ષિપ્તમાં જોઈ લો.

સૌ પ્રથમ તો ફિર્કા થવું યકીની છે, એ અલ્લાહના ગયબદાં રસૂલ ﷺના ફર્માનથી જ સાબિત છે. જો અત્રે રજૂ થતી હદીષો ખોટી હોય તો સાબિત કરી આપો અથવા તો કહી આપો કે અમે તો અમારા મુલ્લા મૌલાના મૌદૂદી કહે તે જ વાત માનીએ ! કુર્આન હદીષ નહીં ! (મઆઝલ્લાહ !)

નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, **"મારી ઉમ્મત ૭૩ ફિર્કાઓમાં વહેંચાઈ જશે, બધા જ દોઝખી છે માત્ર એક જન્નતી છે.** સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! તે જન્નતી ફિર્કો કયો છે ? આપે ફર્માવ્યું, જેના પર હું અને મારા સહાબા છીએ." *(તિર્મિઝી શરીફ, પેજ-૮૯)*

અબૂ દાઊદ શરીફમાં છે : હઝરત મઆવિયહ ઈબ્ને સુફયાન رضی اللہ عنہ થી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺ અમારી દરમ્યાન ઉભા થયા તો આપે ફર્માવ્યું કે તમારી પહેલાં અહલે કિતાબ હતા તેઓ ૭૨ ફિર્કાઓમાં વહેંચાઈ ગયા અને **આ ઉમ્મત ૭૩ ફિર્કાઓમાં વહેંચાઈ જશે એમાંથી ૭૨ જહન્નમી છે અને એક જન્નતી છે અને તે "અલ જમાઅત" છે.** *(અબૂ દાઊદ, ૨/૬૩૧)*

બીજી હદીષમાં છે : **"આ ઉમ્મત ૭૩ ફિર્કા થઈ જશે, એક ફિર્કો જન્નતી હશે બાકી સૌ જહન્નમી.** સહાબાએ અર્ઝ કરી, તે નજાત પામનાર ફિર્કો કોણ છે ? ફર્માવ્યું, તે જેના પર હું તથા મારા સહાબીઓ છે એટલે **'એહલે સુન્નત'** છે. *(અબૂ દાઊદ, ૨/૬૩૧)*

ઉપરોક્ત હદીષમાં 'ઉમ્મત'થી મુરાદ 'ઉમ્મતે ઈજાબત' (જે કલ્મો સ્વીકારી ચૂકી) છે અને ફિર્કાથી મુરાદ 'અકીદાના મતભેદો' છે. મુહક્કિકે અલલ ઈત્લાક હઝરત શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એનું વિવેચન કરતાં 'અશિઅતુલ લમ્આત'માં જણાવે છે કે, "જે લોકો નબી કરીમ ﷺ પર ઈમાન લાવ્યા, આપનો કલ્મો પઢે છે, ઈસ્લામનો જ દાવો કરે છે, કિબ્લા તરફ મોઢું કરી નમાઝ પઢે છે. (તે સર્વ ફિર્કાઓ આ હદીષમાં સામેલ છે)

આ પરથી એ પણ જાણવા મળ્યું કે કલ્મો પઢવો, ઈસ્લામના દાવેદાર હોવું, કિબ્લા તરફ નમાઝ પઢવું તથા હુઝૂર ﷺની જેમ જિંદગી તથા કુર્આન શરીફ પર જાહેરી રીતે અમલ કરતા હોવાનું જણાવું, આ સર્વ વાતો ફાયદામંદ ત્યાં સુધી થશે નહીં જ્યાં સુધી તેમના અકીદા કુર્આન હદીષ પ્રમાણેના ન હોય.

★ અન્ય ફિર્કા અહલે સુન્નતથી ખારિજ શાથી થયા ? ★

હવે આવો અને જુઓ કે આપણા મઝહબી પેશવાઓએ કોઈને આડેધડ કાફિર કહેલ છે કે કુર્આનના હુકમો અનુસાર તેઓ કાફિર ઠર્યા છે ? સૌ પ્રથમ **"ખારજી"** ફિર્કાની વાત કરીએ, તેમણે નવો અકીદો ઘડયો કે : "કબીરા (મોટા) ગુનોહ કરવાથી મુસલમાન કાફિર થઈ જાય છે અને તેની કદી પણ બખ્શિશ થઈ શકતી નથી." આ અકીદો કુર્આનની આ આયતની વિરૂદ્ધ છે : (અર્થ) : **બેશક ! અલ્લાહ** عزوجل **બખ્શતો નથી કે તેનો કોઈ શરીક (ભાગીદાર) ઠરાવવામાં આવે, અને બખ્શી આપે છે તેનાથી**

**ઉ■રતા ગુનાહોને."** *(સૂ. નિસાઅ, પારા–૫, આયત–૪૮)* એટલે કે કુર્આનમાં છે કે અલ્લાહ શિર્ક સિવાય■ા ગ■ ■વા નાના કે મોટા ગુનાહને ચાહે તો બખ્શી આપે છે જ્યારે "ખારજી" એનો ઈન્કાર કરે છે ■ ને કુ■ર્આનની આયતને ન માનનાર કાફિર છે. અન્ય પણ કુર્આન વિરુદ્ધ તેમના અક઼ીદા છે.

આ દષ્ટાંત પરથી 'અંજુમન વોઈસ' મંથલીના એ લેખક મહાશય સમજી લે કે અમારા પૂર્વજ બુઝુર્ગો જેઓ કુર્આન હદીષના નિષ્ણાત હતા, પંતુજી ન હતા ! તો તેમણે કુર્આની આયતના ન માનવાના કારણે ખારજીઓને કાફિર ઠરાવ્યા અને એને બાતિલ ફિર્કો ગણાવ્યો. **હવે તમે એમનાથી અધિક કુર્આન હદીષ જાણતા હોઉ તો ખારજીઓની વહારે જાવ અને એ ફિર્કો ન રહે માટે તેમને મુસલમાન સાબિત કરી આપો !** નહીં તો કેવળ છીછરૂ જ્ઞાન તથા મૌદૂદીની ચોપડીઓ વાંચીને ઈસ્લામના નિષ્ણાત થવાનો ડોળ રહેવા દો. અને મઝહબી પેશવાઓને ફિર્કા પરસ્ત તથા જાહિલ કહેવાનું માંડીવાળી પોતે ખૂદ જહાલતના સરદાર છો તે કબૂલી છો.

આવો ! એક અધિક દષ્ટાંત બાતિલ ફિર્કાના ઉદભવ થવા સંબધે જોઈ લઈએ. વાસિલ બિન અતા નામનો માણસ કે જેના હાથ નીચે છ લાખ માણસો મુસલમાન થયા હતા. પણ તેની મતિ મારી ગઈ અને તેણે નવો અક઼ીદો ઘડયો કે : "કબીરા ગુનોહ કરનાર માણસ ન તો કાફિર છે ન મુસલમાન." જ્યારે કે અસલમાં માણસ બે જ પ્રકારના હોય છે, ક્યાં તો મુસલમાન ક્યા તો કાફિર, કુફ્ર કે ઈમાન બેમાંથી કોઈ એકના ઉપર હશે, ત્રીજો કોઈ માર્ગ જ નથી. પણ એણે કુર્આન હદીષ વિરૂદ્ધ નવી માન્યતા ઘડી જેથી **હઝરત ઈમામ ખ્વાજા હસન બસરી** رحمۃ اللہ علیہ એ આ ફિર્કાને જમાઅતે હક્ક઼ અહલે સુન્નતથી બહાર દર્શાવ્યો કે, "બેશક ! તે અમારાથી જુદો થઈ ગયો !" જે **"મોઅતઝલા"** ફિર્કા તરીકે ઓળખાયો. આ ફિર્કાએ "ગુનેહગારને જહન્નમમાં મોકલવાનુ અને નેકોકારને જન્નતમાં મોકલવાનુ અલ્લાહ પર વાજિબ ઠરાવ્યું. (એટલે અલ્લાહે એવું કરવું જ પડે છૂટકા વિના !)" જ્યારે કે હક઼ીક઼તમાં અલ્લાહ પર કોઈ ચીજ વાજિબ નથી, જે ચાહે તે કરે. જેથી એમાં પણ કુર્આનની ઘણી આયતોનો ઈન્કાર થાય છે જેમ કે : "અલ્લાહ દરેક વસ્તુ કરવા શક્તિમાન છે." (જે ચાહે તે કરી શકે છે, તેના પર કોઈ ચીજ વાજિબ નથી). *(સૂરએ બકરહ, આયત–૨૦)* વળી અલ્લાહની સિફતોનો ઈન્કાર કરતાં કહ્યું, "તે કામોનો ખાલિક નથી." જ્યારે કુર્આનમાં છે : "અલ્લાહ તઆલાએ તમને તથા તમારાં કાર્યોને પેદા કર્યા." *(પારા–૨૩, સૂરએ સાફ્ફાત, આયત– ૯૬)*

એમાં આ આયતોને ન માનવું સાબિત થાય છે જેથી આ ફિર્કો પણ અહલે સુન્નતથી અલગ થઈ જહન્નમી ફિર્કાઓમાં જતો રહ્યો. એ જ પ્રમાણે **અન્ય ફિર્કા જે અહલે સુન્નતથી અલગ થયા તે આ જ પ્રમાણે કુર્આન હદીષ વિરૂદ્ધ નવા ગુમરાહ અક઼ીદાઓ કાઢવાને કારણે જ થયા, જેમ કે મુરજીયા, શીઆ, વહાબી તથા તેની શાખો વગેરે.** અને જે તે સમયના મહાન ઈમામોએ કુર્આન હદીષની રૂએ તેમના અક઼ીદાઓની સ્પષ્ટ ખામીઓ દર્શાવી, તેમને તૌબા કરવા દરખાસ્તો કરી અને જ્યારે તેમણે તૌબા ન કરી અને કુર્આન હદીષ વિરૂદ્ધ અક઼ીદાઓ પર જામી ગયા ત્યારે પબ્લિકને ગુમરાહ થતી બચાવવા તેમની ઓળખ આપી લોકોને ચેતવ્યા. વળી સર્વ ફિર્કાવાળા જાહેરી રીતે તો હઝરત મુહમ્મદ (ﷺ)ની જિંદગી તથા કુર્આન શરીફ પર અમલ કરવા કોશિશ કરતા જ જણાતા હોય છે પણ હક઼ીક઼તમાં તેમના અક઼ીદા કુર્આન હદીષ વિરુદ્ધ હોવાથી જ તેમને ઈસ્લામથી ખારિજ દર્શાવાયા છે. કોઈ આડેધડ કાફિર નથી કહેવાયા, જેવું કે તમે આડેધડ આક્ષેપબાજી કોઈ દલીલ વિના આ લેખમાં કર્યે રાખી છે. **અમારી તમને ચેલેંજ છે કે જો આગલા મઝહબી પેશવાઓએ જેમ કે તમે લખ્યું કે, "સદીઓથી ફિર્કાપરસ્તીના દૂષણમાં પડયા રહ્યા" હોવાથી તેમણે ખારજી, રાફજી, શીઆ,**

❁❁❁❁❁❁❁❁❁❁❁❁❁❁❁❁❁❁❁❁❁❁❁❁❁

**મો અતઝલા, મુરજીયા, વહાબી વગેરેને આડેધડ કાફિર ફિર્કા કહી દીધા, તો એ ફિર્કાઓને કુર્આન હદીષની રૂએ તમો મુસલમાન સાબિત કરી બતાવો ! નહીં તો તરંગી ટુક્કાઓથી માસિકોના પાનાં કાળાં કરી દિલની ખારાશ તથા પોતાની જેહાલત તેમાં ઠાલવવાનું બંધ કરો.**

પેજ નં ૧૭ પર આ લેખક મહાશયે લખ્યું છે કે :–

*"ફિર્કાપરસ્ત આલિમોએ મોટા ભાગે અડસાચડસીમાં અથવા હસદમાં જ એકબીજાને કે અન્યને ફિર્કા હોવાના ફત્વા આપ્યા છે........." (અંજુમન વોઈસ, પેજ–૧૭, મે–૨૦૧૦)*

તો ઉપરોક્ત લખાણમાં થયેલ સ્પષ્ટતા મુજબ એમની આ વાત પણ સરાસર જેહાલત તથા ગલત સાબિત થઈ રહી છે, કેમ કે આપણા પૂર્વજ મઝહબી પેશવાઓએ સચોટ દલીલો સાથે કુર્આન હદીષ વિરુદ્ધ નવા અકીદા કાઢનારને જ અહલે સુન્નત વ જમાઅતથી બહાર દર્શાવ્યા છે તથા ઈસ્લામથી ખારિજ જણાવ્યા છે, અને જહન્નમી ફિર્કામાં ગણાવ્યા છે જેની આગાહી ગયબદાં નબી ﷺએ કરી હતી.

## ★ પૂર્વજ સૂફીઓથી જ હિંદમાં ઈસ્લામની બોલબાલા છે ★

આ મૌલાના મૌદૂદી પરસ્ત એવા તરંગી લેખક મહાશય "અંજુમન વોઈસ" મે–૨૦૧૦માં એક ઠેકાણે લખે છે :–

*"**.....ઈસ્લામમાં સૂફીઈઝમના આરંભ પછીથી હિંદુઓના ગુરૂ ચેલા જેવી પીરી મુરીદીની પ્રથા પ્રવેશી ત્યારથી** જેમને બુદ્ધિશાળી મુરીદો નહીં પણ બુદ્ધુ મુરીદોની જરૂર હતી એવા ઈસ્લામથી અંજાણ પીર મુર્શિદો અને તેમના ચેલકા બનેલા મુલ્લા, મોલ્વીઓ પોતાના મોઢેથી નીકળેલા શબ્દોને **બ્રાહ્મણોની જેમ બ્રહ્મવાક્ય** સમજવા લાગ્યા. સાથે તેમને મુસલમાનો પણ એવા જ કહ્યાગરા મળી ગયા કે મૌલાના ફત્વો આપે કે ફલાણો કાફર છે તો કાફર અને મૌલાના ફત્વો આપે કે ફલાણો ફિર્કો ઉભો થયો છે તો તે અલગ ફિર્કો !" (અંજુમન વોઈસ, પેજ–૧૭, મે–૨૦૧૦)*

આ લખાણમાં નીચેની લાઈનોમાં કાફર કહેવા તથા ફિર્કા વિશે જે વાતો છે તેના વિશે તો ઉપર સ્પષ્ટતા થઈ ગઈ છે પણ એના ઉપરનું લખાણ આ લેખક મહાશયની "સૂફીઈઝમ" એટલે "તસવ્વુફ"ના જ્ઞાનથી અજ્ઞાનતાની ચાડી ખાય છે તથા તેમનો આ આક્ષેપ કેવા કેવા મહાન બુઝુર્ગોને હિંદુઓના ગુરૂ ચેલા સાથે સરખાવે છે તે જોઈ લો. **સૂફીઈઝમવાળા તથા સૂફીઓ તે અલ્લાહના સાલેહ બંદાઓ છે જેઓ કુર્આન હદીષના આદેશો મુજબ દિલની સફાઈ તથા સર્વ બુરાઈથી લાલચો લાલશાઓથી દૂર રહી અલ્લાહને રાજી કરવામાં લાગેલા રહી અન્યને તેમાં લાગી જવાની તા'લીમ આપે છે,** અલ્લાહ વ રસૂલની મહોબ્બતમાં ડૂબીને રબની ઈબાદતમાં દુનિયાવી લાલચોને ત્યજીને લાગી જવાની તા'લીમ આપે છે. એક અલ્લાહની ઈબાદત તથા તેના મહબૂબ ﷺની મહોબ્બતમાં ડૂબી જવાનું શીખવાડે છે, **તેમને શિર્ક કરનારાઓ સાથે આંખો મીંચી સરખાવી દેવું તથા કુર્આન હદીષની વિરુદ્ધ એક શબ્દ ન ઉચ્ચારનાર પવિત્ર સૂફીઓને શિર્કમય જીવન જીવતા બ્રાહ્મણો સાથે સરખાવી તેમની વાણીને બ્રહ્મ વાક્ય કહેવું આવી કૂમતિ કોઈ બદ્‌બખ્તને જ નસીબ થઈ શકે છે !**

શું કહેવું છે આ લેખક મહાશયનું અતાએ રસૂલ સુલ્તાનુલ હિંદ **ખ્વાજા ગરીબ નવાઝ** હઝરત મોઈનુદ્દીન ચિશ્તી સંજરી અજમેરી رحمۃ اللہ علیہ વિશે ? **શું એમની પીરી મુરીદી હિંદુઓના ગુરૂ ચેલા જેવી હતી ? એમના મુરીદો બુદ્ધુ હતા ? તથા એમનાં કથનો બ્રાહ્મણો જેવા બ્રહ્મ વાક્ય જેમ હતાં ?!**

એમના જીવનનો અભ્યાસ કરી લો કે આ સૂફીઈઝમના મહાન પેશવા, રાહે તરીકતના અનોખા મુસાફિરનું **કોઈ કથન તથા અમલ બતાવી આપો જે કુર્આન હદીષ વિરુદ્ધનું હોય !** અને યકીનન ! નથી બતાવી શકતા, તો પછી તમારા આ શબ્દોને પાછા ખેંચી લો અને ગુમરાહીથી તૌબા કરી લો. અખંડ ભારતમાં સુલ્તાનુલ્ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ, હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી, હઝરત નિઝામુદ્દીન ઔલિયા, હઝરત બંદા નવાઝ ગેસૂ દરાઝ, હઝરત ફરીદુદ્દીન ગંજ શકર, હઝરત દાતા ગંજ બખ્શ લાહોરી, હઝરત નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી, હઝરત સાબિરપિયા કલિયરી, હઝરત મુજદ્દિદે અલ્ફેષાની, હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સમનાની....વગેરે (رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ) પુષ્કળ બુઝુર્ગો તથા સૂફીઈઝમના પેશવાઓ ન આવ્યા હોત તો તમારા બાપ દાદાઓ મુસલમાન ન હોત બલ્કે એ જ જે તમે દર્શાવ્યા તેવા ગુરૂ ચેલા રહી શિર્કમાં સબડતા હોત. વાંચો હિંદુસ્તાનના સૂફીઓના ઈતિહાસને પછી ''સૂફીઈઝમ'' વિશે કાંઈ બોલો. બલ્કે પૂરી દુનિયામાં ફેલાયેલા સૂફીઓ જેમ કે હઝરત ખ્વાજા હસન બસરી, હઝરત બાયઝીદ બોસ્તામી, હઝરત ઈબ્રાહીમ બિન અદહમથી લઈને ગૌષે આ'ઝમ બગદાદી, હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની તથા અત્યાર સુધીના **સાચા બુઝુર્ગો સૂફીઓના જીવનોને તપાસો કે તેમણે ક્યા બુદ્ધુ મુરીદોની લાલચ રાખી હતી ?! અને એ પીરો મુર્શિદો વિશે સાબિત કરી આપો કે એઓ ઈસ્લામથી અંજાણ હતા.** અને કયામત સુધી તમે એ મહાન સૂફીઓ વિશે એવું સાબિત નહીં જ કરી શકો, જેથી તમારી ભલાઈ એમાં જ છે કે મૌદૂદીના છીછરા પાણીમાં છબછબીયાં કરવાનું પડતુ મૂકી રૂહાનિયતના આ સમંદરોના જીવનચરિત્રો તથા ફર્માનો વાંચો અને ફયઝયાબ થતાં શીખો. વળી અસલ વાતને અવળા પાટે ચઢાવવા વર્તમાનકાળના કોઈક શરીઅત વિરુદ્ધ વર્તતા પીરને કે બનાવટી સૂફીને તથા તેના અજ્ઞાન મુરીદોની ટોળીને દષ્ટાંત બનાવી રજૂ ન કરશો ! બલ્કે તસવ્વુફ, સૂફીઈઝમ, સૂફીપણાના સાચા રાહીની જીવન પદ્ધતિને જ ધ્યાનમાં રાખશો તો ગુમરાહીથી બચી જશો, આજે પણ ઘણા બાશરઅ પીરો મૌજૂદ છે જ.

વળી લખે છે :–

> *''ઈસ્લામમાં ફિર્કાઓના અસ્તિત્વ અંગે* ***એક માત્ર મૌલાના મૌદૂદીએ*** *''હક્કની ગવાહી'' (સત્યની સાક્ષી) નામની પુસ્તિકામાં* ***સર્વ સ્વીકૃત હોય એવી*** સચોટ રજૂઆત કરી છે તેને જોઈએ.....'' પછી મૌદૂદીના આદેશો લખ્યા છે. *(અંજુમન વોઈસ, પેજ–૧૭, મે–૨૦૧૦)*

અન્ય આલિમ કે આલિમોનો સમૂદાય કાંઈ દર્શાવે તો તે બધા જ ખોટા અને તમારા માનીતા **મૌલાના મૌદૂદી જેમની ગુમરાહી સર્વ બહુમતિ ઉલમા થકી જાહેર થઈ ચૂકી તે જ સાચા !** તો આ તમારી **મૌદૂદી પરસ્તી** ન થઈ ?! અન્યને **પીરના બંદા–ગુલામ** કહો છો તો તમે જાતે **મૌલાના મૌદૂદીના બંદા–ગુલામ** નથી જણાતા ?! અંતમાં તમારા પ્યારા મૌલાના મૌદૂદીની થોડીક ગુમરાહીઓ જોઈ લો અને તે કુર્આન હદીષથી વિમુખ જણાય તો તૌબા કરી લો.

## ★ મૌલાના મૌદૂદીની ગુમરાહીઓની એક ઝલક ! ★

કોઈપણ વ્યક્તિની ઓળખના માટે ઘરની ગવાહીથી વધીને કોઈ મહાન સાક્ષી ન થઈ શકે. **જનાબ મૌલાના કૌષર નિયાઝી જે એક સમયે પાકિસ્તાની જમાઅતે ઈસ્લામીના મજલિસે શૂરાના સભ્ય રહી ચૂક્યા છે અને લાહોર ક્ષેત્રના અમીર તથા નિગરાં પણ** તથા સાપ્તાહિક ''શહાબ''ના માલિક તથા તંત્રી પણ છે. તેમના મૌલાના મૌદૂદીને સંબોધીને શિકાયત કરતા એક પત્રના અમુક મુદ્દાઓ આ પ્રમાણે છે :–

★ *હું જે વાતોને શરીઅતની રૂએ દુરુસ્ત જાણતો ન હતો પણ કેવળ જમાઅતી ક઼ાનૂનો તથા બંધારણના કારણે એ ગુનાહ પર મજબૂર થઈ ગયો કે હવે તેનું પ્રતિનિધિત્વ કરું.*

★ *આપણે પોતાની ઈજતેહાદી રાયને નસ (કુર્આની દલીલ)નો દરજ્જો આપીને તેના પર ટીકા કરવામાં પાછી પાની ન કરી.*

★ *આપણે નોટ પર કાઈદે આ'ઝમની તસ્વીર છાપવા પર સખત નારાજ હતા. પ્રમુખના ઈલેક્શનમાં આપણા કાર્યકરોએ તેમની બહેન "ફ઼ાતિમા જિન્નાહ"ના ફોટાઓ ગલી ગલી વહેંચ્યા.*

★ *આપણા મોટેરાઓની બેગમો તે જલસાઓમાં પ્રવચન કરે છે.*

★ *અમાનતો વેડફાઈ રહી છે, ઉશ્ર તથા ઝકાતની રકમો કેવળ રાજનૈતિક તથા ઈલેક્શનની પ્રવૃત્તિઓ અને કાયમી કાર્યકરોના પગારોમાં ખર્ચ કરવામાં આવી રહી છે. –નિયાઝી (બહવાલા કિતાબ શીશ મહલ)*

આ ઈ.સ. ૧૯૬૫ની વાતો છે જે મૌલાના નિયાઝીએ મૌલાના મૌદૂદીને શિકાયત રૂપે લખી હતી. જેના પરથી ખયાલ આવે છે કે વાત વાતમાં કુર્આન હદીષ પર ચાલવાની વાતો કરનાર આ મૌદૂદી જમાઅતની અસલિયત શું છે, એમના ઉપરોક્ત અમલો શું કુર્આન હદીષ મુજબ હતા ?! હજી આગળ વધો અને મૌદૂદીની અસલિયત જાણો.

મૌલાના મૌદૂદી લખે છે :–

*"આજકાલની મેડિકલ કોલેજો અને નર્સિંગનાં ટ્રેનિંગ સેન્ટરો તથા હોસ્પિટલોમાં મુસલમાન છોકરીઓને મોકલવાથી* ***લાખ દરજ્જા બેહતર એ છે કે તેણીઓને ક઼બ્રમાં દફ્ન કરવામાં આવે.*** *વર્તમાન ગર્લ્સ કોલેજોમાં જઈને તા'લીમ હાંસલ કરવા અને પછી શિક્ષિકાઓ બનવાનો મામલો પણ એનાથી ઘણો જ અલગ છે." (રસાઈલો મસાઈલ, ૧/૧૩૨, અઝ : મૌદૂદી)*

મૌલાના મૌદૂદીને ખૂબ જ નજીકથી જોનાર ક઼ારી અબ્દુલ હમીદ પોતાની કિતાબ, "ઈન્કેશાફ઼ાત"માં જણાવે છે કે, જો અબૂ ફરેબ, મક્કાર, મુલ્લા મૌદૂદીનો આ ફત્વો શરીઅત મુજબનો છે અને પ્રમાણિક્તા તથા નિખાલસતા પર આધારિત છે તો પછી બતાવે કે **પોતાની પુત્રીઓને બી.એ. તથા એમ.એ. કઈ આસ્માની કોલેજોમાં મોકલીને કરાવી ? શું આનુ નામ બદ્અમલી નથી ?** અને શું ઈસ્લામની પેશવાઈનો ઘમંડ રાખનાર અને આલમે ઈસ્લામમાં "તજદીદે અહયાએ દીન" તથા "ઈક઼ામતે દીન"ના ઝંડાધારી અને દાવેદારના માટે **આ વાત શરમજનક તથા લા'નત પાત્ર નથી ? કે પોતાના પુત્રો તથા પુત્રીઓને પણ ગૈર શરઈ તથા ગૈર ઈસ્લામી મકરૂહતરીન ઉઘાડો અને અર્ધનગ્ન લિબાસ પહેરાવે અને તેમને ખુશીપૂર્વક પોતાના ઘરોમાં પણ રાખે અને અન્ય બુઝુર્ગો તથા વલીઓ પર ટીકા ટીપ્પણ કરે તથા આંગળી ચીંધે !** *(ઈન્કેશાફ઼ાત, પેજ–૯૪, બહવાલા : શીશ મહલ)*

## ★ મૌલાના મૌદૂદીની ખતરનાક "મૈં" ! ★

મૌલાના મૌદૂદીની ખતરનાક "મૈં"ને સમજતાં પહેલાં કુર્આન હદીષની સમજ શું ચીજ છે ? **કુર્આનની તફસીર કેટલો નાઝુક વિષય** છે તેને સમજી લઈએ :–

હઝરત ઈમામ જલાલુદ્દીન સ્યૂતી رحمة الله عليهએ તફસીરે દુર્રે મન્ષૂરમાં સૂરએ અલ આદિયાતમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضي الله عنهماની આ રિવાયત નકલ કરી છે કે હું (હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ) હતીમમાં બેઠો હતો તેવામાં એક શખ્સે મને **વલ આદિયાતિ દબ્હન** સંબંધે પૂછયું તો મેં તેને

કહ્યું કે, "તે ઘોડા છે જે જેહાદમાંથી રાત્રિઓમાં પાછા ફરે છે." પેલો શખ્સ મારી પાસેથી હઝરત અલી કર્રમલ્લાહુ વજહુલ કરીમ પાસે ગયો. હઝરત મૌલા અલી કર્રમલ્લાહુ વજહુલ કરીમ ઝમઝમની પરબ પાસે બેઠેલા હતા તેમને અલ આદિયાતિ દબ્હન વિશે પૂછયું તો આપે પેલા શખ્સને કહ્યું કે, શું આ અગાઉ તમે કોઈને પૂછી ચૂકયા છો? પેલાએ કહ્યું : હા ! હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસને પૂછી ચૂકયો છું અને તેમણે **અલખૈલુલુ હીન તુગીરુ ફી સબીલિલ્લાહ** (ત્યારે ઘોડાઓ અલ્લાહ તઆલાના માર્ગે જેહાદ પર જાય છે) કહ્યું હતું. હઝરત અલી કર્રમલ્લાહુ વજહુલ કરીમ એ પેલા શખ્સને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ તઆલા અન્હુમાને બોલાવી લાવવા કહેતાં પેલો શખ્સ તેમને બોલાવી લાવ્યો અને આપ (હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ) હઝરત અલી પાસે ઉભા થઈ ગયા ત્યારે હઝરત અલીએ તેમને કહ્યું ! **અતુફતિન્નાસ બિમા લાઇલ્મલક** (શું તમે જે નથી જાણતા તેના માટે લોકોને ફત્વા આપો છો ?) ખુદાની કસમ ! પહેલો ગઝવહ ઈસ્લામમાં બદરનો હતો અને અમારી સાથે બે જ ઘોડા હતા, જેમાંનો એક ઝુબૈરનો અને મીકદાદનો. તો પછી ઘોડા **અલ આદિયાતિ દબ્હન** કઈ રીતે થઈ શકે છે ? આ તો અરફાતથી મુઝદલફા અને મુઝદલફાથી મીનાનું આગમન છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ તઆલા અન્હુમા ફર્માવે છે કે, મેં મારો કૌલ છોડયો અને હઝરત અલી કર્રમલ્લાહુ વજહુલ કરીમનો ઈર્શાદ અપનાવ્યો.

હદીષની કિતાબોમાં જોવામાં આવ્યું છે કે જ્યારે સહાબીઓ કુર્આનની કોઈ વાત સમજવામાં મુંઝવણ અનુભવતા ત્યારે તેઓ હઝરત આઈશા સિદ્દીકા રદિયલ્લાહુ અન્હા વિગેરેની ખિદમતમાં હાજર થઈ પોતાના પ્રશ્નો હલ કરતા.

**જ્યારે અહલે ઝબાનની આ હાલત હતી તો પછી કોઈ નથ્થુ ખયરૂ બુધ્ધુને કુર્આન તથા હદીષમાં પોતાનો મત પ્રદર્શિત કરવાનો શું હક્ક છે ?** આજે લોકોની ગુમરાહી સહાબાએ કિરામ અને ઈમામોનો પવિત્ર દામન છોડવાને પરિણામે અને સાથોસાથ કુર્આન તથા હદીષના મનઘડત મતલબો બયાન કરવાના સબબે છે.

હવે મૌલાના મૌદૂદી જેમના વિશે તેમના સમકાલિનોએ જણાવ્યું કે એ અરબીમાં મામૂલી તાલિબે ઈલ્મ જેટલી હૈસિયત ધરાવતા ન હતા ! તે મૌલાના મૌદૂદી પોતે શું કહે છે તે જુઓ ! લખે છે :–

*"કુર્આન તથા સુન્નતની તા'લીમ સૌના પર અગ્રસ્થાને છે પણ તફસીર તથા હદીષના પૂરાણા ઝખીરાથી નહીં." (તન્કીહાત, પેજ–૧/૩)*

બીજે ઠેકાણે લખે છે :–

*"...........મેં એમાં કુર્આનના શબ્દોને ઉર્દૂનો લિબાસ પહેરાવવાના બદલે એવી કોશિશ કરી છે કે કુર્આનની એક ઈબારત (લખાણ)ને પઢીને **જે ભાવાર્થ મારી સમજમાં આવે છે** અને **જે અસર મારા દિલ પર પડે છે** તેને શકય ત્યાં સુધી પોતાની ભાષામાં રજૂ કરી દઉં."*

*–(તફહીમુલ કુર્આન, પ્રસ્તાવના, ભાગ–૧, તફસીર લખવાના સબબોમાં)*

**નોંધ** : મૌદૂદી સાહબનો કુર્આનનો અભ્યાસ એ વાતનો પાબંદ નથી કે આયતના હેઠળ રસૂલે ખુદા રૂહી ફિદા સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ એ શું વાત દર્શાવી છે અથવા અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ અને આમ સહાબા તથા ખુલફાએ રાશિદીનથી શું નકલ થયેલ છે ! આ બધું તેમની નજરમાં **પૂરાણો ભંડાર** અને **એક ઘસાયેલી કહાની** છે બલ્કે હવે તે જે કાંઈ પોતાની કૌમને આપવા ચાહે છે તે એ કે કુર્આનની તિલાવતથી તેમના દિમાગે શું તારવ્યું અને દિલે શું સ્વીકાર્યું ! સવાલ કરી શકાય છે કે શું **નબુવ્વતની દર્સગાહના તર્બિયત પામેલા**

**સહાબા સુધ્ધાં પણ હક્કના માપદંડ નથી તો પછી એની શું ગેરંટી કે જે તમારા દિલો દિમાગે સ્વીકાર કર્યું હોય તે સોળ આના સહીહ છે ?** જેને મનાવવામાં તમે તથા તમારી જમાઅતના પદારદારો અને કર્મચારીઓ એડી ચોટીનું જોર લગાડી દે છે !"

મૌલાના મૌદૂદીની નજરમાં બુખારી શરીફનું શું સ્થાન છે તે પણ જોઈ લો ! :–

*"એ દાવો કરવો ઠીક નથી કે બુખારીમાં જેટલી હદીષો લખેલી છે તેના લખાણોને પણ જેમનાં તેમ ટીકા ટીપ્પણ વિના સ્વીકારી લેવામાં આવે. એના અનુસંધાનમાં એ વાત પણ જાણી લેવાની છે કે કોઈ રિવાયતના સનદની રૂએ સહીહ સાબિત થવાથી એ જરૂરી નથી થતું કે તેનું અસલ લખાણ પણ દરેક લેહાઝથી સહીહ અને યથાવત સ્થિતિમાં સ્વીકારવા પાત્ર હોય." –(રસાઈલો મસાઈલ, ભાગ–૨, પેજ–૪૧, અમુક હદીષો પર વાંધા અને તેના જવાબોના વિષયમાં, અઝ : મૌદૂદી)*

હદીષોની હૈસિયત મૌદૂદીની દષ્ટિએ શું છે તે જુઓ :–

*લખે છે, "આ કાણો દજ્જાલ વગેરે તો કહાનીઓ છે ! જેમાં કોઈ શરઈ હૈસિયત નથી."*
*(રસાઈલો મસાઈલ, ૧/૨૬, અઝ : મૌદૂદી)*

કુર્આન–હદીષના કાનૂનોને જુલ્મ ઠરાવનાર મૌલાના મૌદૂદીની મરદૂદ વાણી જોઈ લો :–

*લખે છે, "જ્યાં સ્કૂલોમાં, ઓફિસોમાં, કલબોમાં તથા હરવા ફરવાના સ્થળોમાં એકાંત તથા જાહેરમાં દરેક સ્થળે યુવાન પુરૂષો અને બની ઠની સ્ત્રીઓને મુકતપણે મળવા જુલવા અને સાથે ઉઠવા બેસવાનો મોકો મળે છે, જ્યાં દરેક બાજુ સેકસી પ્રવૃત્તિઓ ફેલાયેલ હોય, અને* ***પતિ પત્નીના સંબંધ વિના ખ્વાહિશોના સંતોષ માટે દરેક પ્રકારની સહુલતો પણ મૌજૂદ હોય,*** *જ્યાં અખ્લાકનું સ્તર પણ એટલુ નિમ્ન હોય કે* ***નાજાઈઝ સંબંધોને કાંઈ ઐબદાર ન સમજવામાં આવતા હોય*** *એવી જગાએ ઝિના અને કઝફ (ઝિનાના આક્ષેપ)ની શરીઅત મુજબની હદ (સજા) લાગુ કરવી* ***નિઃશંક જુલ્મ થશે."*** *(તફહીમાત, પેજ–૨૮૧, ભાગ–૨, મૌદૂદી)*

**નોંધ** : કુર્આન તથા હદીષમાં ઝિના (વ્યભિચાર)ની શિક્ષા માટે કોઈ વાતાવરણ કે માહોલની શરતો નથી, પણ આ મૌદૂદી **નવી શરીઅત** કાઢીને કુર્આન હદીષના હુકમોને ખોટા ઠરાવી રહ્યા છે !

નબુવ્વતના મકામની બેઅદબી કરતાં મૌદૂદી લખે છે :–

*"દરેક શખ્સ ખુદાનો બંદો છે મો'મિન પણ અને કાફિર પણ, એટલે સુધી કે* ***જેવી રીતે એક નબી એવી રીતે શયતાન રજીમ પણ."*** *(તર્જુમાને કુર્આન)*

આ સિવાય અલ્લાહને "ચાલબાઝ" તથા નબી ﷺને ચરવાહા, અભણ જંગલવાસી તથા અન્ય નબીઓની, ખુલફાએ રાશિદીનની, અન્ય સહાબાની, ઈમામોની, મુહદ્દિષોની, મુજદ્દિદોની, વલીઓની, મોહક્કિકો, મુફક્કિરો, મુફસ્સિરો સર્વની ટીકાઓમાં તથા ગુસ્તાખીઓમાં એમણે લખાણો લખ્યાં છે. (જેમને વિગતવાર જોવું હોય તેઓ દયાદરાથી કિતાબ "જમાઅતે ઈસ્લામીનો શીશ મહેલ" મંગાવે.) જેના પરથી કહેવાતી "જમાઅતે ઈસ્લામી"ની ગુમરાહી દરેક ન્યાયપ્રિય વાંચકની સમજમાં આવી શકે છે. જેથી સમજી લો કે "અંજુમન વોઈસ" (મંથલી) પણ એ જ મૌદૂદીની રાહે ચાલતુ મૌદૂદી જમાઅતનું અને મૌદૂદીનું વફાદાર માસિક છે, એનો ખ્યાલ રાખી એમની બેદીન કરનારી તથા બુઝુર્ગો તથા ઈમામોથી બેઝાર કરી તેમની ગુસ્તાખી શીખવાડતી તા'લીમથી સાવધાન રહેશો.

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

وَاَحَلَّ اللّٰهُ الْبَيْعَ وَحَرَّمَ الرِّبٰوا ۭ
فَمَنْ جَاۗءَهٗ مَوْعِظَةٌ مِّنْ رَّبِّهٖ فَانْتَهٰى فَلَهٗ مَا
سَلَفَ ۭ وَاَمْرُهٗٓ اِلَى اللّٰهِ ۭ وَمَنْ عَادَ فَاُولٰۗىِٕكَ
اَصْحٰبُ النَّارِ ۚ ھُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿٢٧٥﴾ يَمْحَقُ اللّٰهُ الرِّبٰوا
وَيُرْبِي الصَّدَقٰتِ ۭ وَاللّٰهُ لَا يُحِبُّ كُلَّ كَفَّارٍ اَثِيْمٍ ﴿٢٧٦﴾
اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَاَقَامُوا الصَّلٰوةَ
وَاٰتَوُا الزَّكٰوةَ لَھُمْ اَجْرُھُمْ عِنْدَ رَبِّهِمْ ۚ وَلَا خَوْفٌ
عَلَيْهِمْ وَلَا ھُمْ يَحْزَنُوْنَ ﴿٢٧٧﴾

**ત.....ર્જુ.....મો.....**

જ્યારે કે હલાલ ફર્માવી અલ્લાહ તઆલાએ તિજારત (વેપાર)ને અને હરામ કર્યું સૂદ (વ્યાજ)ને[૩૭૪] તો જેની પાસે આવી નસીહત પોતાના રબની તરફથી તો તે (વ્યાજથી) રોકાઈ ગયો તો જાઈઝ છે તેના માટે જે ગુજરી ચૂક્યું અને તેનો મામલો અલ્લાહને સુપ્રત છે. અને પછી જે શખ્સ વ્યાજ ખાવા લાગે તો એ લોકો દોઝખી છે તેઓ તેમાં હમેશાં રહેશે. મિટાવે છે[૩૭૫] અલ્લાહ તઆલા વ્યાજને અને વધારે છે ખયરાતને[૩૭૬] અને અલ્લાહ તઆલા દોસ્ત નથી રાખતો દરેક નાશુક્રા ગુનેહગારને, બેશક ! જે લોકો ઈમાન લાવ્યા અને કરતા રહ્યા સારા અમલ અને સહીહ સહીહ અદા કરતા રહ્યા નમાઝને અને આપતા રહ્યા ઝકાતને તેમના માટે તેમનો અજર (બદલો) છે તેમના રબની પાસે, ન કોઈ ખૌફ છે તેમને અને ન તેઓ ગમગીન થશે.

**તફસીર...............**

**૩૭૪.** વ્યાજના જાઈઝ થવા માટે જે દલીલ આજે પેશ કરવામાં આવે છે તદન એવી જ દલીલ આજથી ૧૪૦૦ વરસો પહેલાં કુસંસ્કારી અરબના વ્યાજખોરો રજૂ કર્યા કરતા હતા. એટલે કે જ્યારે અન્ય ચીજોની લેણદેણમાં નફો હાંસલ કરવો દુરુસ્ત છે તો રૂપિયા જે એક જાતિ (ચીજ) જ છે તેની લેણદેણમાં જો નફો લેવામાં આવે તો તેને હરામ શા માટે ઠરાવવામાં આવે. એનો જવાબ કુર્આને હકીમે એ આપ્યો કે બંનેમાં મહાન ફરક છે, સોદાને અલ્લાહ તઆલાએ તેના ફાયદાઓના કારણે હલાલ કરી આપેલ છે અને વ્યાજને તેનાં નુકસાનોના કારણે હરામ કર્યું છે. એટલા માટે એ બંને ચીજોને સમાન કઈ રીતે ગણી શકાય છે. વ્યાજના હરામ હોવાના બારામાં ઘણુ બધુ લખવામાં આવી ચૂક્યું છે પરંતુ ફાઝિલાના ચર્ચા હુજજતુલ ઈસ્લામ ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ એ કરી છે એનો જવાબ નથી. ચર્ચાના મહત્વનો તકાઝો તો એ છે કે ગિઝાલીની વાતનો સંપૂર્ણ અનુવાદ નકલ કરવામાં આવે પણ સ્થળ સંકોચને કારણે એમ થઈ શકતુ નથી, એટલા માટે ખૂબ જ સંક્ષિપ્તમાં એ ચર્ચાનો નિચોડ વાંચકોની સેવામાં હાજર છે. ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

ધારો કે તમારી પાસે જાફરાન છે અને એક બીજી વ્યક્તિની પાસે ઊંટ છે, તમે ઊંટ લેવા માંગો છો પણ ઊંટવાળાને જાફરાનની જરૂરત નથી. તો હવે તમે ઊંટ કઈ રીતે મેળવી શકો છો ? અથવા તમારી પાસે કપડાં છે અને બીજી વ્યક્તિ પાસે ખાણુ છે. તમને ભૂખ લાગી છે તમારે ખાવા જોઈએ, પરંતુ ખાણાવાળાને કપડાંની જરૂરત નથી. હવે તમે ખાણુ

કેવી રીતે ખરીદશો ?! એટલા માટે કુદરતે એક એવી જાતિ (સોના ચાંદી)ની પેદા કરી જેના થકી દરેક વ્યક્તિ પોતાની જરૂરતની ચીજ ખરીદી શકે. જો તમે થોડુંક ધ્યાન ધરો તો તમને ખબર થઈ જશે કે સોના ચાંદીનું સર્જન તો હકીમ તથા દાના રબે એ જ હેતુસર કર્યું છે અને એનો અન્ય કોઈ ફાયદો નથી. એક તો એ ઓછુ મળે છે બીજુ એમાં એ સખ્તી નથી જે લોખંડ તથા તાંબા વગેરેમાં છે જેથી તેમની જગાએ વપરાઈ શકે. હવે જો રૂપિયા પર વ્યાજ લેવાની ઈજાઝત આપવામાં આવે તો પછી રૂપિયા કેવળ ચીજોની અદલા બદલીનો ઝરીયો નહીં રહે બલ્કે તેની પોતાની જાત ધંધો કરનાર તથા નફાકારક બની જશે. અને લોકો બીજા વેપારના સામાનની જેમ તેની સંગ્રહખોરી શરૂ કરી આપશે જેનું પરિણામ એ આવશે કે બજારમાંથી એ ગાયબ થતો જશે. અને જ્યારે રૂપિયો બજારમાંથી ગાયબ થવાનુ શરૂ થઈ ગયો તો પ્રોડક્શનની પ્રગતિ અટકી જશે, વ્યાપારિક ચહલ પહલ ખત્મ થઈ જશે અને બીજી ચીજોની કિંમતોમાં તે ઉતાર ચઢાવ શરૂ થશે જેનાથી સઘળી આર્થિક વ્યવસ્થા વેરવિખેર થઈ જશે. ઈસ્લામી શરીઅતે આ નુકસાનોના રોકથામ માટે વ્યાજને હરામ ઠરાવી આપ્યું. (સંક્ષિપ્તમાં ઈમામ ગિઝાલીના લખાણમાંથી)

અફલાતૂને પણ પોતાના પુસ્તક ''અસ્સિયાસત''માં એ જ લખ્યું છે કે રૂપિયા કડક મરઘી છે જે ઈંડા નથી આપતી.

વ્યાજની હુર્મત (હરામ હોવા)નું વાસ્તવિક કારણ સમજી લીધા પછી હવે આપણે એ પણ સમજવાનું છે કે વેપાર તથા વ્યાજમાં શું ફરક છે ? જેના પ્રતિ કુર્આને નિર્દેશ કર્યો છે. એ તદ્દન ઉઘાડો ફરક છે કે વેપારમાં માણસ રૂપિયા લગાડે છે, પછી મહેનત કરે છે, પોતાની સઘળી દિમાગી કાબેલિયતો વાપરે છે અને સમય ખર્ચ કરે છે તેમ છતાં નફો યકીની નથી. એને નફો પણ થઈ શકે છે અને નુકસાન પણ થઈ શકે. પરંતું વ્યાજખોર જે કેવળ પોતાનો ફાલતુ રૂપિયો આપે છે, ન સમય, ન મહેનત, ન કોશિશ ! તે યકીની નફાનો ઈચ્છુક શાથી થયો ? ઈસ્લામે મૂડીધારી માટે બે જ માર્ગો તજવીઝ કર્યા છે ક્યાં તો પોતાના ભાઈને પોતાની જરૂરિયાતથી વધારાનો રૂપિયો કર્ઝે હસ્ના (ઉછીના) આપે, નહીં તો કારોબારમાં ભાગીદાર થઈ જાય અને નફા–નુકસાનમાં ભાગીદાર બને. એના માટે ત્રીજો કોઈ માર્ગ નથી.

**૩૭૫. المحق محو الشیی والذھاب بہ کمحاق القمر** કોઈ ચીજના નષ્ટ થવા કે ગાયબ થઈ જવાને મુહક્ક઼ કહે છે. ચાંદની અંતિમ બે તારીખોને મુહાક્ક઼ કહેવામાં આવે છે. કેમ કે ચાંદ એ રાતોમાં તદ્દન છુપાઈ જાય છે. આયતનો અર્થ એ છે કે **અલ્લાહ તઆલાએ ફાયદો નિશ્ચિત કરી રાખ્યો છે કે વ્યાજખોરને બરકત થશે નહીં અને માલથી તેને કોઈ ફાયદો પહોંચશે નહીં, ન તેની સમાજમાં કોઈ ઈજ્જત હશે અને ન તેને દિલી સાંત્વન નસીબ થશે,** આ તેની હાલત દુનિયામાં થશે અને **આખેરતમાં તે સવાબ તથા ખુદાની રઝામંદીથી મેહરૂમ રહેશે.**

**૩૭૬.** વ્યાજખોરથી ઉલ્ટુ **સદક઼ો તથા ખૈરાત કરનાર દુનિયામાં પણ બાઈજ્જત જિંદગી બસર કરશે અને આખેરતમાં પણ મહાન સવાબ**ના પાત્ર ઠરશે.

## છે કોઈ હદીષોના પ્રચારનો ચાહક ?!

**નુઝહતુલ કારી શરહે બુખારી** એટલે **''બુખારી શરીફની શરહ (ભાગ–૨)''** જૂન સુધીમાં છપાઈને આવી જવાની ઉમ્મીદ છે. (ઈન્શાઅલ્લાહ !) તો પોતાના મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે આ કામમાં કોણ છે જે અમારી મદદ કરે ?! અંદાજીત ખર્ચ **રૂા. ૩ લાખ** (૫૦૦૦ કોપી) છે તો અમારા આ સાહસમાં અલ્લાહ વ રસૂલની મહોબ્બતને ખાતર કોણ છે જે અમને ટેકો કરે ?! **રૂા. ૩૦૦/–** ભરી **''અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા''**ના મેમ્બર થનારને આ કિતાબ તથા વરસભર છપાતી અન્ય કિતાબો ફ્રીમાં ઘેર બેઠાં મળશે.

**સંપર્ક કરો :–** તંત્રી બરકાતે ખ્વાજા, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૧૦૪૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## દર્સે હદીસે પાક — એટલે — મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત કાર્યાલય

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**હદીષ** : હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ફર્માવ્યા કરતા હતા કે પોતાની જાનો પર સખ્તી ન કરો[૧] નહીં તો અલ્લાહ તમારા પર સખ્તી કરી દેશે[૨]. એક કૌમે પોતાની જાનો પર સખ્તી કરી હતી તો અલ્લાહે પણ તેમના પર સખ્તી કરી દીધી[3]. જેથી દેવળો તથા મંદિરોમાં તેમના જ બાકીના લોકો છે તેમણે ખૂદ સંસાર ત્યાગ કાઢયો, અમે તેમના પર લાઝિમ કર્યું ન હતું[૪]. (અબૂ દાઊદ)

રિવાયત છે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, કુર્આન પાંચ પ્રકારો પર ઉતર્યુ[૫] :હલાલ, હરામ, મોહકમ અને મુતશાબેહ[૬] અને મિષાલો. જેથી હલાલને હલાલ જાણો અને હરામને હરામ માનો, મોહકમ પર અમલ કરો અને મુતશાબેહ પર ઈમાન લાવો[૭]. મિષાલો (દ્દષ્ટાંતો)થી સબક હાંસલ કરો[૮]. આ મસાબીહના શબ્દો છે અને બયહકીએ શોઅબુલ ઈમાનમાં રિવાયત કર્યું જેનુ લખાણ આ પ્રમાણે છે કે હલાલ પર અમલ કરો અને હરામથી બચો અને મોહકમને અનુસરો.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ચીજો ત્રણ પ્રકારની છે : એક તે જેનું હિદાયત હોવું જાહેર છે જેની પયરવી કરો, એક તે જેનું ગુમરાહી હોવું જાહેર છે તેનાથી બચો, એક તે જે વિવાદાસ્પદ છે તેને અલ્લાહના હવાલે કરો[૯]. (અહમદ)

### સ....મ....જૂ....તી....

**૧.** એટલે કે પોતાના પર ગૈર જરૂરી ઈબાદતો લાઝિમ ન કરી લો, જેમ કે હમેશાંના રોઝા અથવા આખી રાત જાગવું, અને શરીઅતમાં મુબાહ હોય તેને હરામ ન કરી લો, જેમ કે નિકાહ અને સ્વાદિષ્ટ નેઅમતોથી પરહેઝ કરવું. હલાલથી બચવાનું નામ તક્વો નથી પણ હરામથી બચવાનુ નામ પરહેઝગારી છે. અમુક લોકો ગોશતથી બચે છે અને ગીબત નથી છોડતા !

**૨.** જેમ કે કોઈ જીવનભર રોઝા, શબ બેદારીની મન્નત (નઝર) માની લે. હવે એ બંનેવ નઝરના કારણે ફર્ઝ થઈ ગયાં કે ન કરશે તો ગુનેહગાર થશે. આવા પ્રકારની મન્નતોથી બચો, જેથી હદીષ સ્પષ્ટ છે. એનો મતલબ એ નથી કે હુઝૂર પછી કોઈ નબી આવશે જેના થકી એ સખ્તીઓ ફર્ઝ થઈ જશે.

**૩.** જેમ કે બની ઈસ્રાઈલને એક મોકા પર ગાય ઝબહ કરવાનો હુકમ આપ્યો. તેઓ જેવી પણ ગાય ઝબહ કરી લે પૂરતુ હતું, પરંતુ તેઓ મૂસા علیہ السلامને પૂછતા જ રહ્યા કે તેનો રંગ કેવો, ઉમર કેટલી...... વગેરે જવાબો આવતા ગયા, સખ્તીઓ વધતી ગઈ. અથવા જેમ કે ઈસાઈ પાદરીઓએ પોતાના માટે સંસાર ત્યાગને ઈબાદત બનાવી લીધી, પછી તે નિભાવી ન શક્યા બલ્કે હરામકારીઓમાં સપડાઈ ગયા. (જેમ કે વર્તમાનકાળમાં પણ કહેવાતા સન્યાસી, પાદરીઓ તથા સ્વામીઓનાં સેક્સકાંડ તથા બાળકો સાથે સૃષ્ટિ વિરુધ્ધ કૃત્ય કરવાના સમાચારો સતત બહાર પડતાં રહે છે. **–અનુવાદક**)

**૪.** એટલે કે યહૂદીઓ તથા ઈસાઈઓ પર પાદરી કે "નન" બનવાના માટેનો રબનો હુકમ ન હતો, તેમણે ખૂદ અકીદતના જોશમાં કાઢયો કે સ્ત્રીઓ હઝરત બીબી મરયમના નામ પર કુંવારી રહી દેવળોમાં રહેવા લાગી તથા પુરૂષો હઝરત ઈસા علیہ السلامના નામ પર કુંવારા રહી દેવળોમાં રહેવા

લાગ્યા. પછી કુંવારીઓ તથા કુંવારાઓના મિલનથી જે પરિણામ નીકળ્યું તે જાહેર છે ! જુઓ કિતાબ ''અઝબલા.'' આ આયત તથા હદીષથી નિર્દેશ મળે છે કે બિદઅતે હસનાના કાઢવા પર સવાબ મળે છે, કેમ કે રબ તઆલાએ તે રાહિબો (પાદરીઓ) વિશે જેમણે પોતાના તે વાયદા નિભાવી દીધા સવાબનો વાયદો કર્યો કે ફર્માવ્યું :–

فَاٰتَیۡنَا الَّذِیۡنَ اٰمَنُوۡا مِنۡھُمۡ اَجۡرَھُمۡ و کثیرمِّنۡھُمۡ فٰسِقُوۡنَ

**૫.** સંક્ષિપ્તપણે તેમનું વર્ણન કરવામાં આવ્યું છે. જેમ કે اُحِلَّ لَکُمُ الطَّیِّبٰتُ وَیُحَرِّمُ عَلَیۡکُمُ الۡخَبٰٓئِثَ અથવા આ બંનેવ આયતોમાં સંક્ષિપ્તપણે સર્વ હલાલ તથા હરામનું વર્ણન આવી ગયું છે.

**૬.** ''મોહકમ''નો ઈસ્તેલાહી અર્થ છે નસ્ખ ન થઈ શકે તેવી આયતો, પણ અહીં ખુલ્લી તથા સ્પષ્ટ (સમજાતી) આયતો મુરાદ છે કે એની સરખામણીમાં ''મુતશાબેહ'' ફર્માવવામાં આવ્યું. ''મુતશાબેહ'' તે આયતો છે જેના અર્થો તથા મતલબો સમજમાં ન આવી શકે. ''ઈમષાલ''થી મુરાદ પાછલી ઉમ્મતોના કિસ્સા તથા દ્દષ્ટાંતો મુરાદ છે.

**૭.** કે જે કાંઈ ''મુતશાબેહ''ની મુરાદ છે તે હક્ક઼ છે આપણને ભલે એના વિશે માહિતી નથી.

**૮.** કે પાછલી ક઼ૌમો પર જે કારણોએ અઝાબ આવ્યા તે તમે છોડી આપો. એનાથી શરઈ ક઼યાસની સાબિતી થઈ.

**૯.** એટલે કે શરઈ એહકામ ત્રણ પ્રકારના છે : અમુક યક઼ીની (નિશ્ચિત) સારા, જેમ કે રોઝા, નમાઝ વગેરે. અમુક યક઼ીનન બુરા, જેમ કે અહલે કિતાબના મેળા જુલૂસોમાં જવું, તેમનાથી મેલજોલ કરવું. અને અમુક તે છે જે એક એ'તબારથી સારા હોય છે અને એક એ'તબારથી બુરા હોય છે. દા.ત. તે જેના હરામ તથા હલાલ હોવાની દલીલો મૌજૂદ છે, જેમ કે ગધેડાનું એઠુ પાણી જેને શરીઅતમાં શંકાસ્પદ કહેવામાં આવે છે. અથવા જેમ કે ક઼યામતના દિવસની નિશ્ચિતતા તથા કાફિરોનાં બાળકોનો હુકમ વગેરે. જોઈએ કે હલાલ પર બેધડક અમલ કરે. હરામથી ચોક્કસ બચે અને મુતશાબેહાતથી સાવધાની રાખે. આ હદીષનો મતલબ એ નથી કે એક હલાલ ચીજને કોઈ શખ્સ પોતાની રાયથી હરામ કરી આપે તો તે ચીજ ''મુતશાબેહ'' બની જશે. સર્વ મુસલમાનો મીલાદ તથા ઉર્સ વગેરેને હલાલ જાણે અને એક માણસ તેને હરામ જાણે તો એ ચીજો મુતશાબેહ ન થશે, બલ્કે વિના દલીલે હોય કહેનારનો ક઼ૌલ રદ થશે.

## શાદીના મુબારક અવસરે મેહફિલે સમાએ નઅત

**વાગરા** : મુક઼ામે જનાબ મખ્દૂમ અલીભાઈ ટોપીવાલાના નિકાહ અસ્માબાનુ (**D/o.** મુહમ્મદ વલી મિયાંજી–ખંડાલી)ની સાથે તા ૪–૬–૨૦૧૦ જુમ્આની નમાઝ બાદ નૂરાની મસ્જિદમાં રાખવામાં આવ્યા અને એ જ રાત્રે ઈશા બાદ મસ્જિદમાં મેહફિલે સમાએ નઅત રાખવામાં આવી જેમાં બુલબુલે બાગે મદીના અલ્હાજ ક઼ારી મુહમ્મદ રિઝવાનખાં સાહબ મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામીએ નઅતે પાક, મન્ક઼બતો તથા સેહરો પઢી હાજરીનને ફૈઝયાબ કર્યા હતા. દુલ્હા, દુલ્હન, કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી*

**વડોદરા** : મુક઼ામે મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી મુહમ્મદ સુલ્તાન રઝા ક઼ાદરીના નિકાહ આલિમા મોસમીનાબાનુ (**D/o.** ઈમદાદઅલી સાદાતઅલી મકરાણી–બાસ્કાવાળા) સાથે તા. ૧૦–૬–૨૦૧૦ જુમેરાતે (૨૬–જમા. આખર હિ.સ. ૧૪૩૧) રાખવામાં આવ્યા તે અગાઉ તા. ૮–૬–૨૦૧૦ના રોજ ઈશા બાદ મેહફિલે સમાએ નઅત (રાવપુરા મચ્છીપીઠ મુક઼ામે) શાનો શૌકત સાથે સાદાતે કિરામ તથા ઉલમાએ કિરામની હાજરીમાં વિશાળ આશિક઼ાને મુસ્તફ઼ાની હાજરીમાં રાખવામાં આવી જેમાં બુલબુલે બાગે મદીના અલ્હાજ ક઼ારી મુહમ્મદ રિઝવાન સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ નઅત–બયાનનો સિલસિલો જારી રાખી અક઼ીદા તથા અમલી ઈસ્લાહ સંબંધે, સુન્નતોને અપનાવવા તથા સુન્ની દા'વતે ઈસ્લામીમાં જોડાવા, મુબલ્લિગ બનવા પોતાના અનોખા અંદાઝમાં અસરકારક રીતે સમજાવ્યું હતું. શાનદાર સેહરો પણ પેશ કર્યો હતો. પ્રોગ્રામ ખૂબ જ કામયાબ રહ્યો. અલ્હમ્દુલિલ્લાહ ! દુલ્હા, દુલ્હન, કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી*



# શિફા શરીફ

વિભાગ : ૨

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝૂલ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)

## ખલીલ તથા મહબૂબમાં તફાવત

જાહેરી ઉલ્મા અને અહલે દિલ હઝરાત (સૂફિયાએ કિરામ)નો આ કાર્યમાં મતભેદ છે કે ખુલ્લત તથા મહોબ્બતમાંથી કોનો દરજ્જો વધારે છે. કેટલાક ઉલ્માએ તો બંનેને એક જ દરજ્જામાં રાખ્યા છે એટલે તેઓ તેને બરાબર ગણે છે અને એ માટે તેઓ કહે છે કે જે હબીબ હશે તે ખલીલ (દોસ્ત) પણ હશે, અને જે ખલીલ હશે તે હબીબ પણ હશે. પરંતુ અલ્લાહ તઆલાએ હઝરત ઈબ્રાહીમ علیہ السلامને ખુલ્લતના સાથે અને સૈયદના મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને મહોબ્બતના સાથે ખાસ ફર્માવ્યા.

કેટલાક હઝરાત કહે છે કે ખુલ્લતનો દરજ્જો વધારે ઉચ્ચ છે અને ફર્માને રિસાલતથી દલીલ પકડે છે કે لَوْ كُنْتُ مُتَّخِذًا خَلِيْلًا لَا تَّخَذْتُ اَبَا بَكْرٍ خَلِيْلًا પછી અલ્લાહ તઆલાના સિવાય તેઓએ કોઈને ખલીલ તો ન બનાવ્યા પરંતુ સૈયેદાહ ફાતિમા, તેમના બંને સાહબઝાદા અને હઝરત ઉસામા رضوان اللہ تعالیٰ علیہم اجمعین વગેરે માટે મહોબ્બતનો ઉપયોગ કર્યો.

ઘણા બુઝુર્ગો ફર્માવે છે કે (ખુલ્લત એટલે ગાઢ દોસ્તી)થી મહોબ્બતનો દરજ્જો વધારે ઉચ્ચ છે, કેમ કે હબીબ હોવાના કારણે સૈયદના મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمનો મર્તબો હઝરત ઈબ્રાહીમ علیہ السلامથી ઉચ્ચ છે, જો કે તેઓ ખલીલ છે. મહોબ્બતનુ મૂળ એવું આકર્ષણ છે કે મિત્રનો સ્વભાવ અને મિત્રની ખુશીના આગળ માથુ ઝુકાવી દે, પરંતુ આ તેના માટે સાચી ઠરશે જેના તરફ આકર્ષણ હોય અને મળતાપણુ જોવા મળે અને એવું કરવું મખ્લૂકનું કામ છે કેમ કે ખાલિક઼ની ઝાત વાંધાઓથી પાક છે.

વળી તેનું પોતાના બંદાથી મહોબ્બત કરવી એ છે કે નેક નસીબીના કામો પર તેને કાયમ કરી દે છે, બુરાઈઓથી તેનું રક્ષણ કરે છે, નેકીઓની શક્તિઓ બક્ષે છે, પોતાના કુર્બ (નિકટતા)ના સબબો તેના માટે પૂરા પાડે છે અને તેના પર રહમતના દરવાજા ખોલી દે છે.

મહોબ્બતની અંતિમ હદ એ છે કે તેના દિલ પરથી પર્દા હટાવી દે છે, ત્યાં સુધી કે તેને દિલથી જોવા લાગે છે અને હૃદયની દૃષ્ટિની આંખોથી તેના તરફ જુએ છે. પછી તેની આ હાલત એવી થઈ જાય છે જેવું કે હદીષે કુદસીમાં આવ્યું છે કે જ્યારે હું પોતાના બંદાથી મહોબ્બત કરું છું ત્યારે હું તેનો કાન બની જાઉં છું જેનાથી તે સાંભળે છે, અને તેની આંખ બની જાઉં છું જેનાથી તે જુએ છે, અને તેની જીભ બની જાઉં છું જેના થકી બોલે છે. આ હદીષથી એના સિવાય અન્ય કાંઈ સમજમાં નથી આવતું કે આવો બંદો કેવળ એક ખુદાનો બનીને મખ્લૂકથી સંબંધો કાપી નાખે છે અને ગૈરુલ્લાહથી મોં ફેરવી લે છે. પછી તેનું દિલ અલ્લાહ તઆલાની જલ્વાગાહ બનવાના માટે સાફ થાય છે અને તેની તમામ હરકતો કેવળ અલ્લાહ તઆલાના માટે હોય છે. જેવું કે હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہاએ ફર્માવ્યું કે નબી કરીમ صلی اللہ علیہ وسلمની ખુલ્ક઼ (આદત) કુર્આન હતી. કેમ કે જેનાથી તે (રબ) રાજી, તેનાથી આપ પણ રાજી અને જેનાથી તેઓ નારાજ થાય તેનાથી આપ પણ નારાજ થઈ જતા હતા (صلی اللہ علیہ وسلم) કેટલાક હઝરાત આ સ્થળને ગાઢ દોસ્તી (ખુલ્લત)ના સાથે ગણ્યું છે.

વળી નબી કરીમ صلی اللہ علیہ وسلمને ગાઢ દોસ્તી (ખુલ્લત)ની અંતિમ હદ અને મહોબ્બતની વિશેષતા પ્રાપ્ત છે જેના પર આવી આવી સહીહ હદીષો દલીલો કરી રહી

છે, જે અસંખ્ય છે અને ઉમ્મતે મુહમ્મદિયા જેને સ્વીકારીને સર આંખો પર જગ્યા આપે છે. આ સિલસિલામાં અલ્લાહ ﷻનો આ ઈર્શાદ પૂરતો છે : –

"અય મહબૂબ ! તમે ફર્માવી દો કે લોકો ! જો તમે અલ્લાહને દોસ્ત રાખતા હોઉ તો મારા ફર્માબરદાર બની જાવ અલ્લાહ તમને દોસ્ત રાખશે અને તમારા ગુનાહ માફ કરી દેશે, અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે." *(સૂરએ આલે ઈમરાન, આ. નં. ૩૦)*

તફસીરકારોએ આની સ્પષ્ટતા માટે હિકાયત બયાન કરેલ છે કે જ્યારે આ આયત નાઝિલ થઈ તો કાફિરો કહેવા લાગ્યા કે મુહમ્મદ (ﷺ) એ ઈચ્છે છે કે અમને તેમના પોતાના આગળ માથુ ઝુકાવનાર બનાવી લે જેવું કે નસારાએ હઝરત ઈસા બિન મરયમ علیہ السلامને ઠરાવ્યા હતા, ત્યારે અલ્લાહ તઆલાએ ગુસ્સો પ્રગટ કરતાં તેનું રદ કરતાં આ આયત નાઝિલ કરી : "તમે ફર્માવી દો કે અલ્લાહ અને રસૂલનો હુકમ માનો." *(સૂરએ આલે ઈમરાન, આ. નં. ૩૧)*

આમાં પોતાના હુકમ દ્વારા અલ્લાહ તઆલાએ પોતાના હબીબની ઈજ્જત વધારતાં તેમની ઈતાઅત (આજ્ઞા પાલન) કરવાનો હુકમ આપ્યો અને હબીબની ઈતાઅતને પોતાની ઈતાઅતના સાથે મેળવી દીધી અને હબીબની ઈતાઅતથી મોં ફેરવી લેવા પર આ પ્રમાણે ચેતવણી આપી છે : "પછી જો તેઓ મોં ફેરવે તો અલ્લાહને કાફિર પસંદ પડતા નથી." *(સૂરએ આલિ ઈમરાન, આ. નં. ૩૧)*

ઈમામ અબૂબક્ર બિન ફવરક رحمۃ اللہ علیہ એ મહોબ્બત અને ખુલ્લત (ગાઢ દોસ્તી)ના વિશે મુકલ્લિમીન હઝરાતનું કથન નકલ કરતાં ઘણા લાંબાં બયાનો નકલ કર્યા છે જેનો ખુલાસો એ છે કે મહોબ્બતનો મુકામ ખુલ્લત (ગાઢ દોસ્તી)ના મુકામથી અફઝલ છે. (જેથી હબીબ ખલીલથી અફઝલ થયા) અમે તેમના ઈમામ (ઈમાન વર્ધક) બયાનનો કેટલોક ભાગ નકલ કરીએ છીએ જેનાથી બીજા બયાનાત આપમેળે સ્પષ્ટ થઈ જશે. યાદ રાખશો કે ખલીલ વાસ્તાથી બારગાહે ખુદાવંદીમાં પહોંચી જાય છે, જેવો કે બારી તઆલાનો ઈર્શાદ છે :–

"અને એ જ રીતે અમે ઈબ્રાહીમને દેખાડીએ છીએ બધી બાદશાહતો આકાશો અને ધરતીની અને એટલા માટે કે તેઓ ઐનુલ યકીનવાળાઓમાં બની જાય."

અને હબીબ વગર કોઈ વસીલાથી સીધે સીધા બારગાહે ઈલાહીમા પહોંચી જાય છે જેવો કે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : "તો તે જલ્વા અને મહબૂબ વચ્ચે બે હાથનું અંતર રહી ગયું બલ્કે એનાથી પણ ઓછું." *(સૂરએ નજ્મ, આ. નં. ૯)*

કેટલાક ઉલ્માએ કિરામ ફર્માવે છે કે ખલીલ તે છે જેને મગફેરતની અત્યંત કક્ષાની અભિલાષા હોય. જેવું કે ઈલાહીનું ફર્માન છે : "અને તે જેનાથી મને આશા લાગેલી છે કે મારી ભૂલો કિયામતના દિવસે માફ કરશે." *(સૂરએ શુઅરા, આ. નં. ૮૨)*

અને હબીબ તે હોય છે જેની મગફેરત ચોક્કસ હોય જેવો કે અલ્લાહનો વાયદો છે :–

"જેથી અલ્લાહ તમારા કારણે તમારા આગલાઓના અને તમારા પાછલાઓના ગુનાહો માફ કરી દે." *(સૂરએ ફત્હ, આ. નં. ૨)*

પછી ખલીલ તે હોય છે જે બારગાહે ઈલાહીમાં આવી રીતે અરજ ગુજારે : "અને મને અપમાનિત કરીશ નહીં જે દિવસે કે તમામને ઉઠાડવામાં આવશે." *(સૂરએ શુઅરા, આ. નં. ૮૭)*

અને હબીબ તે હસ્તી છે જેનાથી આ વાયદો ફર્માવ્યો : "જે દિવસે અલ્લાહ બેઈજ્જત નહીં કરે નબીને અને એમની સાથે ઈમાનવાળાઓને." *(સૂરએ તહરીમ, આ. નં. ૮)*

એટલે સવાલ કરવાના પહેલા જ બદનામી દૂર રાખવાની (હબીબને) ખુશખબરી સંભળાવી દીધી. એ જ રીતે ખલીલ તે હોય છે જે મુસીબતના વખતમાં કહે : حَسْبِیَ اللّٰہُ "મારા માટે અલ્લાહ પૂરતો છે." *(સૂરએ તૌબા–૧૨૯)*

વધુ પેજ નં. ૩૬.....પર



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

رحمۃ اللہ تعالی علیہم اجمعین

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### *મજલિસ-૬*

### શરાબનું હરામ હોવું તથા મુજાહિદા વિશે

*(અનીસુલ અરવાહ : મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ)*

શરાબ પીવાના બારામાં ચર્ચા થઈ. આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે મશારિકુલ અન્વારમાં લખ્યું છે કે અમીરુલ મોમિનીન ઉમર ખત્તાબે પયગમ્બરે ખુદા ﷺથી રિવાયત કરી છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે ઉમર ! એ હલાલ નથી તદ્દન હરામ તથા ખરાબ છે, અને આ શરાબ મોમિનોની નથી. પછી ફર્માવ્યું કે એકવાર રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે વખતે મળેલી હોય અને સખત ન હોય તેનું પાણી લેવું જાઈઝ છે અને જ્યારે મળીને અમુક અરસો પસાર થઈ જાય અને સખત થઈ જાય તો (એટલે એમાં જોશ આવી નશાકારક બની જાય) તેને પીવું જાઈઝ નથી. પછી ફર્માવ્યું કે **રસૂલુલ્લાહ ﷺએ તે શખ્સ પર લઅનત કરી છે જે શરાબ પીએ અથવા વેચે અથવા એની કિંમતમાંથી કાંઈ ખાય.** પછી ખ્વાજા સાહબે અશ્રુમય આંખે ફર્માવ્યું કે આ શરીઅત છે જે એને હરામ ગણે છે, નહીં તો તરીકતમાં તો નદીનું પાણી પીવાથી ખુદાની બંદગીમાં સુસ્તી થાય તે શરાબના સ્થાને છે.

પછી ફર્માવ્યું કે એકવાર બાયઝીદ બોસ્તામી رحمۃ اللہ علیہથી લોકોએ પૂછયું કે તમારા મુજાહિદાનો હાલ વર્ણવો. આપે ફર્માવ્યું કે જો હું મારા મુજાહિદાનો હાલ વર્ણન કરું તો તમારામાં એને સાંભળવાની શક્તિ નથી, પરંતુ હા ! જે મેં મારા નફસની સાથે મામલો કર્યો છે જો તે સાંભળવા ચાહતા હોઉ તો હું સંભળાવું છું. તે એ છે કે એકવાર રાતના સમયે મેં નફસને નમાઝના માટે તલબ કર્યો તો એણે સાથ ન આપ્યો અને નમાઝ કઝા થઈ ગઈ. એનો સબબ એ હતો કે મેં નિશ્ચિત માત્રાથી કાંઈક વધુ ખાણુ ખાઈ લીધું હતું, જ્યારે દિવસ ચઢયો તો મેં દિલમાં નક્કી કરી લીધું કે સાલભરમાં નફસને પાણી આપીશ નહીં.

પછી ફર્માવ્યું કે એકવાર અબૂ તાલિબ બખ્શીને સફેદ રોટી તથા મુર્ગીનાં ઈંડાં ખાવાની ઈચ્છા પેદા થઈ કે જો આજે મળી જાય તો તેનાથી રોઝો ઈફતાર કરું. સંજોગોવસાત અસ્રની નમાઝ વખતે ખ્વાજા સાહબ તાજુ વુઝૂ કરવા મસ્જિદની બહાર નીકળ્યા તો એક છોકરાએ આવીને ખ્વાજા સાહબનો દામન પકડી લીધો અને કહ્યું કે આ ચોર છે ! જે તે દિવસે મારો સામાન ચોરી ગયો હતો અને આજે ફરી આવ્યો છે જેથી કોઈ અન્યનો સામાન ચોરીને લઈ જાય. આ શોર સાંભળીને લોકો ભેગા થઈ ગયા. છોકરો તથા તેનો બાપ મુક્કા મારવા લાગ્યા. ખ્વાજા સાહબે એની ગણત્રી કરી તો છ મુક્કા લાગી ચૂક્યા હતા. એટલામાં એક માણસ આવ્યો તેણે ખ્વાજા સાહબને ઓળખી લીધા અને કહ્યું કે હે લોકો ! આ ચોર નથી ! આ તો ખ્વાજા અબૂ તુરાબ બખ્શી છે ! લોકો માફી માંગવા લાગ્યા કે આપ માફ કરી આપો, અમને ખબર ન હતી. જ્યારે તે માણસ ખ્વાજા સાહબને પોતાના ઘરે લઈ ગયો અને રાતની નમાઝ બાદ બેઠા તો મુર્ગીના ઈંડાં તથા સફેદ રોટી જે સંજોગોવસાત તેના ઘરમાં

મૌજૂદ હતાં તે આપની સમક્ષ પેશ કરી. જ્યારે ખ્વાજા સાહબે જોયું તો મુસ્કુરાયા અને ફર્માવ્યું કે ઉઠાવી લે! હું નહીં ખાઉં. તેણે અર્ઝ કરી કે, કેમ ?! આપે ફર્માવ્યું કે આજે મેં કેવળ એની ઈચ્છા કરી હતી તો ખાધા વિના મેં છ મુક્કા ખાધા, જો હું એને ખાઈ લઉં તો કદાચ કેવી મુસીબત આવી પડે ! ખ્વાજા સાહબ ઉઠીને ખાધા વિના ચાલી નીકળ્યા.

જેવા ખ્વાજા સાહબે (ઉષ્માન હારૂનીએ) આ ફવાઈદ ખત્મ કર્યા તો લોકો તથા દુઆગો (ગરીબ નવાઝ) પરત ચાલ્યા આવ્યા. الحمد الله على ذلك

## મજલિસ-૭

## મુસલમાનોને રંજાડનારના વિશે ચર્ચા

મુસલમાનને તકલીફ આપવાના સંબંધે ચર્ચા થઈ. આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ રસૂલુલ્લાહ ﷺથી રિવાયત કરી છે કે, **"જે શખ્સે મો'મિનને સતાવ્યો તો સમજો કે તેણે મને નારાજ કર્યો. અને જેણે મને નારાજ કર્યો તેણે ખુદાવંદે તઆલાને નારાજ કર્યો.** દરેક મોમિનના સીનામાં એંસી પર્દા હોય છે અને દરેક પર્દા પર ફરિશ્તો ઉભેલો હોય છે. જે શખ્સ કોઈ મોમિનને સતાવે છે તે એવો જ છે જેમ કે એણે એંસી ફરિશ્તાઓને નારાજ કર્યો."

પછી નમાઝના બારામાં ચર્ચા થઈ તો આપે ફર્માવ્યું કે એ નમાઝ, નમાઝના ફરીઝા પછી અદા કરવામાં આવે છે અને અમારા મશાઈખે આ નમાઝને અદા કરી છે. તો જે શખ્સ ઝોહરની નમાઝથી પહેલાં ચાર રકાત નમાઝ અદા કરે અને જે કાંઈ કુર્આનથી જાણતો હોય પઢે તો ખુદાવંદે તઆલા તેને બહિશ્ત (જન્નત)ની ખુશખબરી આપે છે, અને તેને માટે તે વખતે સિત્તેર હજાર ફરિશ્તા હદિયા લઈને આવે છે અને એ નમાઝને અદા કરનારના માથા પર કુર્બાન કરે છે અને જ્યારે કબ્રથી ઉઠે છે તો સિત્તેર પોશાકો પહેરાવીને જન્નતમાં લઈ જાય છે. અને જે શખ્સ એ નમાઝને ઝોહરની નમાઝ બાદ અદા કરે, એમાં કુર્આન નિશ્ચિત નથી, તો ખુદાવંદે તઆલા દરેક રકાતને બદલે તેની હજાર હાજતો પૂરી કરે છે, અને હજાર નેકી તેના માટે લખવામાં આવે છે અને એક વરસની ઈબાદતનો સવાબ તેને મળે છે. કિતાબે મુજીબમાં મશાઈખે તબકાત લખે છે કે દાના ત્યાં સુધી નમાઝ શરૂ નથી કરતો જ્યાં સુધી નમાઝમાં સંપૂર્ણ હુઝૂરી (તલ્લીનતા) હાંસલ ન થઈ જાય. જેમ કે મેં મારા પીર ખ્વાજા હાજી رحمۃ اللہ علیہની કિતાબમાં લખેલુ જોયું છે કે ખ્વાજા યુસૂફ ચિશ્તી رحمۃ اللہ علیہ ચાહતા કે નમાઝ શરૂ કરે પણ હજાર વાર તકબીર કહીને બેસી જતા ! જ્યારે સંપૂર્ણપણે હુઝૂરી હાંસલ થતી ત્યારે નમાઝ શરૂ કરતા, અને જ્યારે إِيَّاكَ نَعْبُدُ وَإِيَّاكَ نَسْتَعِينُ"અમે તારી જ ઈબાદત કરીએ છીએ અને તારાથી જ મદદ માંગીએ છીએ" પર પહોંચતા તો મોડે સુધી રોકાતા. જ્યારે એમને એના વિશે પૂછવામાં આવ્યું તો આપે ફર્માવ્યું કે જ્યારે મુકમ્મલ હુઝૂરી હાંસલ થાય છે પછી નમાઝ શરૂ કરું છું કેમ કે જે નમાઝમાં મુશાહિદા ન હોય એની શું નેઅમત હોય શકે છે !

પછી ફર્માવ્યું કે એકવાર ખ્વાજા જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ અને ખ્વાજા શિબ્લી رحمۃ اللہ علیہ બગદાદથી બહાર નીકળ્યા અને નમાઝનો સમય નજીક આવી પહોંચ્યો. બંને બુઝુર્ગ તાજુ વુઝૂ કરવામાં મશગૂલ થયા અને વુઝૂ કર્યા બાદ નમાઝ અદા કરવા લાગ્યા. એટલામાં એક માણસ લાકડીઓનો ભારો માથા પર ઉઠાવીને જઈ રહ્યો હતો એણે જ્યારે એમને જોયા તો તુરત જ બળતણનો ભારો નીચે મૂકીને વુઝૂમાં વ્યસ્ત થઈ ગયો. તે બુઝુર્ગોએ અક્લથી માલૂમ કરી લીધું કે આ મર્દ ખુદા રશીદા લોકોમાંથી છે. સૌએ એને ઈમામ મુકર્રર કર્યો. જ્યારે નમાઝ શરૂ કરી તો રુકૂઅ તથા સજદાઓમાં મોડે સુધી રહ્યો. નમાઝથી ફારિગ થઈને એને એનો સબબ પૂછયો તો એણે કહ્યું કે મોડુ એ કારણે કરતો હતો કે જ્યાં સુધી એક તસ્બીહ પઢીને લબ્બૈક અબદી (હે મારા બંદા ! હું હાજર છું !) ન સાંભળી લેતો બીજી તસ્બીહ ન કરતો.

પછી ફર્માવ્યું કે એકવાર હું ખાનએ કાબા મોઅઝ્ઝમાની તરફ મુજાવરોની વચ્ચે અમુક સમય ગોશાનશીન રહ્યો. એ બુઝુર્ગોમાં એક બુઝુર્ગ હતા જેને ખ્વાજા ઉમર તસફી કહેતા હતા. એક દિવસ તે બુઝુર્ગ ઈમામત કરી રહ્યા હતા, તરત જ હાલત અજબની થઈ ગઈ, માથુ મુરાકબામાં લઈ ગયા. થોડીકવાર પછી જ્યારે માથુ ઉઠાવ્યું તો આસ્માનની તરફ જોવા લાગ્યા અને મજલિસવાળાઓને ફર્માવ્યું કે માથુ ઉપર ઉઠાવો અને જુઓ ! જેવું કે આવું ફર્માવ્યું તો મેં જોયું. પછી ફર્માવ્યું કે શું કહો છો અને શું જુઓ છો ? મેં કહ્યું કે મેં જોયું કે પ્રથમ આસ્માનના ફરિશ્તા રહમતના થાળો હાથમાં લઈને ઉભા છે અને હોઠો વડે કાંઈક કહી રહ્યા છે. તેમણે ફર્માવ્યું, જાણો છો એઓ શું કહે છે ? મેં કહ્યું, એઓ કહે છે કે શયખ સાહબની બંદગી અમારી બંદગીની સરખામણીમાં બેહતર જણાય છે.

જેવું મેં આવું કહ્યું, એમણે માથુ ઉઠાવ્યું અને દુઆ કરી કે હે ખુદાવંદ ! જે કાંઈ તારા બંદા સાંભળે છે મજલિસવાળા પણ તેને સાંભળે ! તરત જ ગયબી ફરિશ્તાએ અવાજ આપ્યો, હે અઝીઝો ! આ ફરિશ્તાઓ જે હોઠોને હલાવી રહ્યા છે તેઓ એવું કહી રહ્યા છે કે હે ખુદાવંદ ! ખ્વાજા તસફીના મુજાહિદા તથા ઈલ્મની ઈજ્જતના સદકામાં અમને બખ્શી આપ.

ત્યારબાદ ફર્માવ્યું કે આ નેઅમત દરેક મર્તબામાં હાંસલ છે પણ મર્દ એ છે કે એમાં કોશિશ કરે જેથી એ મર્તબા પર પહોંચી જાય.

પછી ફર્માવ્યું, હે દરવેશ ! બગદાદમાં એક બુઝુર્ગ હતો જે કશ્ફો કરામતવાળો હતો. તેને લોકોએ પૂછયું કે તમે નમાઝ કેમ અદા નથી કરતા ? ફર્માવ્યું કે એમાં તમારે કાંઈ દખલ નથી ! પરંતુ જ્યાં સુધી દોસ્તનો ચહેરો નથી જોઈ લેતો હું નથી બેસતો. (એટલે કે નમાઝ પઢવાનું જલ્દી શરૂ કરતા નહીં હોય જેથી લોકોએ આવું કહ્યું હશે. *–અનુવાદક*)

પછી ફર્માવ્યું, આ જ સબબ છે કે જે અમુક મશાઈખ ફર્માવે છે કે ઈલ્મ ઈલ્મ છે જેને આલિમ જાણે છે અને ઝુહદ ઝુહદ છે જેને ઝાહિદ જાણે છે, અને એ ભેદ છે જેને અહલે મઅના સિવાય કોઈ નથી જાણતુ.

પછી ફર્માવ્યું કે **જે શખ્સ અસરની નમાઝથી પહેલાં ચાર રકાત નમાઝ અદા કરે, અબૂ દરદાએ ફર્માવ્યું છે કે દરેક રકાતના બદલામાં જન્નતમાં એક મહેલ મળે છે, અને એ એવો છે જાણે કે તેણે જીવનભર ખુદાતઆલાની ઈબાદતમાં પસાર કરી.** અને જે શખ્સ મગરિબ તથા ઈશા વચ્ચે ચાર રકાત નમાઝ અદા કરે તે જન્નતમાં જાય છે અને મુસીબતોથી સલામત રહે છે અને દરેક રકાતના બદલે પયગંબરીનો સવાબ મળે છે. અને જે શખ્સ ઈશા બાદ ચાર રકાત નમાઝ અદા કરે તે વિના હિસાબે જન્નતમાં જશે, અને આ નમાઝ ખુદાના દોસ્ત સિવાય કોઈ નથી અદા કરતું.

પછી ફર્માવ્યું કે જે શખ્સ નમાઝ અધિક કરે છે તે હિસાબમાં ઘણો વધારે રહે છે અને જે હદી કરતો રહે છે નેકી વધારે થાય છે. (હદી = કુર્બાનીનું જાનવર જે હાજી મક્કા મોઅઝ્ઝમા લઈ જાય છે)

પછી ફર્માવ્યું કે **મોમિનને મુનાફિક઼ તથા લઅનતીના સિવાય અન્ય કોઈ નથી સતાવતુ.** જેવા ખ્વાજા સાહબે (ઉષ્માન હારૂનીએ) આ ફવાઈદ ખત્મ કર્યા, લોકો તથા દુઆગો (ગરીબ નવાઝ) પાછા ચાલ્યા આવ્યા. الحمد الله على ذالك

## લેખ હરીફાઈમાં ભાગ લો !

### ઈસ્લામમાં જૂઠ તથા વાદાખિલાફીની બુરાઈ અને આપણો માહોલ

જૂઠ તથા વાદા ખિલાફીની બુરાઈ સંબંધે કુર્આન, હદીષ તથા ઉલમાના અકવાલ તેમજ હુઝૂર ﷺ, સહાબાએ કિરામ તથા બુઝુર્ગાને દીનના પાકીઝા કિરદારની રોશનીમાં આ વિષયે સચોટ લેખ લખવામાં આવે તથા વર્તમાન માહોલ વિશે નોંધ લેવામાં આવે તથા તેની ઈસ્લાહ શરઈ રૂએ દર્શાવવામાં આવે. *–તંત્રી*

લેખ મોકલવાની છેલ્લી **તા. ૧૦–૦૭–૨૦૧૦** સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત **ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
**મૌલાના સાદિક સાબરી દહેગામી**

**વાહ ક્યા જૂદો કરમ હૈ શહે બત્હા તેરા**
**નહીં સુનતા હી નહીં માંગનેવાલા તેરા**

**અર્થ** : બતહા (મક્કા)ના શહેનશાહ ! આપની સખાવત અને મહેરબાનીનું કહેવું જ શું ? આપની બારગાહમાં આવનાર ભિખારીએ નહીં (નથી) શબ્દ કદી સાંભળ્યો જ નથી. કેમ કે આપની બારગાહથી કોઈ ખાલી હાથ પાછો મોકલવામાં આવતો નથી. હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે કે ઘણા લોકો હુઝૂર صلی اللہ علیہ وسلمની બારગાહમાં આવતા અને જરૂરત પ્રમાણે સવાલ કરતા પણ કદી હુઝૂર صلی اللہ علیہ وسلمના મોઢા મુબારકથી "નથી" શબ્દ નીકળ્યો નથી.

**ધારે ચલતે હૈં અતા કે વો હૈ કતરા તેરા**
**તારે ખિલતે હૈં સખા કે વો હૈ ઝર્રા તેરા**

**અર્થ** : યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આપની અતા (દાન, સખાવત)નો કતરો (ટીપું) એવો છે જેવો કે દરિયો મોજાં મારતો હોય અને આપની સખાવતનો ઝર્રો (કણ) એવો ચમકદાર છે કે જેનાથી સખાવતના તારાઓ પ્રકાશિત થાય છે.

**ફૈઝ હૈ યા શહે તસ્નીમ નિરાલા તેરા**
**આપ પ્યાસોં કે તજસ્સુમ મેં હૈ દરિયા તેરા**

**અર્થ** : કહેવત છે કે તરસ્યો કૂવા પાસે જાય, પણ અય કૌષર અને તસ્નીમ (જન્નતની એક નહેર)ના માલિક ! આપનો ફૈઝ (ફાયદો) પહોંચાડવાનો અંદાઝ અનોખો અને નિરાલો છે કે આપના ફૈઝનો દરિયો તરસ્યાઓને શોધીને તરસ મટાડે છે.

**અગ્નિયા પલતે હૈં દર સે વો હૈ બાળા તેરા**
**અસ્ફિયા ચલતે હૈં સર સે વો હૈ રસ્તા તેરા**

**અર્થ** : હુઝૂર ! આપનો દર (દરવાજો) એવો બાળા (ખૈરાત વહેંચવાની જગ્યા) છે જ્યાં મોટા મોટા માલદારો અને સુલ્તાનો પરવરિશ પામે છે. અને આપના રસ્તા ઉપર માથા વડે ચાલવાનુ સૂફીઓ પસંદ કરે છે, કારણ કે આપના રસ્તા ઉપર પગ મૂકીને ચાલવાને આશિકો નાપસંદ સમજે છે. ઈમામ માલિકે જીવનભર મદીના શરીફમાં બુટ નથી પહેર્યા કે ક્યાંક તે જગ્યા પર પગ પડી જાય જ્યાં સરકારે કદમ શરીફ મૂક્યા હોય. ઈમામે આ'ઝમે મદીના પાકમાં રહેઠાણ દરમ્યાન અગ્યાર દિવસ સુધી અદબના કારણે પેશાબ, જાજરૂ ન કર્યા, જ્યારે જરૂરત પડતી મદીના શરીફની બહાર જતા રહેતા. આ'લા હઝરત બીજી જગ્યાએ ફર્માવે છે :–

*હરમકી ઝમીં ઔર કદમ રખકે ચલના*
*અરે સર કા મૌકા હૈ ઓ જાને વાલે*

★★★

**ફર્શવાલે તેરી શૌકત કા ઉલૂ ક્યા જાને**
**ખુસ્રવા અર્શ પે ઉળતા હૈ ફરેરા તેરા**

**અર્થ** : આકા ! ફર્શ (જમીન) પર વસનાર લોકો આપની શૌકત (શાન–મર્તબા)ની ઊંચાઈને શું જાણે ! આપનો શાહી ઝંડો અર્શે આઝમ પર લહેરાઈ રહ્યો છે.

**આસ્માં ખ્વાન ઝમીન ખ્વાન ઝમાના મહેમાન**
**સાહિબે ખાના લકબ કિસકા તેરા તેરા**

**અર્થ** : યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આકાશ અને પૃથ્વી દસ્તરખ્વાન (ખાવા બેસવાની ચટાઈ) છે અને તેમાં વસનાર તમારા મહેમાન છે અને કાએનાત તમારું ઘર છે અને મકાન માલિક તમારો જ લકબ (ઉપનામ) છે. મખ્લૂકને જે કાંઈ મળી રહ્યું છે તે

તમારા સદક઼ામાં છે. હદીષમાં છે કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, અય નબી ! જો હું તમને પેદા ન કરતો તો આસમાનને પેદા ન કરત અને મારું રબ હોવું પણ જાહેર ન કરત. (જે કાંઈ છે તે તારા સદક઼ાથી પેદા થયેલું છે) હદીષ શરીફમાં છે કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ મને આપે છે અને હું વહેંચણી કરું છું એટલે કે આખી દુનિયા સરકારની મહેમાન છે અને સરકાર મહેમાન નવાઝ અને મકાન માલિક છે.

**મૈં તો માલિક હી કહુંગા કે હો માલિક કે હ઼બીબ**
**યા'ની મહબૂબો મુહ઼િબમેં નહીં મેરા તેરા**

**અર્થ** : હુઝૂર ! આપ તો માલિકે હક઼ીક઼ી અલ્લાહ તઆલાના (હ઼બીબ) દોસ્ત છો એટલે હું આપને પણ માલિક જ કહીશ, કારણ કે મહ઼બૂબ (જેનાથી પ્રેમ કરવામાં આવે) અને મુહિબ (પ્રેમ કરનાર)માં તારું મારું નથી હોતું.

**તેરે ક઼દમો મેં જો હૈં ગ઼ૈર કા મુંહ ક્યા દેખેં**
**કૌન નઝરો પે ચઢ઼ે દેખ કે તલ્વા તેરા**

**અર્થ** : અય આક઼ા ! જે આપના ક઼દમો (પગ)માં પડેલ છે તે પોતાનું ધ્યાન બીજી બાજુ કેન્દ્રિત નથી કરતા, કારણ કે આપના તળિયાની ઝિયારત કરનારને બીજો કોઈ નજરોમાં સારો લાગતો નથી.

**બેહરે સાઈલ કા હૂં સાઈલ ન કૂએં કા પ્યાસા**
**ખૂદ બુજા જાએ કલેજા મેરા છીંટા તેરા**

**અર્થ** : હું મારી તરસ દરિયા અને કૂવાથી મટાડવાનો ઈચ્છુક નથી, આપના કરમનો જે છાંટો મારા જિગરને ઠંડુ કરી મારી તરસ મટાડી જાય.

**ચોર હાકિમ સે છુપા કરતે હૈં યાં ઉસ કે ખિલાફ**
**તેરે દામન મેં છુપે ચોર અનોખા તેરા**

**અર્થ** : દુનિયાનો દસ્તૂર છે કે જે ચોર હોય છે તે હાકિમથી છુપાઈ જાય છે, પકડાઈ જવાના ડરથી. પરંતુ બારગાહે રિસાલતમાં તેનાથી વિરૂદ્ધ છે કે નાફર્માન ચોરને આપના જ દામનમાં પનાહ મળે છે અને આપ જ તેને છોડાવશે. હુઝૂરે ફર્માવ્યું, મારી શફાઅત મોટા ગુનાહ (કબીરા) કરનારાઓ માટે છે. આ'લા હઝરત બીજી જગ્યાએ ફર્માવે છે :–

*કરકે તુમ્હારે ગુનાહ માંગે તુમ્હારી પનાહ*
*તુમ કહો દામન મેં આ તુમપે કરોળોં દુરૂદ*

★★★

**આંખે ઠંડી હોં જિગર તાઝે હોં જાનેં સૈરાબ**
**સચ્ચે સૂરજ વો વો દિલ આરા હૈ ઉજાલા તેરા**

**અર્થ** : યા રસૂલલ્લાહ ! ﷺ આપના દીદારથી આંખો ઠંડી, જિગર તાજાં અને રૂહ સૈરાબ થાય છે. અય સિરાજે મુનીર ! (રોશન સૂરજ) આપનો પ્રકાશ દિલને પ્રકાશિત અને તેની સજાવટ કરે છે.

**દિલ અબષ ખૌફસે પત્તાસા ઉળા જાતા હૈ**
**પલ્લા હલકા સહી ભારી હૈ ભરોસા તેરા**

**અર્થ** : મહેશરના ડરથી દિલ ફોગટમાં પાનાની જેમ ઉડે છે (ધ્રુજે છે) ભલે મારી નેકીઓનો પલ્લો હલ્કો હશે પરંતુ આપની શફાઅતમાં ભરોસો ખૂબ ભારી છે કે આપની શફાઅત અમને બચાવી લેશે.

**એક મૈં ક્યા મેરે ઈસ્યાં કી હક઼ીક઼ત કિતની**
**મુઝ સે સો લાખ કો કાફી હૈ ઈશારા તેરા**

**અર્થ** : યા રસૂલલ્લાહ ! ﷺ આપની શફાઅતની સામે મારા ગુનાહોની શું હક઼ીક઼ત છે, મારા જેવા એક કરોડ ગુનેહગારો માટે આપનો એક ઈશારો કાફી છે.

**મુફ્ત પાલા થા કભી કામ કી આદત ન પળી**
**અબ અમલ પૂછતે હૈ હાએ નિકમ્મા તેરા**

**અર્થ** : મફતમાં પાળ્યો એટલે કામની આદત ન પડી અને હવે હિસાબ લેનાર અમલ પૂછે છે, યા રસૂલલ્લાહ ! મારી મદદ કરો ! હું તો બેઅમલ, બેકાર આપનો ઉમ્મતી છું.

**તેરે ટુકળોં સે પલે ગૈર કી ઠોકરપે ન ડાલ**
**ઝિર્કિયાં ખાએં કહાં છોળ કે સદક઼ા તેરા**

**અર્થ** : યા રસૂલલ્લાહ ! અમોએ આપની બારગાહની ભીખથી ગુજરાન ચલાવ્યું હવે બીજાની ચોખટ પર ન મોકલો, આપનો સદક઼ો છોડી બીજાની ધુત્કાર અને અમે કેવી રીતે વેઠીશું.

**ખ્વારો બીમાર, ખતાવાર, ગુનાહગાર હૂં મૈં**
**રાફેઓ નાફેઓ શાફેઅ લકબ આકા તેરા**

**અર્થ :** હું ઝલીલ, ગુનાહગાર, બુરી આદતોનો બીમાર મુજરિમ છું, મારા સરકાર આપ તો રાફેઅ (તકલીફ દૂર કરનાર) નાફેઅ (ફાયદો પહોંચાડનાર) શાફેઅ (શફાઅત કરનાર, બખ્શાવનાર) જેવા લકબ ધારી છો તો મને ચિંતા શાની ?!

**મેરી તકદીર બુરી હો તો ભલી કર દે કે હૈ**
**મહવો ઈષ્બાત કે દફતર પે કળોળા તેરા**

**અર્થ :** યા રસૂલલ્લાહ ! ﷺ જો મારી કિસ્મત ખરાબ હોય તો આપ તેને સારી કહી દો, કેમ કે આપને અલ્લાહે મુખ્તાર બનાવ્યા છે. તકદીરને બનાવવા અને બગાડવાના રજિસ્ટર પર તમારો હુકમ ચાલે છે.

**તૂ જો ચાહે તો અભી મૈલ મેરે દિલ કે ધુલેં**
**કે ખુદા દિલ નહીં કરતા કભી મૈલા તેરા**

**અર્થ :** યા રસૂલલ્લાહ ! ﷺ જો આપ ચાહો તો ગુનાહોના મેલથી મારુ દિલ સાફ થઈ જાય, ગુનાહોની જે મેશથી દિલ કાળુ થઈ ગયું છે તે ઉજળ થઈ જાય, કારણ કે નબીઓ ગુનાહોથી માસૂમ હોય છે એટલે કે કદી ગુનાહ થઈ શકતા જ નથી.

**કિસકા મુંહ તકીયે કહાં જાઈએ કિસ સે કહીયે**
**તેરે હી કદમોં પે મિટ જાએ યે પાલા તેરા**

**અર્થ :** બીજા પાસે શું કરવા જઈએ, બીજાનું મોઢુ કેમ જોઈએ, બીજાને દુ:ખની વાતો કેમ કહીએ ?! અમો આપના પાળેલ છે, આપના કદમોમાં જ જાન આપી દઈશું.

**તૂને ઈસ્લામ દિયા તૂને જમાઅત મેં લિયા**
**તૂ કરીમ અબ કોઈ ફિરતા હૈ અતિયા તેરા**

**અર્થ :** આકા ! આપે જ અમને મુસલમાન બનાવ્યા અને એહલે સુન્નતની જમાઅતમાં રાખ્યા. આપ તો કરીમ (મહેરબાની કરનાર) છે, અને કરીમ આપેલ ઈનામ અને ભેટ કદી પાછી લેતો નથી.

**મૌત સુનતા હૂં સિતમ તલ્ખ હૈ ઝહરા બએ નાબ**
**કૌન લાદે મુઝે તલ્વોં કા ગુસાલા તેરા**

**અર્થ :** અય પરેશાન લોકોની મદદ કરનાર ! સાંભળ્યું છે, મૌત મોટી આફત અને મુસીબત છે (ઝહરા બએ નાબ) શુધ્ધ ઝેરી પાણી છે, એવા સખત સમયે મુસીબતને દૂર કરવા ઝેરી પાણીની કડવાશને મીઠી બનાવવા કોઈ મને આપના તળિયાનું ધોવણ લાવી આપે જેથી મૌતની સખ્તાઈ દૂર થઈ જાય.

**દૂર ક્યા જાનીયે બદકાર પે કૈસી ગુઝરી**
**તેરે હી દરપે મરે બેકસો તન્હા તેરા**

**અર્થ :** શું ખબર કે દૂર રહીને શું કેટલી તકલીફો આવશે ?! બેહતર એ કે આકા ! આપનો આ ગુનેહગાર ઉમ્મતી આપના દરવાજા પર જ જિંદગી ગુજારીને જાન આપે જેથી હંમેશનો આરામ પ્રાપ્ત થાય. આ શેઅરમાં હુઝૂર આ'લા હઝરતે મદીના શરીફમાં મૌતની આરઝૂ કરી છે. હદીષ શરીફમાં છે : જેનું મૌત મદીના શરીફમાં આવે હુઝૂર ફર્માવે છે હું તેની ખાસ શફાઅત કરીશ અને તેના ઈમાનની ગવાહી આપીશ.

**તેરે સદકે મુઝે એક બુંદ બહુત હૈ તેરી**
**જિસ દિન અચ્છોં કો મિલે જામ છલકતા તેરા**

**અર્થ :** અય સાહિબે કૌષર ! કયામતના દિવસે જ્યારે આપ સારા લોકોને જામ ભરી ભરીને આપશો તે વખતે આપના કરમની એક બુંદ (ટીપુ) મારા માટે કાફી છે.

**હરમો તયબાહ વ બગદાદ જિધર કીજિયે નિગાહ**
**ઝાત પળતી હૈ તેરી નૂર હૈ છનતા તેરા**

**અર્થ :** મક્કા, મદીના, બગદાદ જે તરફ નજર કરો આપનું જ નૂર ચમકી રહ્યું છે. આખી દુનિયામાં જે રોશની છે તે હુઝૂરના નૂરથી ફેલાયેલ છે.

**તેરી સરકાર મેં લાતા હૈ 'રઝા' ઉસકો શફીઅ**
**જો મેરા ગૌષ હૈ ઔર લાડલા બેટા તેરા**

**અર્થ :** યા રસૂલલ્લાહ ! ﷺ આપની સરકાર (બારગાહ)માં ''રઝા'' (ઈમામ અહમદ રઝાનો લકબ) એક અઝીમ હસ્તીને સિફારશી અને જામિન બનાવીને લાવ્યો છે, જે આપનો લાડલો બેટો છે, એટલે કે હસનો હુસૈનની નસલથી છે અને મારો ગૌષ (મદદ કરનાર) છે જેમનું નામ હઝરત શૈખ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہ છે.

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી છે

# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## નમાઝના મકરૂહોનું વર્ણન

<u>મસ્અલો</u> : (૧) કપડાં, દાઢી કે શરીર સાથે રમત રમવી મકરૂહે તહરીમી છે. (મકરૂહે તહરીમી તે છે કે જેને કરવાથી ઈબાદતમાં ખામી આવી જાય છે. કરનાર ગુનેહગાર થાય છે પરંતુ હરામથી ઓછો) (૨) કપડુ ઉઠાવવું જેમ કે સિજદામાં જતી વેળા આગળ કે પાછળથી ઉઠાવવું ભલે તે ધૂળથી બચાવવા માટે કેમ ન હોય, મકરૂહે તહરીમી છે. અને જો વિના કારણે હોય તો તે વધુ મકરૂહ છે. (૩) કપડુ લટકાવવું જેમ કે માથા કે ખભા ઉપર એવી રીતે નાખ્યું કે બંનેવ છેડા લટકતા હોય મકરૂહે તહરીમી છે. *(દુર્રે મુખ્તાર)*

<u>મસ્અલો</u> : જો કુરતા, પહેરણ વગેરેની બાંયમાં હાથ ન નાખે બલ્કે બરડા તરફ પાછળ ફેંકી દે તો આ પણ મકરૂહે તહરીમી છે. *(દુર્રે મુખ્તાર)*

<u>મસ્અલો</u> : ખભા ઉપર એવી રીતે રૂમાલ નાખવો કે એક છેડો પેટ પર લટકતો હોય અને બીજો પીઠ ઉપર તો આ પણ મકરૂહે તહરીમી છે.

<u>મસ્અલો</u> : કંબલ, ગોદડી, ચાદર કે શાલના બંનેવ છેડા ખભા ઉપર લટકતા હોય એ પણ મના અને મકરૂહે તહરીમી છે. હા, જો એક છેડો બીજા ખભા ઉપર હોય અને બીજો છેડો લટકતો હોય તો વાંધો નથી. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

<u>મસ્અલો</u> : કોઈ પણ બાંય અડધી કલાઈ (કાંડા અને કોણીની વચ્ચેનો ભાગ)થી વધુ ચઢાવી હોય અથવા ખમીસ કે પહેરણના છેડા વીંટાવી લીધા હોય તેવી હાલતમાં નમાઝ પઢવી મકરૂહે તહરીમી છે પછી ભલે નમાઝ પઢતાં પહેલાં ચઢાવેલી જ હોય કે નમાઝની હાલતમાં ચઢાવી હોય. *(દુર્રે મુખ્તાર)*

<u>મસ્અલો</u> : મરદોએ વાળો બાંધી નમાઝ પઢવી મકરૂહે તહરીમી છે અને જો નમાઝની હાલતમાં બાંધશે તો નમાઝ તૂટી જશે.

<u>મસ્અલો</u> : નમાઝની હાલતમાં કાંકરીઓ હઠાવવી મકરૂહે તહરીમી છે પરંતુ જો સુન્નત પ્રમાણે સિજદો થઈ શક્તો ન હોય તો એક વાર હઠાવી શકે છે અને હઠાવ્યા વિના વાજિબ અદા થઈ શકે તેમ ન હોય તો હઠાવવું વાજિબ છે, ભલે ગમે તેટલી વખત હઠાવવી પડે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

<u>મસ્અલો</u> : આંગળીઓના તડાકા ફોડવા, એક હાથની આંગળીઓ બીજા હાથની આંગળીઓ સાથે પરોવવી મકરૂહે તહરીમી છે. *(દુર્રે મુખ્તાર વગેરે)*

નમાઝને માટે જતી વેળા અને નમાઝની રાહ જોવામાં પણ આ બંને કામો મકરૂહ છે.

<u>મસ્અલો</u> : કમર ઉપર હાથ મૂકવા મકરૂહે તહરીમી છે. નમાઝના સિવાયની હાલતમાં પણ કમર ઉપર હાથ ન મૂકવા જોઈએ. *(દુર્રે મુખ્તાર)*

<u>મસ્અલો</u> : આમતેમ મોં ફેરવી જોવું મકરૂહે તહરીમી છે ભલે થોડુંક જ મોં ફેરવ્યું હોય. જો મોં ન ફેરવે પરંતુ ફક્ત આંખો વડે આમતેમ જરૂરત વિના જુએ તો તે મકરૂહે તન્ઝીહી છે અને કદીક સંજોગોવશાત ખાસ સહીહ જરૂરતને કારણે આમ કરે તો કાંઈ નુકસાન નથી. આકાશ તરફ જોવું પણ મકરૂહે તહરીમી છે.

<u>મસ્અલો</u> : તશહહુદ (ક઼ાયદા) કે સિજદાની વચમાં કૂતરાની જેમ બેસવું. (એટલે કે ઘુંટણોને છાતીથી મેળવી બંને હાથોને જમીન પર મૂકીને ઢગડા ઉપર બેસવું)

<u>મસ્અલો</u> : પુરૂષે સિજદાની હાલતમાં કોણીઓ સુધીના હાથ જમીન ઉપર મૂકવા, કોઈક માણસના મોંની સામે નમાઝ પઢવી મકરૂહે તહરીમી છે.

<u>મસ્અલો</u> : કપડામાં એવી રીતે વીંટળાઈ જવું કે હાથ પણ બહાર ન રહે એ મકરૂહે તહરીમી છે. નમાઝ સિવાયની હાલતમાં પણ એ રીતે વીંટળાવું ન જોઈએ અને જ્યાં ખતરા જોખમની જગ્યા હોય ત્યાં સખ્ત મનાઈ છે. એ જ રીતે નાક, મોં છુપાવવું પણ મકરૂહે તહરીમી છે.

<u>મસ્અલો</u> : જરૂરત વિના ખાંસી ખાવી, જાણીબુઝી બગાસાં ખાવાં મકરૂહે તહરીમી છે. જો બગાસુ સ્વમેળે આવે તો વાંધો નથી. રોકવા છતાં ન રોકાય તો હોઠોને દાંતોથી દબાવવા અને તેમ છતાં પણ

ન રોકાય તો હાથ મોં પર મૂકી દેવો. નમાઝની હાલતમાં ઉભા હોય ત્યારે જમણો અને બાકી હાલતોમાં ડાબો મૂકવો.

મસ્અલો : કુરતો ખમીસ કે પહેરણ હોવા છતાં ફક્ત ઈજાર લેંઘો કે લુંઘી પહેરીને નમાઝ પઢી તો નમાઝ મકરૂહે તહરીમી છે અને જો બીજુ કપડુ જ નથી તો માફ છે.

મસ્અલો : કોઈક આવનારને ખાતર નમાઝ લંબાવવી મકરૂહે તહરીમી છે. અને જમાઅત મળી જાય તે માટે એકાદ બે તસ્બીહ જેટલું લંબાવ્યું તો બુરાઈ નથી. *(આલમગીરી)*

મસ્અલો : કબ્ર સામે હોય અને વચમાં કોઈ ચીજની આડ ન હોય તો મકરૂહે તહરીમી છે. *(દુર્રે મુખ્તાર, આલમગીરી)*

મસ્અલો : દરગાહ, મઝારમાં જે જગ્યાએ કબ્ર ન હોય ત્યાં નમાઝ પઢવામાં વાંધો નથી. બુરાઈ (કરાહત) ત્યારે છે કે કબ્ર સામે હોય અને નમાઝી અને કબ્રની વચમાં સુતરા (એક હાથ ઊંચી અને એક આંગળ જાડી આડ) જેવી કોઈ ચીજ ન હોય, નહીં તો જો કબ્ર જમણે કે ડાબે કે પાછળ હોય કે સુતરા જેવડી કોઈક ચીજની આડ હોય તો કાંઈપણ કરાહત (ખરાબી) નથી. *(આલમગીરી, ગુનિયા, કાઝીખાન વગેરે)*

મસ્અલો : કાફિરોના ઈબાદતખાનામાં નમાઝ પઢવી મકરૂહે તહરીમી છે કારણ કે એ શૈતાનોની જગ્યા છે બલ્કે એમાં જવું પણ મના છે.

મસ્અલો : ઉંધુ કપડુ પહેરીને કે ઓઢીને નમાઝ પઢવી મકરૂહે તહરીમી છે. એ જ રીતે અંગરખાના બંધ ન બાંધવા અને ઝભ્ભો, શિરવાની વગેરેના બટન ન લગાડવા, જો તેની નીચે કુર્તો વગેરે ન હોય અને છાતી ઉઘાડી રહી તો મકરૂહે તહરીમી છે. અને જો નીચે કુર્તો વગેરે છે તો મકરૂહે તન્ઝીહી. *(બહારે શરીઅત)*

મસ્અલો : બળજબરીથી કબ્જે કરેલી જમીનમાં કે પારકા ખેતરમાં કે જેમાં વાવણી કરેલ છે કે જેમાં પાક ઉગાડેલો છે તેમાં નમાઝ પઢવી મકરૂહે તહરીમી છે. *(દુર્રે મુખ્તાર, આલમગીરી)*

મસ્અલો : જે કપડાં ઉપર જાનદારના ફોટો હોય તે પહેરી નમાઝ પઢવી મકરૂહે તહરીમી છે. નમાઝના સિવાય પણ એવું કપડું પહેરવું નાજાઈઝ છે.

મસ્અલો : જો ફોટો નમાઝીના માથા ઉપર હોય અથવા છતમાં બનેલ હોય અથવા લટકતું હોય અથવા સિજદાની જગ્યા ઉપર હોય કે એના ઉપર સિજદો થતો હોય તો નમાઝ મકરૂહે તહરીમી થશે. એવી જ રીતે નમાઝીની આગળ કે ડાબે કે જમણે ફોટો હોવું મકરૂહે તહરીમી છે અને પાછળ હોવું પણ મકરૂહ છે જો કે આગળ કે ડાબે જમણે હોવાથી ઓછું.

મસ્અલો : જો ફોટો નીચે છે અને એના ઉપર સિજદો થતો નથી તો કરાહત નથી. *(હિદાયા, ફત્હુલ કદીર)*

મસ્અલો : જો ફોટો જાનદારનો નથી જેમ કે પહાડ, દરિયા, ઝાડ, ફળફૂલ, પાંદડાં વગેરેનો છે તો કાંઈ વાંધો નથી. *(ફત્હુલ કદીર)*

મસ્અલો : થેલી કે ખિસ્સામાં ફોટો છુપાએલો છે તો નમાઝમાં કરાહત નથી. *(દુર્રે મુખ્તાર)*

મસ્અલો : તસવીરવાળુ (ફોટો છાપેલુ) કપડુ પહેરેલ છે અને તેના પર કોઈ અન્ય પહેરી લીધું જેથી ફોટો છુપાઈ ગયો તો હવે નમાઝ મકરૂહ ન થશે. *(રદ્દુલ મુહતાર)*

મસ્અલો : જો ફોટો અપમાનના સ્થાને હોય જેમ કે પગરખાં ઉતારવાની જગ્યાએ હોય અથવા જમીન પર હોય જેને પગોથી કચડતા હોય તો નમાઝમાં કરાહત નથી જ્યારે કે તેના ઉપર સિજદો ન થાય અને ઘરમાં હોવામાં પણ કરાહત નથી. *(દુર્રે મુખ્તાર)*

મસ્અલો : જો ફોટો એટલો નાનો હોય કે ઉભા રહીને જોવામાં તેના ભાગ અલગ અલગ ન જોવા મળે તો એવી તસવીર નમાઝીના આગળ, પાછળ, ડાબે, જમણે હોવામાં નમાઝ મકરૂહ ન થશે.

મસ્અલો : જો ફોટાનો આખો ચહેરો મિટાવી દીધો તો કરાહત જતી રહી. *(હિદાયહ્ વગેરે)*

મસ્અલો : ફોટાના આ હુકમો તો નમાઝ માટેના છે, હવે રહી વાત ફોટા રાખવાની, તો હદીષમાં એ વિશે છે કે **ઘરમાં કૂતરું કે ફોટો હોય તેમાં રહમતના ફરિશ્તા નથી આવતા,** એટલે કે જ્યારે કે તૌહીન બેઅદબી સાથે ન હોય તો અને એટલી નાની પણ તે ન હોય કે ઉભા થઈ જોવામાં શરીરના અલગ અલગ ભાગો ન દેખાય. *(ફત્હુલ કદીર)*

મસ્અલો : **ફોટા બનાવવા કે બનાવડાવવા બંને હરામ છે, ભલે હાથથી બનાવેલા ચિત્રકામથી હોય** કે કેમેરા વડે હોય બંનેનો એક જ હુકમ છે.

# શબે મેઅરાજ

## અને નાફર્માનોનો અંજામ

*-:: કાર્યાલય ::-*

શબે મેઅરાજ ૨૭ રજબ શરીફના રોજ મનાવવા તથા રોઝો રાખવા વિરુદ્ધ દેવબંદીઓના વાંધાઓનો પૂર્વજ બુઝુર્ગોના હવાલાથી સચોટ જવાબ **"બરકાતે ખ્વાજા"** (માસિક) જાન્યુ. ૨૦૦૯માં વાંચો કે Web પરથી મેળવી લેશો. અત્રે શબે મેઅરાજના રોજ નબી કરીમ ﷺએ આ મુબારક સફર દરમ્યાન કેટલાક નાફર્માન લોકોને ભયાનક અઝાબમાં સપડાયેલા જોયા જેના વિશે વર્ણન કરીએ છીએ એ આશયે કે જેનાથી બોધ ગ્રહણ કરીને મુસલમાનો એવા ગુનાહોથી તૌબા કરે.

### ★ નમાઝમાં આળસનો અંજામ ★

નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે મેં એવા લોકોને જોયા જેમનાં માથાં પથ્થર વડે કચુંડવામાં આવી રહ્યાં છે. અને જ્યારે તેમનાં માથાં એકવાર કચડી નાખવામાં આવે છે તો તેઓ ફરી અસલી હાલત પર આવી જાય છે તો ફરી તેને કચુંડવામાં આવે છે અને આ ક્રમ એક પળ માટે બંધ નથી થતો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ કોણ લોકો છે ? તો હઝરત જિબ્રઈલ علیہ السلامએ કહ્યું, "આ તે લોકો છે જેઓ નમાઝમાં સુસ્તી કરે છે અને તેને તેના સમય પર અદા નથી કરતા અને સંપૂર્ણપણે રુકૂઅ સજદા નથી કરતા." તો જે લોકો તદ્દન નમાઝથી ગાફેલ છે તેમનો શો અંજામ થશે ખૂદ વિચારી લે !

### ★ ઝકાત ન આપનારનો અંજામ ★

ત્યારબાદ કેટલાક એવા લોકો જોયા જેમના ગુપ્તાંગની આગળ તથા પાછળ ચિથરાં લપેટેલાં છે અને તેઓ જાનવરની જેમ ચરી રહ્યાં છે અને ઝકૂમ (થોર) તથા જહન્નમના પથ્થર ખાઈ રહ્યા છે. નબી કરીમ ﷺએ પૂછયું તો જિબ્રઈલ علیہ السلامએ જવાબ આપ્યો કે, "આ તે લોકો છે જેઓ પોતાના માલ (સોના, ચાંદી, રૂપિયા, વેપારનો માલ વગેરે)ની ઝકાત નથી અદા કરતા અને ફકીરો તથા ગરીબો પર રહમ નથી કરતા.

### ★ ઝિનાકારો (વ્યભિચારીઓ)નો અંજામ ★

પછી એવા માણસોને જોયા જેમની પાસે બે હાંડલીઓ છે, એકમાં પાકેલો ગોશ્ત છે અને બીજામાં ખરાબ કાચો ગોશ્ત છે, પણ એ લોકો રંધાયેલો પકવેલો ગોશ્ત છોડીને સડેલો કાચો ગોશ્ત ખાઈ રહ્યા છે ! હુઝૂરે અકરમ ﷺએ પૂછયું, હે જિબ્રઈલ ! આ કોણ લોકો છે ? તો જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ આપની ઉમ્મતના લોકો છે જેઓ પોતાની હલાલ તથા પાકીઝા પત્ની હોવા છતાં ગૈર ઔરત પાસે જાય અને તે સ્ત્રીઓ છે જેઓ પાક પતિ ધરાવવા છતાં અન્ય મર્દો પાસે જઈને તેની સાથે મોઢું કાળુ (બદ્કારી) કરે છે.

### ★ નાહક્ક્ યતીમનો માલ ખાનારા ! ★

આગળ વધ્યા તો એવા લોકો જોવા મળ્યા જેમના હોઠ ઊંટોની જેમ છે અને આગની ચિંગારીઓ ખાઈ રહ્યા છે અને આગની એ ચિંગારીઓ એમનાં પેટોને દઝાડતી નીચે આવી જાય છે અને આ ક્રમ સતત ચાલુ રહે છે. હુઝૂરે અકરમ ﷺના પૂછવા પર હઝરત જિબ્રઈલ علیہ السلامએ જણાવ્યું, આ તે લોકો છે જેઓ યતીમોનો નાહક્ક્ માલ ખાતા રહેતા હતા.

### ★ વટેમાર્ગુઓને સતાવનારનો અંજામ ★

ત્યારબાદ એવા લોકોને જોયા જેમને જાહેર રસ્તા પર સૂળીએ લટકાવવામાં આવી રહ્યા છે અને એ સૂળીઓમાં ખતરનાક પ્રકારના કાંટાઓ છે કે એ માર્ગે ચાલનારના શરીર તથા લિબાસ બંનેવને ચિમટી લે છે. આપ ﷺએ પૂછયું તો જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે લોકો છે જેઓ રસ્તાઓમાં બેસીને વટે માર્ગુઓને તકલીફ આપ્યા કરતા હતા.

### ★ અમાનતમાં ખયાનત કરનારનો અંજામ ★

એના પછી એવા લોકો જોવા મળ્યા જેમણે પોતાની પીઠ પર ખૂબ જ વજનદાર બોજ ઉઠાવી રાખ્યો છે કે એ બોજના વજનથી તેઓ હલી પણ નથી શકતા, તેમ છતાં તેઓ કહી રહ્યા છે, હા ! હજી વધુ બોજ નાખી આપો ! જેથી તેમના કહેવા પર તેમની પીઠ પર ઓર અધિક બોજ નાખવામાં આવી રહ્યો છે. હુઝૂરે અકરમ ﷺના પૂછવા પર હઝરત જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે લોકોનું દૃષ્ટાંતમય રૂપ છે જેઓ અમાનતમાં ખયાનત

કરે છે અને ઘણા બધા લોકોના હક્કો એમની ગરદન પર છે (હક્કો મારી ખાધા છે) છતાં એ હક્કો અદા કરવાના બદલે ઔર અધિક હક્કો પોતાના પર લેતા રહે છે.

### ★ જૂઠા ખુશામદીનો અંજામ ! ★

પછી એવા માણસો મળ્યા જેમના હોઠો તથા જીભોને આગની કાતર વડે કાપવામાં આવી રહી છે, જ્યારે તે ફરી અસલ હાલતમાં આવી જાય છે તો ફરિશ્તા ફરી પાછા કાપે છે. તેમને એક પળની પણ મોહલત નથી આપતા. તેમના બારામાં પૂછતાં હઝરત જિબ્રઈલ عليه السلام એ કહ્યું, "આ તે લોકો છે જેઓ બાદશાહો (સત્તાધારીઓ વગેરે)ની પાસે જઈને તેમની જૂઠી ખુશામત કરે છે અને તેમની જૂઠી તથા ઉઘાડી ગલત વાતો પર હામાં હા મિલાવે છે, તેઓ તેમને જુલ્મ તથા બુરી વાતો એટલે ફિસ્કો ફુજૂર (ઉઘાડા ગુનાહો)થી નથી રોકતા અને ન તેમને ઈન્સાફ તથા એહસાનના હુકમો સંભળાવે છે.

આ પરથી જૂઠા ખુશામતખોરોએ ચેતવું જોઈએ અને સાચી વાતો જાહેર કરવી જોઈએ.

### ★ ચુગલખોરોનો અંજામ ! ★

આપ ﷺ એ કેટલાક એવા લોકો જોયા જેમને મરેલા જાનવરના ગોશ્તના ટુકડા ખવડાવવામાં આવી રહ્યા છે. આપના પૂછવા પર જિબ્રઈલ عليه السلام એ કહ્યું, "હુઝૂર ! આ તે લોકો છે જેઓ ચુગલખોરી કર્યા કરતા હતા અને એક ભાઈને બીજા ભાઈની શિકાયતો કર્યા કરતા હતા એટલે તેમની વિરુદ્ધ ઉશ્કેરતા રહેતા હતા.

### ★ દારૂડીયાનો અંજામ ★

પછી આપ ﷺ એ એવા લોકોને જોયા જેમના ચહેરા કાળા અને આંખો કાળી હતી, જેમનો નીચેનો હોઠ માથાની ઉપર હતો. આગના પ્યાલાઓમાં દોઝખનું પીળુ પાણી (પરુ) તેને પીવડાવવામાં આવી રહ્યું હતું જેના કારણે મોઢેથી લોહી, આગ, પરુ ટપક્તું હતું અને તકલીફના કારણે ગધેડાની જેમ ચીસો પાડતા ચિલ્લાતા હતા. આપ ﷺ એ પૂછયું તો હઝરત જિબ્રઈલ عليه السلام એ અર્ઝ કરી, "આ તે લોકો છે જેઓ દુનિયામાં શરાબ પીએ છે."

### ★ જૂઠી ગવાહી આપનારનો અંજામ ★

આગળ ચાલ્યા તો એક ગિરોહ એવો જોયો જેમના ચહેરા બગડીને સુવ્વર જેવા થઈ ગયા છે અને પગથી માથા સુધી અઝાબમાં સપડાયેલાં છે. હુઝૂર ﷺ એ પૂછયું, આ કોણ લોકો છે ? હઝરત જિબ્રઈલ عليه السلام એ અર્ઝ કરી, આ જૂઠી ગવાહી આપનારાઓ છે.

### ★ વ્યાજ ખાનારનો અંજામ ! ★

પછી એક ટોળી જોઈ જેમનાં પેટો ફુલીને કોઠીઓ જેવાં થઈ ગયાં છે, ચહેરા પીળા પડી ગયા છે, ગરદનોમાં ટોક અને હાથ પગોમાં બેડીઓ પડી છે. જ્યારે તેઓ ચાહે છે કે ઉઠીને ઉભા થઈ જાય તો તેઓ પેટના વજનને કારણે ગબડી પડે છે, અને ઉપર તથા નીચે બંને બાજુથી અઝાબમાં સપડાયેલા છે. હુઝૂર ﷺ ના પૂછવા પર હઝરત જિબ્રઈલ عليه السلام એ કહ્યું, "યા રસૂલલ્લાહ ! ﷺ આ વ્યાજખોરો છે."

### ★ નાહક્ક ખૂન કરનારાનો અંજામ ! ★

પછી એક એવી ટુકડી જોઈ જેમને આગની છરી વડે ફરિશ્તા ઝબહ કરી રહ્યા છે અને તેમની ગરદનથી કાળુ લોહી વહી રહ્યું છે. તેઓ વારંવાર જીવતા થાય છે અને ફરિશ્તા દરેક વખતે તેમને ઝબહ કરી નાખે છે, એક પળની વાર નથી લાગતી. આપ ﷺ ના પૂછવા પર હઝરત જિબ્રઈલ عليه السلام એ કહ્યું, "આ તે લોકો છે જેમણે નાહક્ક લોકોનાં ખૂનો કર્યાં."

### ★ પતિની નાફર્માન સ્ત્રીઓનો અંજામ ★

પછી કેટલીક સ્ત્રીઓ જોઈ કે તેમનાં મોઢાં કાળાં છે, આંખો લીલી છે અને તેમને આગનો લિબાસ પહેરાવી દેવામાં આવ્યો છે. ફરિશ્તા તેમના આગના ગુર્જ મારે છે અને તે સ્ત્રીઓ તકલીફની સખ્તીના કારણે ગધેડાં તથા કૂતરાં જેમ ચીસો પાડે છે. હઝરત જિબ્રઈલ عليه السلام એ કહ્યું, "આ તેમના પતિની નાફર્માન સ્ત્રીઓ છે."

### ★ મા બાપના નાફર્માનનો અંજામ ★

પછી કેટલાક લોકો જોયા જેઓને આગના જંગલમાં કેદ કરી દેવામાં આવ્યા છે. આગ તેમને સળગાવીને ખતમ કરી દે છે અને ફરી પછી તેઓ જીવતા થાય છે, ફરી આગ તેમને ખત્મ કરી દે છે અને આ ક્રમ સતત ચાલતો રહે છે. હઝરત જિબ્રઈલ عليه السلام એ કહ્યું, "આ તે લોકો છે જેઓ મા બાપના નાફર્માન હતા."

# તબર્રુકોથી બરકત પ્રાપ્તિ વિરુદ્ધ

## એક રિવાયતનું ઈલ્મી પરીક્ષણ

કાર્યાલય

હુદૈબિયાના સ્થળે સરવરે કાઈનાત ﷺએ પોતાના જાંનિષાર સહાબીઓ સાથે જેહાદ માટે બયઅત લીધી. બયઅત લેવાનો આ પ્રસંગ જ્યારે ઉપસ્થિત થયો ત્યારે આપ ﷺ એક ઝાડ નીચે બિરાજેલ હતા. બયઅતે રિદવાનનો આ બનાવ ઈસ્લામી ઈતિહાસમાં ઘણુ જ મહત્વ ધરાવે છે, એટલા માટે જે ઝાડ નીચે આ બનાવ બન્યો એને પણ ઈતિહાસમાં અસાધારણ મહત્વ પ્રાપ્ત થયેલ છે. ખૂદ કુર્આને કરીમે એ ઝાડનું વર્ણન કરીને એના ઝિક્રને ઝિંદા તથા કાયમ કરી આપ્યું. ઈર્શાદે રબ્બાની છે :

لقد رضى الله عن المومنين اذ يبايعونك تحت الشجرة

''યકીનન ! રાજી થઈ ગયો અલ્લાહ તઆલા મોમિનોથી જ્યારે તેઓ ઝાડની નીચે આપનાથી બયઅત કરી રહ્યા હતા.'' *(સૂ. ફતહ–૧૮)* રિવાયતમાં એ ઝાડનું નામ ''સમરહ'' દર્શાવવામાં આવ્યું છે જેનો તર્જુમો ઉર્દૂ અનુવાદકોએ ''બાવળનું ઝાડ'' કર્યો છે.

એ ઝાડના બારામાં એક રિવાયત એ મશ્હૂર છે કે, ''અમુક લોકો એનાથી બરકત પ્રાપ્તિ માટે એની પાસે નમાઝ પઢવા લાગ્યા. જ્યારે આ ખબર અમીરુલ મોમિનીન સૈયદના ઉમર ફારૂક رضی اللہ عنہ સુધી પહોંચી તો આપે તે લોકોને ધમકાવ્યા અને એ ઝાડને કાપી કાઢવાનો હુકમ ફર્માવ્યો, જેથી આપના હુકમથી તે ઝાડ કાપી નાખવામાં આવ્યું.'' નબીઓ તથા વલીઓના તબર્રુકોથી બરકત હાંસલ કરવાના બારામાં જ્યારે પણ ચર્ચા થાય છે તો એક ખાસ ગૃપ આ રિવાયતને ખૂબ જ જોરશોરથી રજૂ કરીને એવું સાબિત કરવાની કોશિશ કરે છે કે જો નબીઓના આષાર (તબર્રુકો)થી બરકત હાંસલ કરવાની શરીઅતમાં થોડી પર શક્યતા હોત તો હઝરત ઉમર આ મુબારક ઝાડને હરગિઝ ન કપાવતા. તબર્રુકોથી બરકત પ્રાપ્તિની રદમાં સૌ પ્રથમ હાફિઝ ઈબ્ને તૈયમિયહ્એ આ રિવાયતને દલીલ રૂપે પેશ કરી. લખે છે :–

''મુહમ્મદ બિન વઝાહ વગેરેએ રિવાયત કરી છે કે હઝરત ઉમરે એ ઝાડને કાપવાનો હુકમ ફર્માવ્યો જેના નીચે હુઝૂરે અકરમ ﷺએ બયઅતે રિદવાન લીધી હતી. એટલા માટે કે લોકો એની નીચે જતા રહેતા હતા, જેથી હઝરત ઉમરને તેમના ફિત્નામાં પડવાનો અંદેશો થયો''[૧]. હાફિઝ ઈબ્ને તયમિયહ્ના અકીદતમંદો તથા અનુયાયીઓ વિના તહકીકે કેવળ એમની ''તકલીદ''માં આ રિવાયતને આજ સુધી દલીલ રૂપે રજૂ કરતા આવ્યા છે, પરંતુ અમને આ રિવાયત પર અમુક કારણોએ વાંધો છે.

સિહાહ સિત્તહ સહિત હદીષની મોટા ભાગની મશહૂર તથા વિશ્વસનીય કિતાબોમાં આ રિવાયતનું ક્યાંય નામો નિશાન નથી બલ્કે આ રિવાયત સહીહૈન (બુખારી તથા મુસ્લિમ)ની રિવાયતથી વિરૂધ્ધ પણ છે. (જેનો ઉલ્લેખ આગળ જતાં અમે કરીશું) આ રિવાયત કેવળ બે કિતાબોમાં મૌજૂદ છે એક તબકાત ઈબ્ને સઅદ અને બીજી મુસ્નફે ઈબ્ને અબી શયબા[૨].

આ બંનેવ હઝરાતે એને નાફેઅ મૌલા ઈબ્ને ઉમરથી ઈબ્ને ઔનના તરીકાથી રિવાયત કરી છે અહીં એ વાત પણ ધ્યાનને પાત્ર છે કે હઝરત ઉમર બિન ખત્તાબે નાફેઅ મૌલા ઈબ્ને ઉમરની મુલાકાત અને સમઅ (સાંભળવું) બંને સાબિત નથી, જેથી નાફેઅ જો કોઈ દરમિયાની વાસ્તા વિના ડાયરેક્ટ હઝરત ઉપરથી રિવાયત કરે તો ઈસ્તેલાહ (શરીઅતની બોલી)માં એને 'મુન્કતઅ' કહેવામાં આવશે. બીજી વાત એ કે હાફિઝ ઈબ્ને તયમિયહ્એ મુહમ્મદ ઈબ્ને વઝાહની જે રિવાયતનો હવાલો આપ્યો છે તો અમને ખબર નથી કે એ રિવાયત કઈ કિતાબમાં છે અને એની સનદ શું છે. અલ્બત્ત ! જ્યાં સુધી ખૂદ મુહમ્મદ બિન વઝાહનો સવાલ છે તો એમના બારામાં હાફિઝ ઈબ્ને હજર તથા ઈમામ ઝહબીએ હાફિઝ ઈબ્ને ફર્ઝીનો આ કૌલ નકલ કર્યો છે :–

قال ابن الفرضى له اخطاء كثيره واشياء يصحفها
وكان لا علم له بالفقه ولا بالعربيه

મુહમ્મદ ઈબ્ને વઝાહના બારામાં એક વાત એ પણ કહેવામાં આવી છે કે :–

**انه كان يكثر الرد للحديث فيقول ليس هذا من كلام النبى ﷺ وهو ثابت من**

જો કે હાફિઝ ઈબ્ને હજર તથા ઈમામ ઝહબીએ ઈબ્ને વઝાહને "સદૂક઼" કહ્યા છે પણ સાથોસાથ એમના બારામાં એ પણ કહેવામાં આવ્યું છે કે તેઓ ઈબ્ને મુઈનના બારામાં કહ્યા કરતા હતા કે ઈબ્ને મુઈન ઈમામ શાફઈને 'ષિક઼હ' નથી માનતા, જ્યારે કે ઈબ્ને મુઈનનો દામન આ આક્ષેપથી પાક છે, કદાચ એટલા જ માટે હાફિઝ ઈબ્ને અબ્દુલ બરે ફર્માવ્યું : "ઈબ્ને વઝાહ ષિક઼હ નથી."[૫]

હવે આપણે બુખારી તથા મુસ્લિમની તે રિવાયતોની પ્રતિ ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ જે આ મશ્હૂર રિવાયતની વિરૂધ્ધ છે. ઈમામ બુખારી તારિક઼ બિન અબ્દુર્રહમાનથી રિવાયત કરે છે કે તેમણે ઈર્શાદ ફર્માવ્યો :–

"હું હજ્જના માટે નીકળ્યો તો હું કેટલાક એવા લોકો પાસેથી ગુજર્યો જેઓ નમાઝ પઢી રહ્યા હતા. મેં પૂછ્યું કે આ કેવી નમાઝ છે ? તેમણે કહ્યું, આ તે ઝાડ છે જ્યાં રસૂલુલ્લાહ ﷺએ બયઅતે રિદ્વાન લીધી હતી. પછી હું સઈદ બિન મુસૈયબની પાસે આવ્યો અને તેમને પૂરો બનાવ સંભળાવ્યો તો સઈદે ફર્માવ્યું, મને મારા વાલિદે ફર્માવ્યું કે, હું તે લોકોમાં સામેલ હતો જેમણે ઝાડની નીચે રસૂલે અકરમ ﷺથી બયઅત કરી હતી, પછી જ્યારે આગલા વર્ષે અમે ત્યાં ગયા તો તે ઝાડ અમારાથી ભૂલાઈ ગયું કે કયું હતું. અમે તેને ઓળખવામાં સફળ ન થઈ શક્યા. પછી સઈદે (તારિક઼ બિન અબ્દુર્રહમાનને) કહ્યું કે હુઝૂર ﷺના સહાબીઓ તો એ ઝાડ (ની જગા)ને ન જાણી શક્યા અને તમે એને જાણી લીધું ! તો તમે તેમના કરતાં અધિક જાણવાવાળા છો."[૬]

ઈમામ બુખારી સઈદ બિન મુસૈયબથી જ ક઼તાદાના તરીક઼ાથી રિવાયત કરે છે : સઈદ બિન મુસૈયબ ફર્માવે છે કે મારા વાલિદે કહ્યું કે, મેં બયઅતે રિદ્વાનવાળા ઝાડને જોયું હતું, પછી ત્યારબાદ હું ત્યાં ગયો તો તેને ન ઓળખી શક્યો."[૭]

ઈમામ બુખારી આ રિવાયતને એક અન્ય તરીક઼ાથી વર્ણન કરે છે :–

"સઈદ બિન મુસૈયબના વાલિદે ફર્માવ્યું કે હું તે લોકોમાં સામેલ હતો જે લોકોએ એ ઝાડની નીચે બયઅત કરી હતી પછી આગલા વરસે અમે ત્યાં ગયા તો તે ઝાડ અમને ન મળ્યું."[૮]

આ રિવાયતને ઈમામ મુસ્લિમે પણ સહીહ મુસ્લિમમાં ત્રણ વિવિધ તરીક઼ાથી બયાન કરી છે.[૯]

તબક઼ાતે ઈબ્ને સઅદ અને મુસ્નફે ઈબ્ને અબી શયબા જેમાં ઝાડ કપાવવાવાળી રિવાયત છે એમાં પણ હઝરત સઈદ બિન મુસૈયબની વર્ણન થયેલ રિવાયત મૌજૂદ છે. બલ્કે ઈબ્ને સઅદમાં નાફેઅ મૌલા ઈબ્ને ઉમરથી એક રિવાયત આ પણ વર્ણન કરવામાં આવી છે :–

"અમને અલી ઈબ્ને મુહમ્મદે ખબર આપી જેઓ જવૈરિયહ્થી રિવાયત કરે છે, તે નાફેઅથી રિવાયત કરે છે કે નાફેએ કહ્યું, રસૂલુલ્લાહ ﷺના સહાબામાંથી એક જમાઅત (આ બનાવથી) અમુક વરસો પછી ત્યાં ગઈ તો એમનામાંથી કોઈ પણ એ ઝાડને ઓળખી ન શક્યું. એ ઝાડના સ્થળ બાબતે તેમના મંતવ્યોમાં મતભેદ પેદા થઈ ગયો, તો ઈબ્ને ઉમરે ફર્માવ્યું કે તે ઝાડ અલ્લાહના તરફથી રહમત હતું.[૧૦]

ઝિયાઉલ ઉમ્મત પીર કરમશાહ અઝહરીએ તારીખુલ ખમીસના હવાલાથી એક રિવાયત નકલ કરી છે જેમાં ખૂદ હઝરત ઉમર બિન ખત્તાબના હવાલાથી ઝાડને ન ઓળખવાની વાત કરવામાં આવી છે. રિવાયત આ પ્રમાણે છે :–

"હઝરત ઉમર رضی اللہ عنہ ઝાડના અદશ્ય થયા બાદ ત્યાંથી પસાર થયા. આપે પૂછ્યું, એ ઝાડ કઈ જગાએ હતું ? કોઈકે કહ્યું, આ જગાએ હતું, કોઈકે કહ્યું આ જગાએ હતું. જ્યારે એ ઝાડની જગાના બારામાં લોકોમાં મતભેદ વધ્યો તો આપે ફર્માવ્યું કે, આગળ ચાલો ! એ ઝાડ ગાયબ કરી દેવામાં આવ્યું છે."[૧૧]

'તારીખે ખમીસ' સામે નથી એટલા માટે એ રિવાયતના સહીહ કે ઝઈફ હોવાના વિશે હું કોઈ જિમ્મેદારી નથી લઈ શક્તો. જો કે બુખારી, મુસ્લિમ,

તબકાતે ઈબ્ને સઅદ તથા તારીખે ખમીસ વગેરેની વર્ણન થયેલ રિવાયતોની રોશનીમાં અમુક વાતો તરી આવે છે :–

૧. બયઅતે રિદ્વાનના પછીના વરસે હઝરત મુસૈયિબે સહાબાની એક જમાઅતની સાથે એ શોધવા ચાહ્યું પણ તેમને એ ઝાડ ન મળી શક્યું.

૨. અમુક વરસો પછી એવો જ બનાવ હઝરત ઉમરના સંગાથમાં અમુક સહાબીઓ સાથે પણ ઉપસ્થિત થયો.

૩. પછી કેટલાક વરસો પછી એવો જ બનાવ હઝરત ઈબ્ને ઉમર તથા તેમના સાથીઓ સાથે પણ બન્યો.

૪. સહાબાએ કિરામ رضوان الله تعالى عليهم اجمعين આ પ્રકારના મોતબર્રક (બરકતવંત) સ્થળોની તલાશમાં રહ્યા કરતા હતા.

૫. બુખારી શરીફની પ્રથમ રિવાયતથી એ વાત સાબિત થઈ કે કોઈ અન્ય ઝાડને લોકોએ ગલતીથી બયઅતે રિદ્વાનવાળુ ઝાડ સમજી લીધું હતું અને ત્યાં આવીને નમાઝો પઢયા કરતા હતા.

આ મુદ્દાઓથી યકીની તૌર પર એ પરિણામ કાઢી શકાય છે કે **જ્યારે એક વરસ પછી જ એ ઝાડના નિશ્ચિત સ્થળ વિશે મતભેદ પેદા થઈ ગયો હતો તથા એક રિવાયતના મુજબ તે ખુદાની કોઈ મસ્લેહતના હેઠળ નજરોથી ઓઝલ કરી દેવામાં આવ્યું હતું તો ફારૂકી ખિલાફતમાં એને કાપી નાખવાવાળી વાત કઈ રીતે સાચી ઠરી શકે છે ?** તબકાતે ઈબ્ને સઅદ અને મુસ્નફે ઈબ્ને અબી શયબાવાળી રિવાયત જેમાં ઝાડ કપાવવાની નિસ્બત હઝરત ઉમરની તરફ કરવામાં આવી છે તે 'મુન્કતઅ' હોવા ઉપરાંત સહીહૈન (બુખારી તથા મુસ્લિમ)ની રિવાયતથી વિરૂધ્ધ પણ છે એટલા માટે અમને એ સ્વીકાર્ય જ નથી કે હઝરત ઉમરે બયઅતે રિદ્વાનવાળા ઝાડને કાપવાનો હુકમ આપ્યો હતો. અને જો ધારો કે એકવાર ઈબ્ને સઅદની રિવાયત સ્વીકારી પણ લેવામાં આવે તો પછી બુખારીની રિવાયતની રોશનીમાં એવું કહેવામાં આવશે કે એ લોકોએ કોઈ બીજા ઝાડને ગલતીથી બયઅતે રિદ્વાનવાળુ ઝાડ સમજી લીધુ હતું એટલા માટે હઝરત ઉમરે તેને કાપવાનો હુકમ આપ્યો હતો જેથી નકલી ઝાડને લોકો અસલી ન સમજવા માંડે. હવે સવાલ એ ઉદ્ભવે છે કે ઝાડને શા માટે લોકોની નજરથી અદશ્ય કરી દેવામાં આવ્યું ? એનો જવાબ કેવળ એ છે કે એની હિકમત તથા મસ્લેહતનો ખરો ઈલ્મ એ જ જાત પાસે છે જેણે એને અદશ્ય કર્યું, એટલે કે અલ્લાહ તબારક વ તઆલાને. અલબત્ત શારેહે મુસ્લિમ ઈમામ નવવીએ આ હદીષની એ હિકમત લખી છે :–

"ઉલમા ફર્માવે છે કે એના અદશ્ય હોવામાં એ હિકમત હતી કે લોકો એના કારણે ફિત્નામાં ન પડી જાય, કેમ કે એના નીચે બયઅતે રિદ્વાન થઈ હતી અને સકીના નાઝિલ થયો હતો. એ વાત જાહેર તથા માલૂમ હતી જેથી અંદેશો હતો કે ગામડીયા તથા નાવાકેફ લોકો એની તાઝીમ કરશે, જેથી એનુ અદશ્ય થવું પણ અલ્લાહની રહમત હતું."[૧૨]

**ઈમામ નવવીની ઈલ્મી મહાનતા સામે મારી હૈસિયત ઝીરોથી પણ ઓછી છે, તેમ છતાં મારી અધૂરી સમજમાં એ વાત આવી કે જો ઝાડના અદશ્ય થવામાં આ જ હિકમત છે (એટલે કે જાહિલો થકી તાઝીમનો અંદેશો હતો) તો મક્કા મુકર્રમા, મદીના મુનવ્વરામાં કેવળ એ જ એક ઝાડ ન હતું ! જ્યાં એ અંદેશો થાય, બલ્કે ગારે હિરાથી લઈને મિમ્બરે રસૂલ તથા કૂબ્બે પાક સુધી અસંખ્ય એવા મોતબર્રક તથા પવિત્ર સ્થળો મૌજૂદ હતાં જ્યાં દર્શાવેલ અંદેશો થઈ શક્તો હતો તો પછી છેવટે તે સર્વ સ્થળો શાથી નજરોથી ઓજલ ન થઈ ગયાં ?!**

*–(જામે નૂર ડિસેમ્બર–૨૦૦૫ બ હવાલા તહકીકો તફહીમ, અઝ : ઉસૈદુલ હક્ક)*

**હવાલા :** ૧. *ઈક્તેદાઈસ્સિરાતિલ મુસ્તકીમ, ૧/૩૮૬, કાહિરા* ૨. *અત્તબકાતુલ કુબરા લિ ઈબ્ને સઅદ, ૨/૧૦૦ દારે સાદિર બૈરૂત, તથા મુસ્નફે ઈબ્ને અબી શયબા ૨/૧૫૦, રિયાઝ* ૩–૪. *લિસાનુલ મીઝાન, ૫/૪૧૬ બૈરૂત, તથા મીઝાનુલ એઅ્તિદાલ ફી નકદિર્રિજાલ, ૬/૩૬૦,* ૫. *અર્રિવાહુષ્ષકાત લિલ્ઝહબી, પેજ–૯,* ૬–૭–૮. *સહીહ બુખારી, કિતાબુલ મગાઝી બાબે ગઝવતુલ હુદૈબિયા* ૯. *સહીહ મુસ્લિમ, કિતાબુલ અમારત* ૧૦. *તબકાતે ઈબ્ને સઅદ, ૨/૧૦૫ બૈરૂત* ૧૧. *ઝિયાઉન્નબી ૪/૧૬૫,* ૧૨. *શરહે મુસ્લિમ નવવી, ૧૩/૫*

# ઈમામે આ'ઝમ અબૂહનીફા رضی اللہ عنہ નું જીવન ચરિત્ર

ઈમામે આ'ઝમ અબૂહનીફાનો જન્મ હિ. સ. ૮૦માં કૂફામાં થયો. તેમનુ નામ નોઅમાન રાખવામાં આવ્યું. તેમના પિતાનુ નામ ષાબિત બિન નોઅમાન હતુ. ઈમામે આ'ઝમ કૂફામાં ઉછરીને ઉમર લાયક થયા અને એ જ જગ્યાએ રહીને જિંદગીનો વધારે પડતો હિસ્સો શિક્ષણ અને ભણતર તેમજ ચર્ચા (મુનાઝરા) પર પસાર થયો. તેમના દાદા નોઅમાન અને પિતા ષાબિત બંને હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી ખૂબ જ મહોબ્બત રાખતા હતા. હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ ષાબિત અને તેમની ઔલાદ માટે બરકતની દુઆ કરી. ઈમામે આ'ઝમે પ્રથમ તો કૂફાની સૌથી મોટી દર્સગાહ જેમાં હઝરત હમ્માદ ભણાવતા હતા તેમની પાસે શિક્ષણ પ્રાપ્ત કર્યું. પછી ઈલ્મે હદીષ માટે મક્કા તેમજ મદીના શરીફની પણ સફર કરી. અને તે સમયના મહાન લોકો જેમાં તાબઈનનો પણ સમાવેશ થાય છે. ચારેવ ઈમામોમાંથી ઈમામે આ'ઝમને તાબઈ (એ મુસલમાન જેણે રસૂલુલ્લાહ ﷺના સહાબીને ઈમાનની હાલતમાં જોયા હોય અને તે હાલતમાં વિસાલ થયો હોય) થવાનો મર્તબો પ્રાપ્ત થયો છે. જ્યારે ઈમામે આ'ઝમે તેમના શિક્ષક હઝરત હમ્માદ પછી ભણાવવાનું શરૂ કર્યું ત્યારે થોડાક જ દિવસોમાં તે પ્રખ્યાત થઈ ગયા અને તેમની શાળામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ દૂર દૂરથી આવવા લાગ્યા તેથી તે શાળા સૌથી મોટી શાળા થઈ ગઈ. હઝરત મુસઅર ફર્માવે છે કે ઈમામે આ'ઝમ સવારથી રાતે ઈશાની નમાઝ સુધી દરેક વખતે શિક્ષણ તેમજ ફતવા વગેરેમાં વ્યસ્ત રહેતા અને રાતો અલ્લાહની ઈબાદતમાં પસાર કરતા હતા, દિવસે રોઝા રાખતા. પોતાના વિદ્યાર્થીઓની સાથે નરમી અને મહોબ્બત તેમજ ગરીબો અને મોહતાજોની જરૂરિયાત પૂરી કરતા. તેઓ કૂફામાં કાપડના સાચા અને પ્રમાણિક મોટા વેપારી હતા અને પોતાની જરૂરિયાતો તે કમાણી પરથી પૂરી કરતા.

## ઈમામે આ'ઝમના ઉપનામ વિશે ગલત ફહમી

અબૂ હનીફાથી સંબંધિત કેટલીક વાતો કહેવાય છે : એક તો એ કે એકવાર કોઈ સમસ્યા ઉભી થઈ જેને હલ કરવા તેમને પરેશાની થઈ ત્યારે તેમની છોકરી જેમનું નામ હનીફા હતું તેમણે એ શરત પર જવાબ આપ્યો કે તમે મારા નામ પર ઉપનામ રાખજો જેથી તેમણે અબૂહનીફા ઉપનામ રાખ્યું. પરંતુ આ વાત ખોટી છે કારણ કે હઝરત હમ્માદના સિવાય તેમની કોઈ ઔલાદ ન હતી અને એક સબબ એ પણ છે કે હનીફનો અર્થ હક્કની તરફ માઈલ થવું, તો તેમણે તમામ બાતિલ વસ્તુઓથી મોઢું ફેરવી સત્યની તરફ થઈ ગયા આથી આપનુ ઉપનામ અબૂહનીફા થયું અને એ જ વધારે સહીહ છે.

## ઈમામે આ'ઝમનો ઈલ્મી મક઼ામ

સૈયદના ઈમામે આ'ઝમના જ્ઞાનનું સ્થાન ખૂબ જ ઊંચુ છે, તેનો અંદાઝો એ પરથી કરી શકાય કે હદીષે નબવીમાં તેમના વિશે ખુશ ખબરી આવી છે. અબૂ નુઐમે હુલ્યામાં આ હદીષ રિવાયત કરી છે : ''જો ઈલ્મ તારાઓની પાસે હોત તો ફારસના અમુક માણસો તેને મેળવી લેતા.'' આ હદીષથી ઈમામે આ'ઝમ અબૂહનીફાના જ્ઞાનનું સ્થાન અને તેમના દરજ્જાની ઊંચાઈ સૂરજના ચમકતા કિરણોની જેમ જાહેર થતી જોવા મળે છે.

## દીની મસાઈલના જ્ઞાન (ફિક઼્હ)ની જરૂરત

અલ્લાહ તઆલા કુર્આને પાકમાં ઈર્શાદ ફર્માવે છે કે, ''પછી એવું કેમ ન થાય કે ઈમાન લાવનારાના દરેક ગિરોહથી એક વર્ગ (મનુષ્યનો સમુદાય) નીકળે જેથી દીનમાં ફિક઼્હનું જ્ઞાન મેળવે. *(પારા–૧૧, રુકૂઅ–૪)*

હુઝૂર નબીએ કરીમ ﷺ ઈર્શાદ ફમાર્વે છે કે, અલ્લાહ તઆલા જેના બારામાં ભલાઈનો ઈરાદો ફર્માવે છે તેને દીનમાં સમજનું (ફિક઼્હનું) જ્ઞાન અર્પણ કરે છે તેમજ કુર્આન તથા હદીષ બંનેના વર્ણન કરેલા સ્પષ્ટ આદેશથી એ હુકમની સાબિતી માટે ખૂબ જ સ્પષ્ટ છે કે મુસલમાનોને દીની મસાઈલના જ્ઞાનની સખ્ત જરૂરત છે.

## ઈમામે આ'ઝમ અને ઈલ્મે હદીષ

ઈમામે આ'ઝમ બીજા ઈલ્મો હુનરની જેમ હદીષમાં પણ પૂરી કાબેલિયત ધરાવતા હતા. અમુક અક઼્લથી નાવાકિફ અને બેવકૂફોએ ઈમામે આ'ઝમ પર આક્ષેપ કર્યો કે તેઓને ફક્ત સત્તર (૧૭) હદીષો યાદ હતી. આ મહાન આક્ષેપના જવાબમાં હઝરતે કિતાબ લખવામાં સિત્તેર હજારથી વધુ હદીષો બયાન કરી છે અને કિતાબુલ આષારને

રજૂકર્તા : **મુહમ્મદ સમીર–બરોડા** *(મુતઅલ્લિમ, દારુલ ઉલૂમ બુખારિયા ફૈઝુર્રસૂલ–ચાંચવેલ)*

ચાલીસ હજાર હદીષોથી પસંદ કરીને તૈયાર કરી છે. આ પરથી ઈમામે આ'ઝમના ઈલ્મે હદીષનું જ્ઞાન અને કાબેલિયત જાહેર થાય છે.

## ઈમામે આ'ઝમનું સ્થાન બારગાહે રિસાલતમાં

તઝકેરતુલ અવલિયામાં હઝરત ફરીદુદ્દીન અત્તાર عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ એ ફર્માવ્યું છે કે જ્યારે ઈમામે આ'ઝમ અબૂહનીફાએ હુઝૂરના મુબારક મઝાર પર હાજર થઈને ''અસ્સલામુ અલયકુમ યા સૈયદલ મુરસલીન'' કહીને સલામ પેશ કરી ત્યારે જવાબ મળ્યો કે, ''વ અલયકુમુસ્સલામ ! યા ઈમામલ મુસ્લિમીન !'' અલ્લાહુ અકબર ! હુઝૂરે આપને મુસલમાનોના ઈમામનો મુબારક લક઼બ આપ્યો. એટલા માટે જ આપના નામની નિસ્બતની સાથે લોકો આપને હુઝૂરના અર્પણ કરેલા લક઼બથી વધારે ઓળખે છે અને દુનિયા આપને ''ઈમામે આ'ઝમ''ના નામથી જાણે છે.

## ઈમામે આ'ઝમ જબરદસ્ત બુઝુર્ગ

હઝરત ઈમામે આ'ઝમ લોકોના વુઝૂના ટપકતા પાણીને જોઈને નિગાહે વિલાયતથી ઓળખી લેતા કે વુઝૂ કરવાવાળો કઈ બુરાઈમાં ફસાયેલો છે. જેવું કે રિવાયતમાં છે કે એકવાર તેઓ કૂફાની જામેઅ મસ્જિદના વુઝૂખાના પર તશરીફ લઈ ગયા. જોયું કે એક જવાન માણસ વુઝૂ કરતો હતો. વુઝૂથી ટપકતા પાણીને જ્યારે આપે જોયું ત્યારે કહ્યું કે, ''બેટા ! મા બાપને આપેલી તકલીફોથી તૌબા કરી લે.'' તે જ સમયે તે જવાન માણસે તૌબા કરી. તે જ રીતે એક માણસના વુઝૂને જોઈ ફર્માવ્યું કે ''ભાઈ ! ઝિનાથી તૌબા કરી લે !'' તે માણસે તરત જ તૌબા કરી લીધી.''

## ઈમામે આ'ઝમની બંદગી

હઝરત ઈમામ ઝહબી ફર્માવે છે કે, ઈમામે આ'ઝમે ચાલીસ વર્ષ સુધી ઈશાના વુઝૂથી ફજરની નમાઝ પઢી, આખી રાત આપ કુર્આન શરીફ પઢતા અને ખુદાના ખૌફથી એ રીતે રડતા કે આપના પડોશીઓને આપ પર દયા આવી જતી.

હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક رضی اللہ عنہ ફર્માવે છે કે, ઈમામે આ'ઝમ અબૂહનીફા رضی اللہ عنہ એક રકાતમાં એક કુર્આન પૂરું કરતા હતા.

હઝરત ઈમામે આ'ઝમ અબૂહનીફા رضی اللہ عنہ એ જ્યારે આખરી હજ અદા કર્યો તે સમયે તેમણે કા'બા શરીફના ખાદિમોને મોટી રકમનું નઝરાણુ આપ્યું અને ખાનએ કા'બાની અંદર નમાઝ પઢવાની પરવાનગી માંગી. જ્યારે પરવાનગી મળી ત્યારે આપે કા'બા શરીફની અંદર એક પગ પર ઉભા થઈ અડધુ કુર્આન પૂરું કર્યું કે અલ્લાહ તઆલા જે રીતે હું તારા હક઼્ક઼ને ઓળખી શકતો હતો મેં ઓળખ્યો, પરંતુ તેવી ઈબાદત ન કરી શક્યો જે રીતે મારે કરવાની હતી, એટલામાં ખાનએ કા'બાના એક ખૂણામાંથી અવાજ આવ્યો કે તમે જે રીતે ઓળખવાનો હક઼ હતો તમે ઓળખ્યો અને જે રીતે મારી ઈબાદત કરવાની હતી તે રીતે ઈબાદત કરી, મેં તમોને બખ્શી દીધા, અને એ દરેક માણસ જે ક઼યામત સુધી તમારા મઝહબ અને મસ્લક પર હશે. (સુબ્હાનલ્લાહ !)

## ઈમામે આ'ઝમને દુનિયાથી જાહેરી વિસાલ

જ્યારે ખલીફએ મન્સૂરે ઈમામે આ'ઝમને બગદાદ શહેરમાં બોલાવ્યા અને વિનંતી કરી કે તેઓ ન્યાયાધીશનું પદ ક઼બૂલ કરે. એનું કારણ એ હતું કે હઝરત ઈમામે આ'ઝમ જો ખલીફાની સાથે થઈ જાય તો દરેક જુલ્મ તથા સખ્તીમાં બરાબર શરીક થાય અને તે કોઈને ક઼ત્લ કરવાનો હુકમ આપે તો અથવા કોઈ વસ્તુની પાબંદી કરવાનું કહે તો તેની પર ઈમામે આ'ઝમ સિક્કો લગાવી આપે. પરંતુ આ વાત ઈમામે આ'ઝમને નાપસંદ હતી જેથી તેમણે ન્યાયાધીશના પદનો ઈન્કાર કર્યો. મન્સૂરે જીદ કરી, પરંતુ ઈમામે આ'ઝમ તેનો ઈન્કાર કરતા રહ્યા. આખરે મન્સૂરે આ બહાના હેઠળ ઈમામે આ'ઝમને જેલની સજા કરી અને દરરોજ ચાબુકથી મારતા હતા છતાં પણ ઈમામ આ'ઝમ ન્યાયાધીશના પદને ક઼બૂલ નથી કરતા. આખરે મન્સૂરે છુપી રીતે બેખબરીમાં ઝહેર આપવાનું કાવતરું કર્યું અને ઝહેરે પોતાની અસર દેખાડી અને સિત્તેર વર્ષની ઉંમરમાં હિ. સ. ૧૫૦માં ૨ શાબાનના રોજ ઈમામે આ'ઝમ અબૂહનીફાનો હાલતે સજદામાં વિસાલ થયો. બગદાદ શહેરના ન્યાયાધીશ હઝરત હસન બિન અમ્મારાએ ગુસ્લ આપ્યુ. આપની જનાઝાની નમાઝ છ વખતે પઢવામાં આવી. એક વખતે પચાસ હજાર લોકો જનાઝામાં સામેલ થયા, પછી પણ ભીડ થતી રહેતી. સૌથી છેલ્લા ઈમામે આ'ઝમના પુત્ર હઝરત હમ્માદે જનાઝાની નમાઝ પઢી અને બગદાદના મશહૂર ક઼બ્રસ્તાન ખિઝરાનમાં વસિય્યતના પ્રમાણે ઈમામે આ'ઝમને દફન કરવામાં આવ્યા. *(હયાતે ઈમામે આ'ઝમ, અઝ : મૌલાના મુહમ્મદ મુજાહિદ હુસૈન હબીબી)*

# હઝરત ખિઝ઼ર عليه السلام ની નબુવ્વત તથા હયાત પર

## એક સંશોધનાત્મક દૃષ્ટિ

**રજૂકર્તા : મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા)*

ક઼ૌમો અને મિલ્લતની રૂશ્દો હિદાયત અને તેમને સાચા માર્ગ ઉપર ચલાવવા માટે ખુદાવંદે કુદુસે સૌથી પહેલાં અંબિયાએ કિરામ અને રસૂલાને એઝ઼ામ عليهم السلام ને આ ધરતી ઉપર મોકલ્યા. તેમણે ખરાબીઓ તથા ખોટી રસમો, બદ્અખ્લાક઼ીઓ (અસભ્યતા) તથા બદ્કિરદારીઓના વિરુદ્ધ ઘણો જેહાદ કર્યો. તે જાહિલપણા અને મૂર્ખતામાં ડૂબેલા ઈન્સાનોને અલ્લાહ તઆલાનો પયગામ સંભળાવી અલ્લાહના કહર અને અલ્લાહના ગઝબથી વારંવાર ડરાવ્યા. છેવટે આ નબુવ્વત અને રિસાલતનો ક્રમ હુઝૂર ખાતમુન્નબીય્યીન સૈયદના મુહમ્મદ ﷺ પર આવી ખત્મ થઈ ગયો. હવે ક઼યામત સુધી ન કોઈ નવો રસૂલ આવશે, ન કોઈ નબી. આયતે કરીમા ولکن رسول الله وخاتم النبيين અને હદીષે મુતવાતિર لا نبی بعدی તેના ઉપર ગવાહ છે. હવે કોઈ તેના વિશે થોડી પણ શંકા કરે અથવા ઈન્કાર કરે તો તે કાફિર અને મુર્તદ છે. જેમ કે મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ક઼ાદરી બરકાતી رحمة الله عليه લખે છે :–

''હુઝૂર ખાતમુન્નબીય્યીન, સૈયદુલ મુરસલીન ﷺ નું ખાતિમ એટલે દુનિયામાં આવવામાં બધા અંબિયા તથા રસૂલોથી છેલ્લે હોવું વિના ખુલાસે અને વિના વિશેષતાએ જરૂરિયાતે દીનમાંથી છે, જે એનો ઈન્કાર કરે અથવા તેમાં રજ બરાબર શક કરે તે કાફિર, મુર્તદ, મલઊન છે.'' *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૬, પેજ–૫૭)*

''અમુક અંબિયાએ કિરામ અને રસૂલાને એઝ઼ામ عليهم السلام એ છે જેમના મુબારક નામોનું સ્પષ્ટ રીતે કુર્આન મજીદમાં વર્ણન થયું છે અને અમુકનું વર્ણન અસ્પષ્ટ રીતે થયું છે. એવું જ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمة الله عليه એ લખ્યું છે.'' *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૬, પેજ–૬૧)* તેમનામાંથી એક હઝરત ખિઝર عليه السلام પણ છે જે સંશોધક (મુહક્કિ઼ક઼) આલિમોની નજીક 'નબી' છે.

અમો નીચેની લીટીઓમાં આપની હયાત તથા નબુવ્વતના વિશે અમુક વાસ્તવિક અને સિદ્ધ થયેલ વાતો વાંચકો સમક્ષ રજૂ કરીએ છીએ, જેથી એ વાત પણ સૂરજની જેમ જગજાહેર થઈ જાય કે જેવી રીતે બીજા અંબિયા અને રસૂલોના વિશે આપણો અક઼ીદો દિવસના પ્રકાશની જેમ જાહેર છે, એવી જ રીતે આપણા નજીક હઝરત સૈયદના ખિઝર عليه السلام પણ નબી છે. આ જ દૃષ્ટિકોણ તથા નિર્ણય બહુમતિ અને સંશોધકોનો છે અને આપનું નબી હોવું જ અધિક સહીહ છે.

આ વાત હક઼ીક઼ત ઉપર નિર્ધારિત છે કે નબી અને રસૂલનો ઈલ્મ ક઼તઈ (નિશ્ચિત) અને યક઼ીની હોય છે. અને તેમનાથી જે કાર્યો પ્રગટ થાય છે તે પણ નિશ્ચિત યક઼ીની હોય છે જેમાં શંકા કુશંકાને કોઈ અવકાશ નથી.

જ્યારે કે એક વલીનો ઈલ્મ અને ઈલ્હામ (અલ્લાહ તરફથી દિલમાં ઉદ્ભવેલી વાત) કાલ્પનિક હોય છે અને તેમનાથી જે કાર્યો પ્રદર્શિત થશે તે પણ

કાલ્પનિક હશે. અને ઉલ્માએ કિરામ અને સંશોધકોનો ફેંસલો પણ એ છે કે હઝરત ખિઝર علیہ السلام થકી જે કાર્યો જેમ કે કશ્તીને તોડી કાઢવી, બાળકને ક઼ત્લ કરી દેવું, દિવાલને સીધી કરી આપવી.... વગેરે પ્રદર્શિત થયાં તે નિશ્ચિત અને યક઼ીની રીતે અલ્લાહની વહી છે. છેવટ સુધી.

**لان الاقدام علیٰ تنقیص اموال الناس وارقة دمائهم لایجوز الابالوحی ولنص القاطع وهو یدل علیٰ النبوة** (તઝકેરતુલ અંબિયા, પેજ–૩૭૬)

**સારાંશ** : "એટલા માટે કે લોકોના માલનુ નુકસાન કરવું અને કોઈને ક઼ત્લ કરી દેવું વિના વહી અને વિના નિશ્ચિત નસ (કુર્આનની આયત) કદાપી જાઈઝ નથી થઈ શકતું અને આ કાર્યો દલીલ છે આપની નબુવ્વત ઉપર."

## હઝરત ખિઝર علیہ السلام ની નબુવ્વત ઉપર દલીલો

કુર્આને મજીદમાં છે : **اٰتینٰه ورحمةً مّن عندنا**

"જેને અમે અમારી પાસેથી રહમત આપી." *(સૂરએ કહફ)*

આ આયતે કરીમા વિશે અલ્લામા કાઝી બૈઝાવી અને અલ્લામા ઈમામ અબુલ બરકાત અબ્દુલ્લાહ બિન મહમૂદ નસફી લખે છે, "તે વહી અને નબુવ્વત છે." *(તફસીરે બૈઝાવી, ૨/૧૩૩, તફસીરે મદારિકુત્તન્ઝીલ, ૩૧)*

હઝરત અલ્લામા ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہ લખે છે, "બહુમતિ ધરાવતા ઉલ્માએ ફર્માવ્યું : તે બંદો 'નબી' છે." *(તફસીરે કબીર, ૫/૫૧૪)*

હઝરત અલ્લામા મુહમ્મદ ઈસ્માઈલ હક્કી હનફી رحمۃ اللہ علیہ લખે છે, "વધુ પડતા ઉલ્મા આ વાત ઉપર સહમત છે કે હઝરત ખિઝર علیہ السلام નબીએ ગૈરમુરસલ (જેને કોઈ કૌમ માટે ન મોકલવામાં આવ્યા હોય) છે." *(તફસીરે રૂહુલ બયાન, ૫/૩૯)*

હઝરત ઈબ્ને અતિય્યહ્ તથા ઈમામ બગ્વીએ કહ્યું કે, "તે મોટા ભાગનાની નજીક નબી છે." અને એ જ પ્રમાણે ઈમામ કુર્તબીએ કહ્યું. *(તફસીરે જલાલી, પેજ–૨૪૭)*

અને ઉપરોક્ત આયતે કરીમામા "રહમત"થી મુરાદ નબુવ્વત અને વહી છે. જેમ કે હઝરત અલ્લામા ઈસ્માઈલ હક્કી હનફી رحمۃ اللہ علیہ લખે છે, "હઝરત ઈમામ મુસ્લિમે કહ્યું : નિઃશંક ! નબુવ્વત રહમત છે. જેમ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : તમારા રબની રહમત તેઓ વહેંચે છે." *(તફસીરે રૂહુલ બયાન, ૫/૪૦)*

આ આયતે કરીમા વિશે હઝરત સદરુલ અફાઝિલ અલ્લામા નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ એ "રહમત"થી મુરાદ "નબુવ્વત" જ લખ્યું છે. *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, પેજ–૮૮૪)*

હઝરત અલ્લામા સુલેમાન બિન અશ્શહીર બિલ જુમલ رحمۃ اللہ علیہ ફર્માવે છે, "હઝરત ખિઝર علیہ السلام વિશે મતભેદ છે કે તેઓ નબી છે, અથવા ફરિશ્તા કે વલી અને સાચુ એ છે કે તેઓ 'નબી' છે." *(અલ્જુમલ અલા તફસીરે જલાલૈન, ૩/૩૫)*

હઝરત અલ્લામા શૈખ અહમદ અન્સારી માલિકી رحمۃ اللہ علیہ ફર્માવે છે, "તેમની નબુવ્વતને જ એક મોટી જમાઅતે સહીહ કહી છે." *(તફસીરે સાવી, ૨૦/૩)*

હઝરત અલ્લામા અલાઉદ્દીન અલી બિન મુહમ્મદ બિન ઈબ્રાહીમ બગદાદી رحمۃ اللہ علیہ લખે છે, "એહલે ઈલ્મની સહમતિ એના પર છે કે હઝરત ખિઝર 'નબી' છે." *(તફસીરે ખાઝિન, ૩/૧૭૧)*

હઝરત અલ્લામા સૈયદ મહમૂદ આલૂસી رحمۃ اللہ علیہ લખે છે, "જમહૂર (બહમતિ) ઉલ્મા એ વાત તરફ ગયા છે કે હઝરત ખિઝર علیہ السلام હજુ જીવંત છે, આપણી વચ્ચે મૌજૂદ છે, અને આ સૂફિયાએ કિરામના નજીક સહમતિ પામેલ છે. જેને હઝરત ઈમામ નવવી શાફઈએ કહ્યું છે અને હઝરત ઈમામ ષઅલબીથી નક઼લ પામેલ છે કે હઝરત સૈયદના ખિઝર علیہ السلام 'નબી' છે, ઉમર પામેલ છે, બધા કથનો અનુસાર. લોકોની નજરોથી ઓજલ છે. અને ઈબ્ને સલાહએ કહ્યું કે હઝરત ખિઝર علیہ السلام જીવંત છે. જમહૂર ઉલ્માની નજીક અને અવામ પણ આ મસ્અલામાં જમહૂર ઉલ્મા સાથે છે." *(તફસીરે રૂહુલ મઆની, ૯/૪૬૪)*

બુખારી શરીફનો હાશિયો લખનાર હઝરત અલ્લામા બદરુદ્દીન મહમૂદ બિન અહમદ ઈસા رحمۃ اللہ علیہના હવાલાથી લખે છે, ''અને આ સાચુ છે કે હઝરત ખિઝર علیہ السلام 'નબી' છે. એક જમાઅતે તેના ઉપર જ યક઼ીન કર્યું છે અને ઈમામ ષઅલબીએ કહ્યું કે તેઓ 'નબી' છે. બધા કથનોની બુનિયાદ પર ઉમર પામેલા છે, અને લોકોની નજરોથી છુપાયેલા છે. અને અલ્લામા ઈબ્ને જવઝીએ પોતાની કિતાબમાં આ કથનને સાચુ ઠેરાવ્યું છે.''

હઝરત ઈમામ મુસ્લિમ બિન હજ્જાજ કુશૈરી رحمۃ اللہ علیہ લખે છે :–

**واحتج من قال بنبوته بقوله مافعلته عن امری، فدل علیٰ انه نبی او حی الیه۔۔۔اه**

''અને જેમણે આપની નબુવ્વતનું કથન કર્યુ. તેઓએ અલ્લાહ તઆલાના આ ક઼ૌલને : 'અને આ બધુ મેં પોતાના હુકમથી નથી કર્યું'ને દલીલ બનાવ્યો અને આ કથન આપની 'નબુવ્વત' પર દલીલ છે. અને આપના તરફ વહી કરવામાં આવી. *(મુસ્લિમ શરીફ, ૨/૨૬૯)*

રસૂલુલ્લાહ ﷺના કથન **انما يسمّى الخضر**ના મુતાબિક મિશ્કાત શરીફના હાશિયા ૯ માં છે , ''અને સાચુ એ જ છે કે હઝરત ખિઝર علیہ السلام 'નબી' છે, ઉમર પામેલા છે, લોકોની નજરોથી છુપાયેલા છે, અને ક઼યામત સુધી જીવંત રહેશે. એટલા માટે કે તેમણે આબે હયાત (અમૃત જળ) પીધું છે. અને આના ઉપર જમહૂર ઉલ્મા, સૂફિયા અને મોટાભાગના સાલેહીન સહમત છે.'' *(મિશ્કાત શરીફ, ૨/૫૦૭)*

હઝરત અલ્લામા બદરુદ્દીન અયની ઝમખ્સરીના હવાલાથી લખે છે, ''અને ઝમખશરીએ પણ આપની નબુવ્વતનો ક઼ૌલ (કથન) કર્યો છે જેમ કે જમહૂર એ વાત તરફ ગયા છે.'' *(ઉમદતુલ ક઼ારી, ૨/૧૯૬)*

હઝરત ખિઝર علیہ السلامએ પોતાના સંગાથમાં જે કાર્યો અંજામ આપ્યાં જેમ કે નાવડીને તોડી નાખવી, બાળકને ક઼તલ કરી દેવું, દિવાલને સીધી કરી આપવી વગેરે, તેનો ખુલાસો અને સ્પષ્ટતા વર્ણન કરતાં હઝરત અલ્લામા બદરુદ્દીન અયની رحمۃ اللہ علیہ દલીલ તથા પોતાનો ફૈસલો ફર્માવી આ સમજ આપવા માંગે છે કે આ કાર્ય કોઈ વલી નથી કરી શકતો, બલ્કે આ કાર્યો એક નબી જ કરી શકે છે. જેમ કે, ''આ બધાં કાર્યો આપે વહીની બુનિયાદ પર જ કર્યાં છે, જે હઝરત ખિઝર علیہ السلامની નબુવ્વત પર હુજ્જત તથા દલીલ છે.'' *(ઉમ્દતુલ ક઼ારી, ૨/૧૯૬)*

મુજદિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ક઼ાદરી બરકાતી رحمۃ اللہ علیہ હઝરત સૈયદના ખિઝર علیہ السلام નબી હોવાના સુબૂત પર જમહૂર ઉલમા અને મોટા મુફસ્સિરો અને સંશોધકોથી સનદ પામેલ અને ભરોસાપાત્ર કિતાબોનો ખુલાસો આ રીતે લખે છે, ''સૈયદના ખિઝર علیہ السلام પણ જમહૂરના નજીક 'નબી' છે અને તેમને ખાસ રીતે ઈલ્મે ગૈબ અતા કરવામાં આવ્યો છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : **وعلّمناه من لدنا علما** ''અને અમોએ તેમને ઈલ્મે લદુન્નબી આપ્યો.'' *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૧૨, પેજ–૨૧)* હકીમુલ ઉમ્મત હઝરત અલ્લામા મુફતી અહમદ યારખાં નઈમી પોતાનો ફૈસલો લખે છે, ''આપ હઝરત ખિઝર علیہ السلام 'નબી' છે.'' *(મિર્અતુલ મનાજીહ, ૭/૭૫૯)*

શારેહે બુખારી હઝરત અલ્લામા મુફતી શરીફુલ હક્ક઼ અમજદી رحمۃ اللہ علیہ ઉત્તમ અને સ્પષ્ટ કથન લખે છે, ''સાચુ એ જ છે કે 'નબી' છે. તેમનો આ ઈર્શાદ : **مافعلته عن امری** (તે બાળકનું ક઼ત્લ મેં પોતાની ઈચ્છાથી નથી કર્યું) તો અનાયાસે માનવું જ પડશે કે તેમને તે બાળકને ક઼ત્લ કરી દેવાનો હુકમ 'વહી' થકી થયો હશે એટલા માટે પેરવી કરવી વાજિબ હતી. જો વલી હોત તો એ કથનનો ખુલાસો એ થતો કે તેમને 'ઈલ્હામ' થયો હતો. અને કોઈ વલી માટે એ જાઈઝ નથી કે તેને જો કોઈના ક઼ત્લનો ઈલ્હામ થાય તો તેનું મુત્યુ કરી દે. અને 'વહી' નબી ઉપર જ આવે છે.'' *(નુઝહતુલ ક઼ારી, ૧/૪૧૮)*

મુફસ્સિરે કુર્આન હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી رحمۃ اللہ علیہ ઉલ્માએ મુહક્કિક઼ોની રાયનો

ઈઝહાર આ રીતે કરે છે : "સંશોધક આલિમોની રાય એ છે કે હઝરત ખિઝર عليه السلام નબી હતા, એટલા માટે કે વલીના ઈલ્હામ વડે કાલ્પનિક ઈલ્મ પ્રાપ્ત થાય છે, અને તેમાં ભૂલનો સંદેહ રહે છે. ઈલ્હામના કારણે કત્લ જેવા ભયાનક કાર્યમાં પડવું જાઈઝ નથી. એટલા માટે આપને "નબી" માનવા પડશે અને નબીનો ઈલ્મ યકીની હોય છે. *(તફસીરે ઝિયાઉલ કુર્આન, ૨/૩૮)*

ફકીહે મિલ્લત હઝરત અલ્લામા મુફતી જલાલુદ્દીન અહમદ કિબ્લા અમજદી رحمة الله عليه ઈમામ ફખ્રુદ્દીન રાઝી અને અલ્લામા સુલૈમાન જુમલ رضوان الله تعالى عليهم اجمعين ના હવાલા થકી લખે છે : "સાચુ એ જ છે કે હઝરત ખિઝર عليه السلام 'નબી' છે." *(ફતાવાએ ફૈઝુર્રસૂલ, ૧/૩૯)*

શેહઝાદએ હુઝૂર હકીમુલ ઉમ્મત અલ્લામા મુફતી ઈકતેદાર અહમદ નઈમી رحمة الله عليه જમહૂરના કથનને નકલ કરી લખે છે : "જમહૂર ઉલ્મા અને મુહક્કિકોની એ વાત ઉપર સહમતિ છે કે હઝરત ખિઝર عليه السلام ઘણી અઝમતવાળા 'નબી' છે." *(ફતાવાએ નઈમિયા, ૨/૨૯૭)*

## હઝરત ખિઝર عليه السلام ની હયાત વિશે દલીલો

જેવી રીતે જમહૂર ઉલમા અને સંશોધકોના નજીક હઝરત સૈયદના ખિઝર عليه السلام 'નબી' છે, એ જ રીતે તેઓ હમણા સુધી જીવંત (હયાત) છે અને દરેક વરસે હજ્જ કરે છે, ઝમઝમ શરીફનું પાણી પીયે છે. જેમ કે આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمة الله عليه 'શરહે મિકાસિદ'ના હવાલાથી લખતાં આપની હમેશગીની જિંદગી વિશે લખેલ છે : "એ અર્થમાં કે હમણા સુધી મૌત બિલકુલ નથી આવી, ચાર નબીઓ જીવંત છે : હઝરત ઈસા عليه السلام અને હઝરત ઈદ્રીસ عليه السلام આસ્માન ઉપર અને હઝરત ઈલ્યાસ عليه السلام અને હઝરત ખિઝર عليه السلام જમીન ઉપર."

શરહે મકાસિદમાં છે, "વિદ્વાન ઉલ્મા એ તરફ ગયા છે કે બેશક ! ચાર નબી જીવંત (હયાત) છે : હઝરત ખિઝર અને હઝરત ઈલ્યાસ જમીન ઉપર અને હઝરત ઈસા અને હઝરત ઈદ્રીસ આસ્માન ઉપર, તેમના ઉપર દુરૂદો સલામ." (عليهم السلام) *(ફતાવા રઝવિય્યહ, ૧૧/૪૫)*

ઈમામ અહમદ રઝા બરેલ્વી હયાતે અંબિયા عليهم السلام વિશે લખે છે : "સર્વ અંબિયાએ કિરામ વાસ્તવિક, રૂહાની, શારીરિક જીવન સાથે જીવંત છે. તેમનું મૃત્યુ માત્ર અલ્લાહ તઆલાના એકરાર સાબિત કરવા માટે એક પલ માટે થાય છે. જમહૂર ઉલ્માની નજીક ચાર નબીઓ વિના મૃત્યુ પામે હજુ સુધી જીવંત છે. આસ્માનમાં હઝરત સૈયદના ઈદ્રીસ અને ઈસા عليهما السلام અને જમીનમાં હઝરત સૈયદના ઈલ્યાસ અને ખિઝર عليهما السلام.

અને આ બંનેવ હઝરાત દર વરસે હજ્જ કરે છે અને હજ્જ પૂરી થઈ ગયા પછી ઝમઝમ શરીફ પાસે એકબીજાને મળે છે અને આબે ઝમઝમ પીયે છે જે આવતા વરસ સુધી તેમના માટે પૂરતુ રહે છે, પછી તેમને કાંઈ ખાવા પીવાની જરૂરત નથી રહેતી. થોડી લીટીઓ પછી વધુ આ'લા હઝરત લખે છે :–

"હઝરત ખિઝર عليه السلام હુઝૂર صلى الله عليه وسلم ના જાહિરી વિસાલ પછી સહાબાએ કિરામ رضوان الله تعالى عليهم اجمعين ને દિલાસો આપવા તશરીફ લાવ્યા, મસ્જિદે નબવી શરીફના માર્ગમાં હઝરત અમીરુલ મુ'મિનીન ઉમર બિન અબ્દુલ અઝીઝ رضي الله عنه થી વાતો કરતા, અને તેમની સાથે ટેક લગાડી રસ્તે ચાલતા નજર આવ્યા, વિદ્વાન ઔલિયાએ કિરામ પાસે તશરીફ લાવતા રહ્યા, હુઝૂર ગૌષે આ'ઝમ رضي الله عنه ની મેહફિલોમાં વધારે કરમ ફર્માવ્યો અને હજુ સુધી ઔલિયાએ કિરામથી મળે છે, જંગલમાં મુસીબતના સમયે મુસલમાનોની મદદ ફર્માવે છે. *(ફતાવા રઝવિય્યહ, ૧૨/૨૦૬)* હઝરત અલ્લામા મુહમ્મદ ઈસ્માઈલ હક્કી હનફી رحمة الله عليه ફર્માવે છે, "તફસીરે બગ્વીમાં ઈમામ બગ્વી ફર્માવે છે : ચાર નબીઓ કયામત સુધી જીવંત રહેશે, બે જમીન પર તે હઝરત ઈલ્યાસ عليه السلام અને હઝરત ખિઝર عليه السلام છે.

મુહક્કિકે અલલ ઈત્લાક અલ્લામા શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمة الله عليه લખે છે, "હઝરત મોહયુસ્સુન્નતથી નકલ છે કે ચાર નબીઓ જીવંત છે: બે જમીન ઉપર, તે ખિઝર અને ઈલ્યાસ છે અને બે આસ્માનમાં, તેઓ હઝરત ઈદ્રીસ અને ઈસા

છે. (عَلَيْهِمُ السَّلَام) (અશિઅતુલ્ લમ્આત, ભાગ–૪, પેજ–૩૭૦)

શારેહે બુખારી હઝરત મુફતી શરીફુલ હક્ક અમજદી رحمۃ اللہ علیہ લખે છે : "બધા ઉલ્મા અને સંપૂર્ણ અવલિયાની તેહકીક એ છે કે હઝરત ખિઝર علیہ السلام હજુ જીવંત છે અને દજજાલ પછી જયારે ઈમાન ઉઠી જશે તે ઘડી વિસાલ ફર્માવશે. હુઝૂર ﷺ અને સહાબાએ કિરામ સાથે તેમની મુલાકાત સાબિત છે અને ઔલિયા સાથે તો લગાતાર છે. કઅબ અહબારએ ફર્માવ્યું, ચાર નબીઓ જીવંત છે અને જમીનવાળાઓ માટે અમાન છે, બે જમીન ઉપર હઝરત સૈયદના ખિઝર અને હઝરત સૈયદના ઈલ્યાસ علیہم السلام અને બે આસ્માન ઉપર હઝરત સૈયદના ઈદ્રીસ અને હઝરત સૈયદના ઈસા علیہم السلام. (નુઝહતુલ કારી, ૧/૪૧૮)

ટૂંક સાર એ કે હદીષ અને તફસીર, ફિકહ અને ઉસૂલે ફિકહની સનદ પામેલ અને પ્રચલિત કિતાબોના લખાણનો સ્પષ્ટીકરણ અને વિવરણથી એ વાત સૂરજની જેમ પ્રકાશિત અને દિવસની જેમ ઉજજવળ થઈ જાય છે કે જેવી રીતે ઉલ્મા અને સંશોધકોની સમક્ષ હઝરત ખિઝર علیہ السلام નબી છે એવી જ રીતે આપ હજુ સુધી જીવંત છે.

મસ્અલાએ કલામિયા : હઝરત સૈયદના ખિઝર علیہ السلامની નબુવ્વતના અને હયાત વિશે આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો જે દૃષ્ટિકોણ અને નિશ્ચય છે તે જ વધુ પડતા મુફસ્સિરો અને મુહક્કિકો અને જમહૂર ઉલ્માનો છે. આ હકીકતમાં કોઈ શંકા નથી કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ પોતાની કિતાબો, ફત્વાઓમાં જમહૂર ઉલ્માની તેહકીકાત અને વિવરણોની પેરવી કરી છે, ઈલ્મ અને ફઝ્લવાળાઓના કથનોને અને દૃષ્ટિકોણને સાચા ઠરાવ્યા છે જેનાં ઘણા ઉદાહરણો ફત્વાએ રઝવિય્યહ્માં જોઈ શકાય છે. એટલા માટે આપણા સમક્ષ ઉપરોક્ત મસ્અલામાં ઈમામ અહમદ રઝાની તેહકીક (સંશોધન) જ ફાઈનલ વાતની પ્રતિષ્ઠા ધરાવે છે.

અલ્લાહ તઆલા ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કબ્ર ઉપર રહમત તથા નૂરની વર્ષા વરસાવે અને આપણને આપનાં ઈલ્મી તથા ફિક્હી સંશોધનોને વધુથી વધુ આમ કરવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

–('પયામે હરામ' મંથલી, નવે–ડિસે. ૦૯, જમદાશાહી)

પેજ નં. ૧૯નું ચાલુ...

પરંતુ હબીબ તે હોય છે જેનાથી અલ્લાહ તઆલા ખૂદ આ ફર્માવે છે :–

"અય ગૈબની ખબરો આપનાર ! (નબી) અલ્લાહ તમને પૂરતો છે." (સૂરએ અનફાલ, આ. નં. ૬૪)

ખલીલ તે હોય છે જેની બારગાહે ઈલાહીમાં આમ અરજ કરવી પડતી :–

"અને મારી સાચી ખ્યાતિ રાખ પાછલાઓમાં." (સૂરએ શુઅરા, આ. નં. ૮૪)

પરંતુ હબીબ તે છે જેના વિશે પરવરદિગારે આલમ જાતે આમ ફર્માવે : "અને અમે તમારા માટે તમારું ઝિક્ર બુલંદ કર્યું." (સૂરએ નસરહ, આ. નં. ૪)

એટલે કે નબી કરીમ ﷺના મુબારક ઝિક્રને સવાલ કર્યા વિના બુલંદ કરી દીધું. આ સિવાય ખલીલ તે હોય છે જે બારગાહે ખુદાવંદીમાં આ પ્રમાણે અરજ કરે :–

"મને તેમજ મારા દીકરાઓને મૂર્તિપૂજાથી બચાવ." (સૂરએ ઈબ્રાહીમ, આ. નં. ૩૫)

પરંતુ હબીબ તે હોય છે જેના ઘરવાળાના વિશે અલ્લાહ તઆલા જાતે જ આવી ખુશખબરી આપે :–

"અલ્લાહ તો એ જ ઈચ્છે છે અય નબીના ઘરવાળાઓ ! તમારાથી પ્રત્યેક નાપાકી દૂર કરી નાખે અને તમને પાક કરીને ખૂબ સ્વચ્છ કરી આપે." (સૂરએ અહઝાબ, આ. નં. ૩૩)

આ સિલસિલામાં અમે જે ચર્ચા કરી છે તે કેટલાક હઝરાતના વિગતવાર વર્ણન કરતા લેખના કેટલાક લેખ અને કેટલાક અહેવાલ પર આધારિત છે. યાદ રાખશો કે દરેક શખ્સ પોતાની રીતે કામ કરે છે અને તમારો રબ્બ જ બેહતર જાણે છે કે રાહે હિદાયતના વધારે નજીક કોણ છે.

# સૂફીઈઝમની

## હકીક઼ત તેના પર વાંધા અને જવાબો

:: રજૂકર્તા ::
**પટેલ શબ્બીર અલી રઝવી**
**દયાદરવી**
*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

કુર્આન તથા હદીષની શમ્આઓની રોશનીમાં જ શરીઅતના ચુસ્ત પાબંદ રહી કુર્બે ખુદા પામવા માટે પોતાની મંઝિલો પાર પાડનારા તસવ્વુફ (સૂફીઈઝમ)ની રાહના મુબારક મુસાફરો એટલે સૂફીઓના વિરુદ્ધમાં જાત જાતના તથા ભાત ભાતના આક્ષેપો અમુક ઈસ્લામના પશ્ચિમી વિરોધીઓ થકી થતા રહ્યા છે તથા મુસ્લિમોને શંકાકુશંકા તથા વસવસામાં ફેંકવા પ્રયત્નો થતા રહ્યા છે, પણ અમુક કહેવાતા મુસ્લિમો પણ તસવ્વુફ (સૂફીઈઝમ)ના નામથી ભડકી ઉઠે છે ! એવા ગુમરાહોમાં એક નામ કહેવાતા "જમાઅતે ઈસ્લામી" ફિર્કાના બાની મૌલાના મૌદૂદીનું છે, અને તેના બંદા તથા ગુલામ એવા તેમના અનુયાયીઓ જેમ કે "અંજુમન વોઈસ (મંથલી) ભરૂચ"વાળા પણ અવારનવાર એમની બોલી બોલતા રહે છે. જુઓ : અંજુમન વોઈસ મંથલી, પેજ–૧૭, મે–૨૦૧૦ જેમાં સૂફીઈઝમને "હિંદુઓના ગુરૂ ચેલા" સમાન દર્શાવી દિલની આગ ઠાલવી છે. તો સૌ પ્રથમ મૌલાના મૌદૂદીની તસવ્વુફ (સૂફીઈઝમ)ની અદાવતની હાલત જોઈ લઈએ કે જેની તક્લીદ તેમના આ ચેલાઓ કરી રહ્યા છે.

### સૂફીઈઝમના વિરોધીઓની ગૈર ઈસ્લામી વાતો

પૂર્વજ બુઝુર્ગો, સૂફીઓ બલ્કે ખૂદ હુઝૂર ﷺની જેમ રહણી કરણી, તેમના જેમ ભોજનો, તેમની સુન્નતો જેમ પહેરવેશ, તેમના જેમ દાઢી વગેરે અપનાવવાનો કુર્આન હદીષનો જ આદેશ છે છતાં પણ આ તરંગી મૌલાના મૌદૂદી તેને અપનાવવાને "ઐતિહાસિક ડ્રામો" કહે છે ! *(જુઓ ! તન્ક઼ીહાત, પેજ–૩૭૦, અઝ : મૌદૂદી)*

તથા એક જગાએ લખે છે :–

> *"પ્રથમ ચીજ જે "મને" હઝરત* **મુજદ્દિદ અલ્ફેષાનીના** *સમયથી* **શાહ (વલીયુલ્લાહ)** *સાહબ અને તેમના ખલીફાઓ સુદ્ધાંનાં તજદીદી* **કામમાં ખટકી** *છે તે એ છે કે તેમણે "તસવ્વુફ"ના બારામાં મુસલમાનોની બીમારીનો પૂરો અંદાઝો નથી લગાડયો અને* **અજાણતામાં** *તેમને* **ફરી તે જ ખોરાક આપ્યો** *જેનાથી સંપૂર્ણ પરહેઝ કરાવવાની જરૂરત હતી. (તજદીદે અહયાએ દીન, પેજ–૧૧૯, લેખક : મૌલાના મૌદૂદી, બહવાલા : શીશ મહલ, અઝ : હઝરત મુશ્તાક અહમદ નિઝામી رحمۃ اللہ علیہ)*

એટલે કે શરૂથી અત્યાર સુધીના બુઝુર્ગો, સૂફીઓ તેમની નજરમાં ગલત સાબિત થયા છે ! એક ઠેકાણે લખે છે :–

> *"હવે જે કોઈએ પણ તજદીદના (દીનને જીવંત કરવા) માટે કામ કરવું હોય તેના માટે લાઝિમ છે કે સૂફીપણાની ભાષા તથા બોલીઓથી, રહસ્યો તથા ઈર્શાદોથી, લિબાસ તથા તરીક઼ાઓથી, પીરી મુરીદીથી અને દરેક તે ચીજથી જે એ તરીક઼ાની યાદ તાજી કરનારી હોય તેનાથી મુસલમાનોને એવી રીતે પરહેઝ કરાવે જેવી રીતે ડાયાબિટીસના દર્દીઓને ખાંડથી પરહેઝ કરાવાય છે."*
>
> *(હવાલો ઉપર મુજબ, પેજ–૧૨૨)*

એક ઠેકાણે આ જ લખાણમાં મૌદૂદીએ સૂફીઈઝમને અફીણ (નશા) સાથે સરખાવેલ છે.

સારાંશ કે આ પશ્ચિમીઓના આશિક઼ એવા કોટ

પેન્ટ, ટાઈ, ક્લિન સેવ કે ફ્રેન્ચ કટ દાઢીવાળા બંદાઓને પસંદ કરનારાને તથા પોતાની જ પુત્રીઓને બેપર્દા મિશ્ર કોલેજોમાં ફેશનેબલ કપડાં સાથે મોકલી **B.A., M.A.** કરાવનારને સુન્નતોના પાબંદ, લાંબી દાઢીવાળા, સાદા લિબાસવાળા, જભ્ભાવાળા, ઝિક્રે ઈલાહીમાં, વિર્દો વઝાઈફમાં જીવન બસર કરનારા સૂફીઓ ક્યાંથી ગમી શકે ?!

એ જ પ્રમાણે ઉર્દૂ માસિક "તજલ્લી" (દેવબંદ)ના એડિટર આમિર ઉષ્માની દેવબંદી સમક્ષ જ્યારે "ઝલઝલા" (અઝ : અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ) કિતાબ થકી **દેવબંદી પેશવાઓની ડબલબોલી જાહેર થઈ જાય છે અને જે ચીજને નબી, વલી માટે તેઓ "શિર્ક" કહે છે તે જ વાતો જેમ કે ઈલ્મે ગયબ માનવું, મદદે પહોંચવું, પોતાના હાલની ખબર પડી જવી, મદદ માંગવી.....વગેરેને પોતાના મોલ્વીઓ માટે માનવાના કિસ્સા તેમની જ કિતાબોમાંથી રજૂ કરાયા** તો ખસીયાણા પડી ગયા ! અને કોઈ જવાબ ન બનતાં છેલ્લે લખી માર્યું કે......દેવબંદી ઉલમા કેવળ આલિમ જ નહીં સૂફી તથા શયખ પણ હતા ! ..........અને તસવ્વુફને એક "નશો" કહ્યું અને "શરીઅતનો દુશ્મન" કહ્યું ! *(જુઓ : તજલ્લી ડાક નંબર, મે–૧૯૭૩, પેજ–૯૩, બહવાલા : ઝલઝલા)*

સારાંશ કે પશ્ચિમી ઈસ્લામ વિરોધીઓ તેમજ આવા કેટલાક કલ્મા ગો ગુમરાહોએ પણ તસવ્વુફ (સૂફીઈઝમ) વિશે ચિત્ર વિચિત્ર વાતો લખી છે તથા આક્ષેપો કર્યા છે, તો અત્રેના લખાણમાં આપણે તસવ્વુફ (સૂફીઈઝમ) શું છે ? કુર્આન હદીષ મુજબ છે કે નહીં ? તથા પૂર્વજ બુઝુર્ગો, સૂફીઓનાં શું કારનામાઓ છે જેનાથી ઈસ્લામ જગતભરમાં ફેલાયો છે, તેની સંક્ષિપ્ત ચર્ચા કરી લઈએ.

## "સૂફી" સંબોધન વિશે સંક્ષિપ્ત ચર્ચા

અબૂ રયહાન બયરૂની (હિ. ૯૭૩–૧૦૪૮) કહે છે કે "સૂફી" (صوفی) એ સૂફ (سوف) માંથી નીકળેલ છે યૂનાની ભાષાનો શબ્દ છે. 'સૂફ'નો અર્થ 'હિકમત' છે એટલા માટે 'હકીમ' તથા 'દાનિશ્વર' (ડાહ્યા માણસ)ને 'ફીલોસૂફ' કહે છે ફીલા (فیلا)નો અર્થ મુહિબ્બ (ચાહક) અને 'સૂફ'નો અર્થ હિકમત, એટલે દાનિશ (શાણપણ) તથા હિકમતથી મહોબ્બત કરનાર. 'સૂફ' શબ્દને જ્યારે અરબીમાં ઢાળવામાં આવ્યો તો અપભ્રંશ બાદ 'સૂફી' (صوفی) બની ગયો. જો કે બૈરૂનીની આ રાય સંતોષજનક નથી કેમ કે યૂનાની કિતાબોના અરબી અનુવાદનો ક્રમ ત્રીજી સદી હિજરીના મધ્યથી શરૂ થયો. અને સૌ પ્રથમ સૂફી લકબથી જે સંબોધાયા તે અબુલ હાશિમ કૂફી જેમની વફાત હિ. સ. ૧૫૦માં થઈ હતી.

અમુકે કહ્યું, 'સૂફી' સફાથી નીકળેલ છે કેમ કે એ લોકો જાહેર તથા બાતિન (અંતર) બંનેની સફાઈ તથા પાકીઝગીની અનહદ કાળજી રાખે છે એટલા માટે એમને સૂફી કહેવામાં આવ્યા.

અમુક ઉલમાએ 'સફ'ને સૂફીનું મૂળ દર્શાવ્યું, કેમ કે જેહાદે અસ્ગર (જંગ) તથા જેહાદે અકબર (શરીઅતની પાબંદી)માં આ લોકો હમેશાં પ્રથમ 'સફ'માં જાહેરી તથા બાતિની દુશ્મનો સામે છાતી તાણીને રહે છે.

અમુક હઝરાતનું કથન છે કે અસ્હાબે સુફ્ફાની નિસ્બતથી તેમને સૂફી કહેવામાં આવે છે, કેમ કે આ હઝરાત દુનિયાના હંગામાઓથી પોતે પોતાને મુક્ત કરીને દિવસ રાત ઝિક્રે ઈલાહી તથા રસૂલેપાક ﷺની પયરવીમાં સક્રિય રહેતા હતા, અને ફકીરી તથા દુરવેશીની જિંદગી બસર કરનારા લોકોએ પણ દુનિયાની લિજ્જતો, એશ આરામ તથા આકર્ષણોને તલાક દઈ દીધી છે અને કેવળ અલ્લાહની રઝા હાંસલ કરવા માટે રાત દિવસ વ્યસ્ત રહે છે એટલા માટે એમને અસ્હાબે સુફ્ફાથી ખાસ નિસ્બત છે જેથી તેમને 'સૂફી' કહેવામાં આવે છે.

અમુક મુહક્કિકો (સંશોધકો)એ એટલા માટે સૂફી કહ્યા કે એ લોકો ઊન (સૂફ)નો લિબાસ પહેરતા હતા. આ બધા 'સૂફી' શબ્દના શાબ્દિક અર્થોની ચર્ચા હતી

હવે આપણે મૂળ હેતુ "તસવ્વુફ" (સૂફીઈઝમ, સૂફીપણા)નો શો ભાવાર્થ છે તે સમજીએ.

## તસવ્વુફ (સૂફીઈઝમ-સૂફીપણા)ની વિવિધ વ્યાખ્યાઓ

**અલ્લામા ઈબ્ને ખુલ્દુન** પોતાના મુકૃદમામાં ઈલ્મે તસવ્વુફના પ્રકરણમાં એની સ્પષ્ટતા કરતાં લખે છે : "તસવ્વુફ (સૂફીઈઝમ)નો અર્થ છે ઈબાદત પર હમેશાં પાબંદી કરવી, અલ્લાહ તઆલા તરફ સંપૂર્ણપણે ધ્યાનિત થવું, દુનિયાની ઝાક ઝમાળ, સજાવટથી વિમુખ થવું. લિજ્જત, માલ તથા જાહોજલાલ જેના પ્રતિ સામાન્ય લોકો આકર્ષાતા હોય છે તેનાથી અલિપ્ત થવું. આ તરીકો સહાબાએ કિરામ તથા પૂર્વજ બુઝુર્ગોમાં સામાન્યતઃ રિવાજ પામેલ હતો."

તસવ્વુફની વ્યાખ્યામાં અખ્લાકી પાસાને અધિક મહત્વ આપવામાં આવ્યું છે જેમ કે અબૂબક્ર કિત્તાની (વિસાલ : હિ. ૨૩૩) ફર્માવે છે : "તસવ્વુફ ખુલ્ક (આદતો)નું નામ છે. જે (ઉમદા) ખુલ્કમાં તારાથી વધીને છે તે સફાઈમાં પણ તારાથી વધેલો હશે."

અબૂ મુહમ્મદ જરીરી (વફાત : હિ. ૩૧૧) ફર્માવે છે : "દરેક આ'લા તથા ઉમદા ખુલ્ક (સંસ્કાર)માં દાખલ થવું અને દરેક નીચ આદતથી બહાર નીકળવું એ તસવ્વુફ છે."

જો કે અખ્લાકી દષ્ટિ બિંદુથી તસવ્વુફની આ વ્યાખ્યા વિશ્વમાં આમ છે તથા સ્વીકાર્ય પણ છે, છતાં એને તસવ્વુફની સહીહ વ્યાખ્યા નથી કહી શકાતી. ઘણા લોકો ઉમદા અખ્લાકોમાં અજોડ હોય છે પણ તેમને સૂફી નથી કહેવાતા, એ વાત સિધ્ધ હસ્ત છે કે તસવ્વુફનો પાયો અખ્લાક પર છે અને સૂફી માટે અનિવાર્ય છે કે ઉમદા અખ્લાકથી સજ્જ હોય, છતાં તેને તસવ્વુફની સહીહ વ્યાખ્યામાં ગણાશે નહીં.

## ઝાહિદ તથા આબિદ અને સૂફીમાં ફરક

તસવ્વુફની વ્યાખ્યામાં એ પણ છે કે એનો અર્થ 'ઝુહદ' છે એટલે દુનિયા તથા તેની ઝાક ઝમાળ, લિજ્જતો, સજાવટોથી સંપૂર્ણપણે દૂરી અપનાવવી. એ સાચુ કે સૂફીનું દિલ દુનિયાથી બેઝાર હોય છે પરંતુ એ હકીકત એની જગાએ સિધ્ધ થયેલ છે કે ઝોહદ તથા દુનિયાથી દૂરી અલગ ચીજ છે. અમુક લોકોએ ઈબાદત ગુઝારને સૂફી કહ્યા છે પરંતુ એ પણ સહીહ નથી. ઈબ્ને સીનાએ પોતાની કિતાબ 'અલ્ ઈર્શાદત'માં ઝાહિદ, આબિદ તથા સૂફીનો તફાવત છે તે આ પ્રમાણે વર્ણવ્યો છે :

"જે શખ્સ દુનિયા તથા તેના લિજ્જતોથી વિમુખ થઈ જાય તેને 'ઝાહિદ' કહેવામાં આવે છે. જે દરેક પળે ઈબાદતમાં વ્યસ્ત રહે તેને 'આબિદ' કહે છે અને જે શખ્સ હમેશાં પોતાના ચિંતનને અલ્લાહ પ્રતિ ધ્યાનિત રાખે છે અને દરેક પળે પોતાના બાતિન (અંતર)માં નૂરે હક્કના ઝગમગાટનો આરઝૂમંદ રહે છે તેને 'આરિફ' કહે છે. અને ઈબ્ને સીનાની નજીક આરિફ જ 'સૂફી' કહેવડાવવાનો હક્કદાર છે."

## તસવ્વુફની અસલ હકીકત શું છે ?

ઝાહિદ તથા આબિદ, 'ઝુહદ' તથા 'ઈબાદત'ને એટલા માટે અપનાવે છે કે તેમને જહન્નમથી છૂટકારો મળે, જન્નતની હમેશાંની ખુશીઓ તેમને નસીબ થાય. સૂફી પણ દુનિયાની સજાવટો તથા લિજ્જતોથી બચેલો રહે છે અને સદા ઈબાદતમાં વ્યસ્ત રહે છે પણ તેના સમક્ષ કોઈ ડર કે લાલચ નથી હોતી. તે કેવળ એટલા માટે જ અલ્લાહની ઈબાદત કરે છે કે તે તેનો મહબૂબ તથા લક્ષ્ય છે અને દરેક પ્રકારની ઈબાદત તથા ન્યાઝમંદીનો મુસ્તહિક છે. **હઝરત રાબિઆ બસરિય્યહ** رضی اللہ عنہا નો આ ઈર્શાદ આ હકીકતને સ્પષ્ટ કરવા માટે પૂરતો છે. એક દિવસ તેમણે બારગાહે ઈલાહીમાં આ પ્રમાણે અર્ઝ કરી : "હે અલ્લાહ ! જો હું તારી ઈબાદત જહન્નમની આગના ડરથી કરું છું તો મને એમાં ફંગોટી દે ! અને જો જન્નતની લાલચમાં તારી સમક્ષ સજદામાં માથુ રાખુ છું તો મને જન્નતથી મેહરૂમ કરી આપ ! અને જો હું કેવળ તારી ઝાતના માટે તારી ઈબાદત કરું છું તો હે મારા મહબૂબ ! મને તારા દીદારની

બુઝુર્ગીથી મેહરૂમ ન રાખતો."

જાણવા મળ્યું કે તસવ્વુફ (સૂફીપણુ) કેવળ સારા અખ્લાક઼, દુનિયાની લિજ્જતોથી મજાઓથી વિમુખતા તથા કેવળ રાત દિવસ ઈબાદતમાં રહેવાનું નામ નથી, જો કે તે સર્વ ચીજો એનામાં સામેલ છે, છતાં તે એના સિવાયની કોઈ અન્ય ચીજ છે.

અબૂ સઈદ હઝાઝ (વફાત : હિ. ૨૮૮)ને સૂફીના બારામાં પૂછવામાં આવ્યું તો આપે ફર્માવ્યું : "જેના દિલને તેનો રબ પાક સાફ કરી આપે અને તેનું દિલ નૂરે ઈલાહીથી લબરેઝ થઈ જાય, અને જે શખ્સ ઝિક્રે ઈલાહી શરૂ કરતાં જ લિજ્જત તથા ખુશીમાં ખોવાય જાય."

હઝરત જુનેદ બગદાદી 'તસવ્વુફ'ની વ્યાખ્યા આ પ્રમાણે કરે છે : "તસવ્વુફ એ છે કે અલ્લાહ તઆલા તને તારી જાતથી ફના કરી આપે અને પોતાની જાતની સાથે તને જીવંત કરી આપે."

અબૂબક્ર કત્તાની ફર્માવે છે : "તસવ્વુફ સફા એટલે તઝકિય્યા (દિલની સફાઈ) તથા મુશાહિદાનું નામ છે."

આ બંનેમાંથી પ્રથમ વાત (સફા) સબબ છે અને બીજી વાત (મુશાહિદા) મંઝિલ તથા હેતુ છે. આ વ્યાખ્યા ઘણી જ સમૃધ્ધ છે, એમાં સાલિક (ચાલનાર)ની મંઝિલનો પણ ઉલ્લેખ છે અને એ માર્ગનો પણ જે સાલિકને એ મંઝિલ સુધી લઈ જાય છે.

હુજજતુલ ઈસ્લામ ઈમામ ગઝાલી رحمۃ اللہ علیہ "અહયાઉલ ઉલૂમ"માં આ હક઼ીક઼તને જરા વિગતે વર્ણવે છે. લખે છે :–

"આ મંઝિલનો માર્ગ એ છે કે પ્રથમ મુજાહિદા કરે, દુર્ગુણોને મિટાવે, સર્વ સંબંધો તોડી કાઢે અને સંપૂર્ણપણે અલ્લાહ તઆલાની જાતની પ્રતિ ધ્યાનિત થઈ જાય. જ્યારે એ સદ્‌ભાગ્ય હાંસલ થઈ જાય છે તો અલ્લાહ તઆલા પોતાના બંદાના દિલનો મુતવલ્લી બની જાય છે ઈલ્મના અન્વારથી તેને મુનવ્વર (પ્રકાશિત) કરવાનો જિમ્મેદાર બની જાય છે." *(બહવાલા : મક઼ાલાત, અઝ : પીર કરમશાહ અઝહરી)*

હઝરત ગૌષે આ'ઝમ, મહબૂબે સુબ્હાની, કુત્બે રબ્બાની, ગૌષે સમદાની શૈખ અબ્દુલક઼ાદિર જીલાની બગદાદી (વિસાલ : હિ. ૫૬૦–૬૧)એ ફર્માવ્યું : "તસવ્વુફનો પાયો આઠ ચીજો પર છે : હઝરત ઈબ્રાહીમ علیہ السلام જેવી સખાવત, હઝરત ઈસ્હાક઼ علیہ السلام જેવી રઝા તથા મુવાફિક઼ત, હઝરત ઐયૂબ علیہ السلام જેવી સબ્ર, હઝરત ઝકરિયા علیہ السلامની જેમ મુનાજાત, હઝરત યહ્યા علیہ السلام જેવી ગુર્બત તથા મુસાફિરત, હઝરત મૂસા علیہ السلامની જેમ લિબાસે સૂફ, હઝરત ઈસા علیہ السلام જેમ સૈરો સિયાહત તથા આપણા આક઼ા વ મૌલા અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺ જેવો ફક્ર." *(ફુતુલહુલ ગૈબ–૧૨૩)*

આવો ! હવે સૂફીઈઝમ (તસવ્વુફ) પર ગૈરો તેમજ કહેવાતા મુસ્લિમો તરફથી શું શું વાંધાઓ ઉઠાવવામાં આવ્યા છે એનો અભ્યાસ કરી તેમની ફેલાવેલી શંકાઓ, વસવસાઓ તથા ગલત ફહમીઓને દૂર કરતી ચર્ચા જોઈ લઈએ.

## શું સૂફીઈઝમ કુર્આન હદીષ બહારની ચીજ છે ?!

વિરોધીઓ એક વાંધો એ ઉઠાવે છે કે તસવ્વુફ કુર્આન તથા હદીષથી નીકળેલ નથી બલ્કે એ એક અજનબી ચીજ છે જેને જબરદસ્તી ઈસ્લામમાં ઘૂસાડી દેવામાં આવી છે. અને આ આક્ષેપ પાછળ જાત જાતની અને ભાત ભાતની વાતો વિરોધીઓ કરતા રહે છે. એમાં વિરોધીઓનો એક તબક઼ો એવું કહે છે કે તસવ્વુફ હિંદુઓના વેદથી નીકળેલ છે અને ખૂબ જ ભારપૂર્વક દાવો કરે છે કે 'તસવ્વુફ'માં ચિલ્લાકશી, રિયાઝત (ખૂબ ઈબાદત) વગેરેના સર્વ તરીક઼ા હિંદુ જોગીઓ અને સાધુઓ પાસેથી લીધેલા છે.

પણ શું એ આક્ષેપકારોને એ ખબર નથી કે સૂફીઓના હાદીએ આ'ઝમ તથા રહબર નબી કરીમ ﷺએ ગારે હિરામાં ચિલ્લાકશી કરી હતી. અને ઝિક્રે ઈલાહી પર હમેશગીના વિવિધ અહકામ કુર્આને કરીમ તથા નબવી હદીષોમાં સ્પષ્ટતાપૂર્વક મૌજૂદ છે, અને આ બધું એ સમયે તેમને મયસ્સર હતું જયારે હિંદુઓની સંસ્કૃતિ તથા સંસ્કારના બારામાં અરબદ્વીપવાસીઓને જરા સરખીય માલૂમાત મયસ્સર થઈ ન હતી. જેથી સૂફિયાએ કિરામની ઈબાદતો રિયાઝતો તથા ચિલ્લાકશીને હિંદુ જોગીઓ પ્રતિ મન્સૂબ કરવુ નિરર્થકતાની હદ કરવું છે.

વિરોધીઓનો બીજો તબક્રો સૂફીઓના ઝુહદ તથા દુનિયાની બેપરવાઈને બૌદ્ધોનું અનુસરણ કહે છે. જે રીતે એમણે રાજપાટનો ત્યાગ કરીને ફક઼ીરી મુફલીસીની જિંદગી અપનાવી લીધી હતી તેમ મુસલમાન સૂફીઓએ પણ પોતાના ઘરોની રાહત તથા આરામને ત્યજીને જંગલો તથા પહાડોની ગુફાઓમાં આવીને વસવાટ કર્યો. પરંતુ આટલો મોટો ઈલ્ઝામ લગાડતા પહેલાં તેમણે એ ન વિચાર્યું કે ગૌતમ બુધ્ધ ખુદાના વજૂદનો મુન્કિર છે, તે ઈન્સાની નફસને સર્વ કાંઈ ખયાલ કરે છે, એથી ઉલ્ટુ મુસલમાન અલ્લાહ તઆલાની ઝાત, તેની વહદાનિયત (એક હોવું) પર મજબૂત ઈમાન ધરાવે છે અને આ રિયાઝતો મક઼સૂદ બિઝ્ઝાત નથી, બલ્કે ખુદાની બારગાહમાં પહોંચ હાંસલ કરવાનો એક ઝરીયો છે.

અમુક વિરોધીઓ એવું વિચારે છે કે મુસલમાનોના તસવ્વુફ પર ઈસાઈ પાદરીઓના સંસારત્યાગની ખૂબ જ ઊંડી અસર પડી છે. આ દાવાના સમર્થનમાં તેઓ એવી દલીલ રજૂ કરે છે કે અરબો તથા ઈસાઈઓમાં પૂરાણા કાળથી આપસમાં સંબંધો હતા. અરબ એક અસંસ્કારી તથા જાહિલ (અજ્ઞાન) ક઼ૌમ હતી જયારે ઈસાઈ દુનિયા ઈલ્મ તથા હિક઼મતના નૂરથી ઝગમગી રહી હતી, એટલા માટે અનિવાર્યપણે મુસલમાન સૂફીઓએ પાદરીઓથી તસવ્વુફ શીખ્યો અને એને અપનાવ્યો.

અમે કહીએ છીએ કે ઈસ્લામના આગમન પહેલાંના સમય વિશેની તમારી માન્યતા ઠીક હોય શકે, પણ અમે એ સમયની વાત કરીએ છીએ જયારે કે અરબના અંધકારમય વાતાવરણને વહીએ ઈલાહીના ચમકતા નૂરે અતિશય ઝગમગાવી દીધુ હતું અને તે અક્ષરજ્ઞાન વિહોણાઓને તક઼દીરના આંત્રિક ભેદો તથા રહસ્યોથી માહિતગાર કરી દીધા હતા ! હુઝૂરે અક઼દસ ﷺ એ ખૂદ પોતાના માનનારાઓને દુનિયાની લિજ્જતો, રંગરેલીઓમાં ખોવાઈ જવાથી સખ્તીથી રોકયા હતા, કુર્આને કરીમની સેંકડો આયતો છે જેમાં ઝુહદ (દુનિયાથી દૂરી) તથા તક઼્વો (ખુદાના ડર)ની શીખ આપવામાં આવે છે અને દુનિયાની નાશવંત સ્થિતિનો નક્શ દિલની સ્લેટ પર મારે છે. સૂરએ હદીદની એક આયત જુઓ :–

اِعْلَمُوْا اَنَّمَا الْحَيٰوةُ الدُّنْيَا لَعِبٌ وَّلَهْوٌ وَزِيْنَةٌ وَّ تَفَاخُرٌ بَيْنَكُمْ وَ تَكَاثُرٌ فِى الْاَمْوَالِ وَالْاَوْلَادِ كَمَثَلِ غَيْثٍ اَعْجَبَ الْكُفَّارَ نَبَاتُهٗ ثُمَّ يَهِيْجُ فَتَرَاهُ مُصْفَرًّا ثُمَّ يَكُوْنُ حُطَامًا وَّ فِى الْاٰخِرَةِ عَذَابٌ شَدِيْدٌ وَمَغْفِرَةٌ مِّنَ اللّٰهِ وَرِضْوَانٌ وَّمَا الْحَيٰوةُ الدُّنْيَا اِلَّا مَتَاعُ الْغُرُوْرِ۔

''તમે સારી રીતે જાણી લો કે દુનિયાવી જિંદગી કેવળ ખેલ કૂદ, સાઝ શણગાર તથા એક બીજા પર ગર્વ કરવો તથા માલ તેમજ ઔલાદમાં અધિક્તા પર ઘમંડ કરવાનું નામ છે જેમ કે વરસાદ છે કે તેની પેદાવાર ખેડૂતોને સારી લાગે છે, પછી ચૂર ચૂર થઈ જાય છે. અને આખેરતમાં સખત અઝાબ છે અને ખુદાના તરફથી મગફિરત તથા રઝામંદી ખૂબ જ બેહતર છે. અને નથી દુનિયા પણ ધોકાનો સામાન.''
*(સૂ. હદીદ, આયત–૨૦)*

અને હુઝૂર ﷺની એક હદીષ પણ સાંભળો ! ''મારા પછી હું જે ચીજના બારામાં ડરુ છું તે એ છે કે દુનિયાની ઝીનત (શણગાર) તથા કામયાબીના દરવાજા તમારા પર ખોલી દેવામાં

આવશે.'' *(બુખારી તથા મુસ્લિમ)*

ખૂદ વિચારો કે જે કૌમની પાસે તેમની પવિત્ર કિતાબમાં ઝુહદ તથા પરહેઝગારી આટલા અસરકારક અંદાઝમાં મૌજૂદ હોય તેમને તે પરેશાન હાલ પાદરીઓના અનુસરણની શું જરૂરત છે જેઓ ખૂદ અવિશ્વસનીયતાનાં મોજાઓના સપાટા ખાઈ રહ્યા છે ?! એ જ પ્રમાણે અલ્લાહની ઈબાદતની સૂચના તથા પ્રોત્સાહન માટે કુર્આનની અસંખ્ય આયતો મૌજૂદ છે તેના હોવા છતાં કોઈ અન્ય વાઈઝની મોમિનને શા માટે જરૂરત મેહસૂસ થશે ?

ઈર્શાદે રબ્બાની છે :–

**وَاذْكُرْ رَبَّكَ فِىْ نَفْسِكَ تَضَرُّعًا وَّ خيفة و دُوْنَ الْجَهْرِ مِنْ الْقَوْلِ بِالْغُدُوِّ وَالْاٰصَالِ وَلَاتَكُنْ مِنَ الْغَافِلِيْنَ**

''પોતાના રબને યાદ કર્યા કર, પોતાના દિલમાં આજિઝી તથા ખૌફની સાથે, મોટા અવાજની સરખામણીમાં ઓછા અવાજની સાથે, અને ગાફિલોમાંથી ન થઈ જતો.'' *(સૂરએ અઅ્રાફ–૨૦૫)*

બીજી આયતમાં છે :–

**يٰاَيُّهَا الَّذِيْنَ آمَنُوْا اذْكُرُوا اللّٰهَ ذِكْرًا كَثِيْرًا وَّ سَبِّحُوْهُ بُكْرَةً وَّ اَصِيْلًا**

''હે ઈમાનવાળાઓ ! તમે અલ્લાહને ખૂબ જ પુષ્કળ પ્રમાણમાં યાદ કર્યા કરો અને સવાર સાંજ તેની તસ્બીહ કરતા રહો.'' *(સૂરએ અહઝાબ–૪૧)*

કુર્આન શરીફની બીજી સૂરતની આ દિલ અફરોઝ અને રૂહ અફઝા આયત પણ પઢી લો :–

**فَاذْكُرُوْنِىْ اَذْكُرْكُمْ وَاشْكُرُوْا لِىْ وَ لَا تَكْفُرُوْنِ** ''તમે મને યાદ કરો હું તમારો ચર્ચો કરીશ, મારો શુક્ર અદા કરો અને નાશુક્રી ન કરો.'' *(સૂ. બકરહ–૧૫૨)*

જ્યારે ઝિક્રે ઈલાહી માટે આવી આયતો મૌજૂદ હોય તો એના હોવા છતાં કોઈ મુસલમાનનું કોઈ ગૈરની તરફ ધ્યાન જવું એ સમજ બહારની વાત છે.

મહાન સૂફી પેશવાઓએ પોતાની સ્ટાન્ડર્ડ કિતાબોમાં એ વાતને સ્પષ્ટપણે લખી આપી છે કે, **''સૂફીને માટે કિતાબ તથા સુન્નત (કુર્આન–હદીષ) પર અમલ કરતા રહેવું કામયાબી માટેની પ્રથમ શર્ત છે.''** હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ નો આ કૌલ દરેક પ્રકારની શંકાકુશંકાઓને ખોટી ઠરાવવા માટે પૂરતો છે. ફર્માવે છે :–

''આ રાહતો તે જ શખ્સ પામી શકે છે જેના **જમણા હાથમાં કુર્આને પાક** હોય અને **ડાબા હાથમાં સુન્નતે મુસ્તફા** ﷺ હોય, અને આ બંનેવ શમ્આઓની રોશનીમાં તે કદમ વધારતો જાય જેથી ન શંકાઓના ખાડાઓમાં પડે અને ન બિદઅતના અંધકારોમાં ફસાય.'' *(તઝકિરતુલ અવલિયા, પેજ–૮)*

શયખ અબૂબક્ર તિમસ્તાની ફર્માવે છે :–

''માર્ગ ખુલેલો છે અને **કિતાબ** તથા **સુન્નત** અમારી સમક્ષ મૌજૂદ છે.''

હઝરત શાહ કલીમુલ્લાહ દહેલ્વી એક પત્રમાં લખે છે :–

''હે ભાઈ ! **જો ફકીરોના મર્તબાઓની ભાળ આજે મેળવવા ચાહો તો તેમની શરીઅતની પાબંદી પર નજર કરો.**'' શરીઅત માપદંડ છે. એ કસોટી પર ફકીરની હકીકત સ્પષ્ટ થઈ જાય છે.

**સૂફીઓએ ખૂદ પણ કિતાબ તથા સુન્નત પર અમલ કર્યો અને પોતાના અકીદતમંદો, ચાહકોના વર્તુળમાં પ્રવેશનારાઓને પણ કિતાબ તથા સુન્નતના અનુસરણની તાકીદ કરી.** ઉપરોક્ત સ્પષ્ટતાઓ ઉપરાંત સૂફીઓની કિતાબો કુવ્વતુલ કુલૂબ, રિસાલા કુશૈરિયા, કશ્ફુલ મહજૂબ, અવારિફુલ મઆરિફ, ફવાઈદુલ ફવાઈદ, હશ્ત બહિશ્ત વગેરેનો અભ્યાસ કરો તો તમને લીટી લીટીએ કિતાબ તથા સુન્નત (કુર્આન–હદીષ) પર અમલ કરવાની સૂચના મળશે. તેમ છતાં પણ કોઈ તસવ્વુફને કુર્આન હદીષ વિરૂદ્ધ કે શરીઅત વિરૂદ્ધ કહે છે તો એના દિમાગનો ઈલાજ જરૂરી બને છે !

**શું સૂફીઈઝમ જાહિલો તથા અનપઢોનો મસ્લક છે ?!**

તસવ્વુફના વિરોધીઓ એવું પણ કહે છે કે તસવ્વુફ (સૂફીઈઝમ) જાહિલો તથા અનપઢોનો મસ્લક છે, જેઓ ઈલ્મવાળા છે અને સંશોધન તથા તેહકીકના મેદાનમાં મહારત ધરાવે છે તેઓ તસવ્વુફની નજીક પણ નથી ફરકતા !

આ એક એવો **આંધળો આક્ષેપ** છે જે આક્ષેપકારની ટૂંકી દષ્ટિ તથા અજ્ઞાનતાને પુરવાર કરે છે. અગ્રેસર મહાન સૂફીઓ પોતપોતાના જમાનામાં ઈલ્મ તથા વિદ્યાઓમાં પણ પોતે અજોડ હતા અને તેઓ પોતાના સમયના ઉલમા તથા ફાઝિલો (વિદ્વાનો) પર દરેક લેહાઝથી ચઢીયાતાપણુ ધરાવતા હતા, બલ્કે **તસવ્વુફના મેદાનમાં કદમ રાખતાં પહેલાં (સૂફી બનતા પહેલાં) તેઓ ઈલ્મો તથા વિદ્યાઓમાં નિપૂણતા હાંસલ કરવાને અનિવાર્ય સમજતા હતા.** હઝરત ગૌષે આ'ઝમ, હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની, હઝરત ખ્વાજા ગરીબ નવાઝ, હઝરત સાબિરપિયા કલિયરી, હઝરત હમીદુદ્દીન નાગોરી, હઝરત નિઝામુદ્દીન અવલિયા, હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી, હઝરત નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી, હઝરત બંદા નવાઝ ગેસૂ દરાઝ, હઝરત શાહ વજીહુદ્દીન અલ્વી, હઝરત શાહે આલમ, હઝરત ખુત્બે આલમ, હઝરત કાઝી મહમૂદ દરિયાઈ દુલ્હા બીરપુરી, હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમનાની, હઝરત મખ્દૂમ માહિમી, હઝરત શહાબુદ્દીન સુહરવર્દી, ગૌષુલ આલમીન શૈખ હઝરત બદાઉલ હક્ક વદ્દીન ઝકરિયા મુલ્તાની, હઝરત બહાઉદ્દીન નક્શબંદ, હઝરત બાકી બિલ્લાહ, હઝરત મુજદ્દિદ અલ્ફેષાની, હુઝૂર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા, હુઝૂર મુફતીએ આ'ઝમ મુસ્તફા રઝાખાં વગેરે رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن ન કેવળ દરવેશીના મુલ્કના શહેનશાહ હતા બલ્કે ઈલ્મો ફઝ્લના પણ તાજદાર હતા. કોણ છે જે એ હઝરાત તથા એમના મહાન શાનવાળા ખલીફાઓ પર જેહાલતનો આક્ષેપ લગાડી શકે ?! તેમની કિતાબો આજે પણ ઈલ્મ તથા તેહકીકવાળાઓ થકી દાદ મેળવી રહી છે. હઝરત ફરીદુદ્દીન મસ્ઊદ ગંજ શકર رحمۃ اللہ علیہ ફર્માવ્યા કરતા હતા કે, "જાહિલ (સૂફી) ક્યારેક શૈતાનનો મસ્ખરો (મઝાકીયો) બની જાય છે. તેની નિગાહ હકીકત તથા ઝાંઝવાના જળ બંનેમાં ફરક કરવાથી લાચાર હોય છે, તે દિલની બીમારીઓની સહીહ પરખ તથા યોગ્ય ઈલાજ નથી કરી શકતો."

હઝરત મહબૂબે ઈલાહી નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہનો ઈર્શાદ છે :–

**"પીર એવો હોવો જોઈએ જે શરીઅત, તરીકત તથા હકીકતના એહકામ (હુકમો)નો ઈલ્મ ધરાવતો હોય.** જો એવું થશે તો તે કોઈ નાજાઈઝના માટે કહેશે નહીં." *(ફવાઈદુલ ફવાઈદ)*

હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہની એ સ્થિતિ પણ હતી કે તે **કોઈ એવા શખ્સને ખિલાફત અતા કરતા ન હતા જે આલિમ ન હોય.**

હઝરત યહ્યા ઈબ્ને મઆઝ રાઝી رحمۃ اللہ علیہનો કૌલ છે :–

**"ત્રણ પ્રકારના માણસોની સોહબતથી બચતા રહો, એવા આલિમોથી જેઓ ગાફેલ હોય, એવા ફકીરોથી જેઓ ધોકેબાઝ હોય, અને એવા સૂફીઓથી જેઓ જાહિલ હોય."** *(કશ્ફુલ મહજૂબ)*

અલ્લામા ઈબ્ને જવઝી જે સૂફીઓ પર વિવેચન કરવામાં મશ્હૂર આલિમ છે તે પણ એ સ્વીકારવા મજબૂર છે કે, **"આગલા સૂફીઓ કુર્આની ઈલ્મો, ફિક્હ, હદીષ તથા તફસીરમાં ઈમામના સ્થાને રહેતા હતા."** (સુબ્હાનલ્લાહ !)

આટલી સ્પષ્ટતા પછી કોણ કહી શકે છે કે સૂફીઈઝમ જાહિલો તથા અનપઢોનો મસ્લક છે ? કોઈ નહીં કહી શકે, સિવાય બેવકૂફ ! ........*(ક્રમશઃ)*

# આજે ખાનક઼ાહવાળાઓની નવી પેઢી તાલીમથી દૂર શાથી ?!



અઝ : મૌલાના ઉસૈદુલ હક઼્ક઼ મુહમ્મદ આસિમ ક઼ાદરી (બદાયૂં)

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
*(તંત્રી : બરકાતેખ્વાજા)*

આ વિષયે કેટલાક પ્રશ્નો તથા તેના જવાબોની ચર્ચા 'જામે નૂર' ડિસેમ્બર–૨૦૦૪માં રજૂ થઈ હતી જેમાં અવનવી જાણકારી સાથે માર્ગદર્શન પણ છે જેથી અત્રે **'બરકાતે ખ્વાજા'** (માસિક)ના વાંચકોના અભ્યાસ અર્થે રજૂ કરીએ છીએ, શક્ય છે એના પર જો અમલ થઈ જાય તો સુન્નિયતને ચાર ચાંદ લાગી જાય. *–તંત્રી*

**મુદ્દાઓ :–**

(૧) તાલીમથી તેમના બેધ્યાનપણાના સબબો શું છે ? ખાનક઼ાહોનો વર્તમાન નિઝામ, મા બાપ તરફથી આઝાદી, નાની વયમાં મુરીદોનું દસ્તબોસી ક઼દમબોસી કરવું, નઝરાણાઓની અધિક્તા, દૌલતની રેલમછેલ કે પછી બીજુ કાંઈક ?

(૨) ખાનકાહી શાહઝાદાઓની તાલીમ તથા કેળવણીથી અરૂચીના કારણે આજે ખાનક઼ાહો તથા તેમની જાત પર શું અસરો વર્તાય રહી છે ?

(૩) તમારી દષ્ટિએ સજ્જાદાના સ્થાને બેસવા માટે પાયો શું હોવો જોઈએ ? વારસો કે લાયકાતપણુ ? અથવા પછી બંનેવ ? જો લાયકાત ન જોવા મળે તો શું કરવું જોઈએ ?

(૪) તાલીમથી તેમની અલિપ્તતા અને અખ્લાક઼ તથા કિરદારથી ખાલી હોવા છતાં સિલસિલાથી જોડાયેલાઓ તથા આમ લોકોનું તેમના પ્રતિ પોતાની અક઼ીદતમંદીનું પ્રદર્શિત કરવું કેટલા અંશે યોગ્ય છે ?

(૫) ખાનકાહોની નવી નસલોને તાલીમ, સંસ્કૃતિ તથા સંસ્કાર અને તેમની પૂરાણી પદ્ધતિના પ્રતિ વાળવા માટે શું કરવું જોઈએ ?

મારા મિત્રએ જાણે એવું નક્કી કર્યું છે કે તે મારી બિરાદરીથી મારો હુક્કો પાણી બંધ કરાવીને જ દમ લેશે ! આવું હું એટલા માટે કહી રહ્યો છું કે હું ખૂદ બુનિયાદી તૌર પર એક ખાનકાહી પીરઝાદો છું. હમણા થોડાક મહીના અગાઉ તેમણે 'વર્તમાન ખાનકાહી નિઝામ' પર એક આલોચનાત્મક લેખ લખવા આગ્રહ કર્યો હતો એ લેખ 'જામે નૂર'ના કોઈ પાછલા અંકમાં છપાયો. લેખ પ્રસિધ્ધ થયા પછી ધારણા અનુસાર મને અમુક અમારા લોકોની ભવાં ખેંચાયેલી પેશાનીઓ અને ગૈરોના અર્થપૂર્ણ સ્મિતોનો સામનો કરવો પડયો, અને હવે એ હઠ પર છે કે વર્તમાન અધોગતિના દૌરની પીરઝાદગી પર હું વિચારો પ્રદર્શિત કરું.

એક પીરઝાદાને પીરઝાદાઓ પર ટીકા ટીપ્પણ કરવાનું નિમંત્રણ આપવું કદાચ તેમના એ હુસ્ને ઝન (ખુશ ફહમી)નું પરિણામ છે કે તે મને એ રિવાજ મુજબના (ચીલા ચાલુ) પ્રકારના પીરઝાદાઓની સફથી અલગ ધારે છે. એમની આ ખુશ ફહમી જેવી રીતે મારા માટે સુકૂન તથા સંતોષનો સબબ છે તેવી જ રીતે ભયપૂર્ણ પણ છે, કેમ કે પોતાના ક઼બીલાની તારીફ તથા વખાણમાં અતિશયોક્તિ ભરેલાં ગીતો લખવાનો રિવાજ તો ખૂબ પૂરાણો છે પણ એના પર ટીકાત્મક અંદાઝમાં ચર્ચા કરવી ખરેખર હિંમતવાળાનું કામ છે. આ વિષયે કાંઈક બોલવામાં ૧૦૦% શક્યતા છે કે લખાણમાં કોઈ એવી નાપસંદ વાત આવી પડે જે કડવી હોવાને લીધે ખુશહાલ ગાદીનશીનોની ચમકતી નૂરાની પેશાની પર કરચલીઓ

ઉપસી આવે, પણ કલમની એ મજબૂરીનું શું થાય કે સચ્ચાઈ સામાન્યતઃ કડવી જ હોય છે જેથી હું વિના કારણે ખુશ અકીદગીનું પ્રદર્શન કરીને કોઈ માફી ચાહતા શબ્દ પ્રયોગની જરૂરત નથી મેહસૂસ કરતો.

*ફાશ મીં ગોયમ વ અઝ ગુફતએ ખૂદ દિલ શાદમ*
*બંદએ ઈશ્કમ વ અઝ હર દો જહાં આઝાદમ*

**(અર્થ)** : હકીકત કહું છું અને પોતાના કહ્યા પર ખુશ થાઉં છું. ઈશ્કનો બંદો છું અને બંનેવ જહાનથી આઝાદ છું.

જો તમારામાં એટલી હિંમત નથી કે જે વાતને તમો હક્ક સમજતા હોય તેને હક્ક અને જેને ગલત ધારતા હોઉ તેને ગલત કહી શકો તો પછી તમારે ન્યાય તથા પ્રમાણિક્તાનું ખૂન કરવાને બદલે ટીકા તથા વિવેચન કરવા માટેના જિમ્મેદાર હોદ્દાને છેલ્લી સલામ કરીને કલમ મૂકી દેવી જોઈએ. આ નાપસંદ પ્રસ્તાવના પછી હવે હું મૂળ વિષય પર આવુ છું.

**(૧)** આજે ખાનકાહવાળાઓની નવી પેઢીની તાલીમ તથા તર્બિયત અને અખ્લાક તથા કિરદારનું જો હકીકત પસંદીથી નિરીક્ષણ કરવામાં આવે તો એ અફસોસનાક હકીકત સામે આવે છે કે સામાન્યતઃ ખાનકાહી શાહઝાદાઓ ન કેવળ એ કે ઈલ્મે દીનથી અલિપ્ત છે બલ્કે ખાનકાહી અખ્લાક તથા આદાબથી પણ સજ્જ નથી. એના અન્ય ઘણા બધા સબબો છે તેમ એક મહાન સબબ એ પણ છે કે એ શાહઝાદાઓની તાલીમ તથા તર્બિયતના અનુસંધાનમાં 'મકતબની કરામત'થી અધિક 'ફયઝાને નઝર' પર ભરોસો કરી લેવામાં આવે છે. ઈલ્મની વહેંચણી ઈલ્મે સીના તથા સફીનાની તરફ કોઈ અન્ય મોકાના માટે કરવામાં આવી હશે, પણ એને અહીં લાગુ પાડીને એ છાપ પાડવામાં આવે છે કે અમારે કિતાબોમાં માથુ ખપાવવાની જરૂરત નથી, અમે તો નિસ્બતવાળા છીએ, અમને તો સીના બ સીના જે ઈલ્મો તથા મઆરિફ મુન્તકિલ થઈ રહેલ છે તેની સમક્ષ મહાન ઈલ્મવાળો પણ મદ્રસાનું બાળક છે !

ખાનકાહોના વર્તમાન નિઝામે પણ એના અનુસંધાનમાં એક અસરકારક રોલ અદા કર્યો છે, કેમ કે એ એક એવો શોખનો કારવાં છે જેમાં પ્રશંસા કરવાના માટે કોઈ લાયકાતની જરૂરત જ નથી ઉપસ્થિત થતી ! બલ્કે વધારે પઢેલો ગણેલો હોવું કેટલીકવાર નુકસાનકર્તા સાબિત થાય છે. એક પીરઝાદો જ્યારે આવા માહોલમાં આંખ ખોલીને વર્તમાન નિઝામના હેઠળ પોતાના ભવિષ્યનું નિરીક્ષણ કરે છે તો એ પરિણામે પહોંચે છે કે પોતાના ઉજ્જવળ ભવિષ્યના માટે એને જે ચીજની જરૂરત જ નથી તેને પ્રાપ્ત કરવામાં તે શા માટે રાત દિવસ એક કરે ?!

મા બાપ તરફથી આઝાદી પણ એક સબબ છે જેનાં કેટલાક કારણો છે : એક તો એ કે જ્યારે વાલિદે બુઝુર્ગવારના દિલની સ્લેટ તદ્દન સાફ સુથરી છે તો પછી તેમને પોતાના અનુગામી (વલી અહદ) બહાદુરની તાલીમો તર્બિયત માટે શું ખાક દિલચસ્પી હશે ?! વળી જો કેટલાક હઝરાત પોતાના શાહઝાદાઓને ઈલ્મે દીનથી સજ્જ તથા શણગાર પામેલ જોવાનો ખ્વાબ જુએ છે તો તેમને પોતાના 'તબ્લીગી દૌરા'ઓથી જ એટલી ફુરસદ ક્યાં મળે છે કે તે સાહબઝાદાની તાલીમ તથા તર્બિયતના માટે જરૂરી ધ્યાન તથા નિગરાની માટે કાંઈક સમય કાઢી શકે.

સામાન્યતઃ શાહઝાદગાન એવા મદ્રસાઓમાં તાલીમ હાંસલ કરે છે જેના બાની તથા સરપરસ્ત ખૂદ તેમના વાલિદે ગિરામી હોય છે, અથવા તો પછી ત્યાંના ઉસ્તાદો તેમના વાલિદે ગિરામીના દામને ફયઝથી જોડાયને દીની તથા દુનિયાવી ફયઝો તથા બરકતો હાંસલ કરતા હશે ! આવા માહોલમાં શાહઝાદાઓનું અસામાન્ય માન સન્માન કરવામાં આવે છે. અમુક ઉસ્તાદો અકીદતમાં અને અમુક મસ્લેહતમાં તેમની અદબ તથા એહતેરામ કરવા માટે મજબૂર થઈ જાય છે જેથી તેમની ઉણપો તથા ખામીઓ પર પકડ કે પૂછતાછ તથા ભૂલો માટે શિક્ષા કરવાની કોઈનામાં હિંમત હોતી નથી ! આ અસામાન્ય અદબ તથા એહતેરામ અને લેહાઝ તથા કાળજી તથા છૂટછાટ અને ચશ્મપોશી ઈલ્મ પ્રાપ્તિના માર્ગમાં અતિ મહાન રુકાવટ બને છે.

કેટલાક શાહઝાદાઓને તેમના જાહિલ તથા અકીદતમાં અતિશયોક્તિ કરનારા મુરીદો તથા ચાહકો બગાડી નાખે છે. એ મુરીદો શાહઝાદાઓના ભવાંના

એક ઈશારાની રાહ જોતા હોય છે અને તેમની દરેક જાઈઝ કે નાજાઈઝ ઈચ્છા પૂરી કરવામાં અને હુકમને પાળવામાં પોતાનું સદ્ભાગ્ય તથા ઉચ્ચ નસીબી અને ફયૂઝો તથા બરકતો હાંસલ કરવાનો ઝરીયો સમજે છે. નાનપણથી દસ્તબોસી તથા કદમબોસી અને ઉમરવાળા માલદાર મુરીદોને જ્યારે એક પીરઝાદો પોતાની આગળ જાંનિષારીનું પ્રદર્શન કરતા જુએ છે તો એ ખયાલ એના દિમાગમાં ફીટ થઈ જાય છે કે જ્યારે ઈલ્મ પ્રાપ્ત કર્યા વિના આ દબદબો, જાહોજલાલ અને અદબ તથા એહતેરામ અમારું મુક઼દ્દર છે તો પઢી લખીને શું કામ છે ?

કેટલાક તલબા એટલા માટે પણ તાલીમમાં મહેનત કરે છે કે તેમને પોતાના ભાવિમાં રોજીની ચિંતાના માટે ઈલ્મની જરૂરત હોય છે, પણ ખાનક઼ાહી શાહઝાદાઓને ઈલ્મ પ્રાપ્ત કરી રોજી પામવાની એટલી ચિંતા નથી કેમ કે નઝરાણાઓની અધિક્તા અને દોલતની રેલમછેલ એમને એ ફિકરથી બેપરવા કરી આપે છે.

**(૨)** ખાનક઼ાહી શાહઝાદાઓની તાલીમથી અરૂચીના કારણે આજે ખાનક઼ાહો પર સૌથી નકારાત્મક અસર તો એ જ પડી કે ખાનકાહ દા'વત તથા તબ્લીગ અને સુધારણા તથા ઈર્શાદનું કેન્દ્ર (મર્કઝ) બનવાના બદલે તાવીઝ દોરા તથા ઝાડ ફૂંકની દુકાન બનીને રહી ગઈ છે. ગંભીર, સમજદાર તથા પઢેલો ગણેલો તબક઼ો ખાનક઼ાહ તથા ખાનક઼ાહવાળાઓથી સાઈડ પર થઈ ગયો અને ખાનક઼ાહમાં દરેક યોગ્ય કે અયોગ્ય વાત પર સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ ! દરીં ચે શક ! કહેવાવાળા જાહિલ મુરીદો તથા અક઼ીદતમંદોની ભરમાર થઈ ગઈ. જાહેર છે કે જયારે હોલાઓનું રહેઠાણ કાગડાઓના કબજામાં હશે તો ત્યાં હમનશીંનીના માટે કોઈ ઉચ્ચ દષ્ટિ ધરાવનાર બાજ જેવી ખૂબીવાળો કઈ રીતે મળશે ?!

**(૩)** સજ્જાદગીની ગાદી પર બેસવાનો પાયો વારસ હોવો જોઈએ કે લાયકાત ? આ સવાલ ખૂબ જ લાગણીજન્ય તથા ગંભીર છે ! એના જવાબમાં હું એનાથી વિશેષ અન્ય કાંઈ નથી કહી શકતો કે કોશિશ એ હોવી જોઈએ કે વારસને જ લાયકાતવાળો બનાવવામાં આવે.

**(૪)** તાલીમથી શાહઝાદાઓની અલિપ્તતા અને અખ્લાક઼ તથા કિરદારથી ખાલી હોવા છતાં સિલસિલાથી જોડાયેલાઓ તથા આમ લોકોનુ એમના પ્રત્યે અક઼ીદતનું પ્રદર્શન જો યોગ્ય ન પણ હોય તો એટલુ આશ્ચર્યજનક નથી, કેમ કે એ લોકો પોતાના ભોળપણ તથા ખુશ અક઼ીદગીના હાથે મજબૂર છે, પણ આશ્ચર્ય તો એ જભ્ભા તથા દસ્તારવાળા સાહબો પર થાય છે જેઓ તક઼રીરમાં ગળાં ફાડી ફાડીને શયખ હોવાના માટે આલિમ હોવાની શર્તને પોતાની હરીફ ખાનકાહના શયખના માટે હથિયાર રૂપે વાપરે છે પણ ખૂદ પોતાના અક઼ીદતના મર્કઝોના નામ માત્રના મશાઈખ તથા તેમના બેઈલ્મ શાહઝાદાઓની જૂતીઓ ઉપાડવાને તથા કદમ બોસીને પોતાના માટે ગર્વની વાત સમજે છે. જો વાણી તથા વર્તનના આ તફાવતની પકડ કરવામાં આવે તો મન્તિકીપૂર્ણ દાવપેચના થકી એવી તાવીલ કરી દેવામાં આવે છે કે એ શખ્સિયતનો નહીં નિસ્બતનો એહતેરામ છે.

***નાતિકા સર બ ગરિબાં હૈ ઈસે ક્યા કહીયે***

**(૫)** ખાનકાહોની નવી પેઢીને ઈલ્મ તથા અમલ તેમજ ખાનકાહી અખ્લાક઼ તથા આદાબથી શણગારવા માટે ખૂબ જ નિખાલસપણે તથા ગંભીરતાપૂર્વક કોશિશ કરવાની જરૂરત છે. **આપણા સન્માન પાત્ર મશાઈખે એઝામ પણ આ બાજુ ખાસ ધ્યાન કેન્દ્રિત કરે અને નિરર્થક લાડ પ્યારને બદલે પોતાના શાહઝાદાઓને પોતાની નિગરાનીમાં તાલીમ અપાવે, અને ઉસ્તાદોએ પણ જોઈએ કે અસાધારણ અદબ તથા એહતેરામને બદલે તેઓ પોતાના પીરઝાદાઓને ઈલ્મના અલંકારોથી શણગારવાની નિખાલસતાપૂર્વક કોશિશ કરે. આપનો નિરર્થક અદબ તથા એહતેરામ આપના પીરઝાદા માટે ફાયદાકારક નથી બલ્કે એ એના પર જુલ્મ છે !** આમ તો મારો ઈરાદો છે કે મદ્રસા આલિયા ક઼ાદરિયા બદાયૂં શરીફમાં શાહઝાદાઓ માટે એક અલગ વિભાગ સ્થાપિત કરવામાં આવે જેમાં ન કેવળ તેમની તાલીમ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે બલ્કે તેમને ખાનક઼ાહી અખ્લાક઼ તથા આદાબથી શણગારવાના માટે ગંભીરપણે નિખાલસ કોશિશ કરવામાં આવે.

## બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

### ★ જશ્ને દસ્તારે ફઝીલત ★

વિશ્વ વિખ્યાત અરબી યુનિ. જામિઆ અશ્રફિયા–મુબારકપુર (જિ. આઝમગઢ, યુ.પી.) ખાતે ઉર્સે હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہના મુબારક પ્રસંગે ૧૬–૫–૨૦૧૦ના રોજ રાત્રે ઈશા બાદ ચોટીના ઉલમાએ કિરામની હાજરીમાં ગુજરાતના (૧) મૌલાના અલ્તાફ મિસ્બાહી–બોરસદ (૨) મૌલાના મુહમ્મદ અકબર મિસ્બાહી–સાવરકુંડલા (૩) મૌલાના ઝુબેર મિસ્બાહી–કુરચણ (૪) મૌલાના મોહસિન મિસ્બાહી–થામ (૫) મૌલાના મોહસિન મિસ્બાહી–જુનેદ, પાંચ ગુજરાતીઓની આલિમ ફાઝિલ તરીકે દસ્તારબંદી થઈ હતી. કુલ ૩૦૪ તલબાની દસ્તારબંદી થઈ જેમાં ૨૦૨ ફાઝિલો હતા. સૌને અમારા તરફથી મુબારકબાદ ! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં તેમનાથી દીને હક્કનું કામ લે એવી દુઆ છે. *–તંત્રી*

**પોરબંદર** : જનાબ અલી મુહમ્મદ બાબીના નેક ફરઝંદ મુહમ્મદ અમીનના નિકાહ તા. ૩–૬–૨૦૧૦ના રોજ (૧૯ જમા. આખર, હિ.સ. ૧૪૩૧) જુમેરાતે બાંટવાના જનાબ ઈબ્રાહીમ સુલેમાન કાથરોટીયાની નેક દુખ્તર નફીસાબાનુ સાથે રાખવામાં આવ્યા. દુલ્હા, દુલ્હન, કુટુંબીજનો સૌને મુબારકબાદ ! *–તંત્રી*

### ★ જશ્ને સિદ્દીકે અકબર رضی اللہ عنہ ★

**જુનાગઢ** : તા. ૨૮–૫–૨૦૧૦ જુમ્આના રોજ ઈશાના બાદ ખાનકાહે રઝવિય્યહ નૂરીયા તરફથી અમીરુલ મો'મિનીન ઈસ્લામના પ્રથમ ખલીફા ઉમ્મતીઓમાં અંબિયા બાદ સૌથી અફઝલ, યારે ગારે મુસ્તફા સૈયદના હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ તથા મુજદ્દિદે ઈબ્ને મુજદ્દિદ, તાજદારે અહલે સુન્નત હુઝૂર મુફતીએ આ'ઝમ મુસ્તફા રઝાખાં બરેલ્વી رحمۃ اللہ علیہની માહાના ૩૫૩મી ફાતેહા ખ્વાની નિમિત્તે સાહિબે સજ્જાદા હઝરત ગુલઝારબાપુ નૂરાની સદારતમાં ખત્મે કાદરિયા બાદ આપ હઝરતે અઝમતે સદાકત પર શાનદાર તકરીર કરી. હઝરત મુફતી હસીબુર્રહમાન સાહબ, મૌલાના અબ્દુસ્સમદ, મૌલાના નૂરઐન, હાફિઝ સાબિર રઝા વગેરે ઉલમા તથા અકીદતમંદોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી.

**દયાદરા** : મુકામે રવિવાર તા. ૨–૬–૨૦૧૦ (૨૨–જમા. આખર હિ.સ. ૧૪૩૧)ના રોજ અસર બાદ નૂરાની "મુખ્તારુલ મસાજિદ" દયાદરામાં શાનો શૌકતથી જશ્ને સિદ્દીકે અકબર رضی اللہ عنہ મનાવાયો જેમાં મુકર્રિરે શાનદાર હઝરત મૌલાના મુહમ્મદઝહીર મિસ્બાહી દહેગામી મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામીએ શાને સિદ્દીકે અકબર رضی اللہ عنہ પર ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. કિર્અત જનાબ કારી શમીમ સાહબ (દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ) તથા મૌલાના ઈમરાન રઝા મિસ્બાહીએ નઅત પેશ કરી હતી.

**વેરાવળ** : ૨૨–૫–૨૦૧૦ શનિવારે નઝમુલ હુદા સાહબની નિઝામત હેઠળ ઈશા બાદ સુન્ની ઈજતેમા બનામે જશ્ને ફૈઝાને શાહે આલમ–વ–ફૈઝાને ઈમામે ગિઝાલી رضی اللہ عنہما રાખવામાં આવ્યો જેમાં જનાબ સુલ્તાન રઝા (મુબલ્લિગે સુન્ને દા'વતે ઈસ્લામી)એ શાનદાર નઅતો પેશ કરી, હઝરત અલ્લામા મૌલાના સરફરાઝ નૂરી સાહબે શાનદાર બયાન કર્યું. પ્રોગ્રામનું સંચાલન એફ.એમ.ગૃપ, કે.જી.એન. કમિટી, દાદાપીર યંગ કમિટી થકી કરવામાં આવ્યું. રબ્બે કરીમ આ કમિટીઓથી દીનો સુન્નિયતની ખુલૂસભેર ખૂબ ખિદમત લે અને બંને જહાનમાં એનો બેહતરીન બદલો આપે.

### ★ દારુલ ઉલૂમ મુસ્તફાઈયહ્નો વાર્ષિક દસ્તારબંદીનો પ્રોગ્રામ ★

તા. ૩૦–૫૦–૨૦૧૦ રવિવારે રાત્રે ઈશાની નમાઝ પછી હલદરવામાં દારુલ ઉલૂમ મુસ્તફાઈયહ્નો વાર્ષિક દસ્તારબંદીનો પ્રોગ્રામ થયો

જેમાં શેરે રઝા હઝરત અલ્લામા મૌલાના મુફતી અન્વાર અહમદ બરકાતી સાહબ (મુફતીએ ઈન્દૌર)ની દિલમાં ઈમાનની રોશની ભરી દે એવી તક્રીર થઈ અને સલાતો સલામ પછી ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના પીર સૈયદ ક્મરુદ્દીન બાવા સાહબની દુઆ સાથે પ્રોગ્રામ પૂરો થયો અને આ પ્રોગ્રામમાં ૩ર વિદ્યાર્થીઓને આલિમ, હિફ્ઝ અને કિ્ર્અતની સનદો આપવામાં આવી. અલ્લાહ તઆલા દારુલ ઉલૂમ મુસ્તફાઈયહ્ને રાત અને દિવસ તરક્કી અતા ફર્માવે. (આમીન) – *મૌ. યાકૂબ આલમ સુબ્હાની (મુદર્રિસ : દારુલ ઉલૂમ મુસ્તફાઈયહ્–હલદરવા, તા કરજણ)*

### ★ ઈન્તેકાલ પુરમલાલ ★

ખાનક્ાહે દરિયાઈય્યાહ્ના ચશ્મો ચિરાગ હઝરત સૈયદ પીર સફીયુલ્લાહબાવા અશરફી દરિયાઈ તથા હઝરત પીર સૈયદ મુહમ્મદ મદનીબાવા અશરફી દરિયાઈ કાદરીનાં વાલેદા માજેદા સૈયદા ઉમ્મુલ ખૈર આમેનાબીબી દરિયાઈ ક્ાદરી ૭૦ વર્ષની જૈફ વયે તા. ૨૬–૫–૨૦૧૦ મુ. ચાંદ–૧૧ જ. આખર બુધવારે સવારે ૬.૪૫ કલાકે અહમદાબાદ ખાતે ઈન્તેકાલ ફર્માવી ગયાં. બીરપુર શરીફ ખાતે આસ્તાનાએ દરિયાઈ પાસે દફન કરવામાં આવ્યાં. જનાઝા અને ઝિયારતમાં મોટી સંખ્યામાં મુરીદો, ચાહકોની વિશાળ સંખ્યા હતી. ઝિયારતના મોક્ા પર હઝરત શેરે ગુજરાત કારંટવી અને ફખ્રે ગુજરાત હાફેઝ ઈદ્રીસખાન અશરફીએ શાનદાર વાઅઝ કરી હાજરીને મજલિસના ઈમાન તાજાં કરી દીધાં આ પ્રસંગે સાદાતે કિરામનો વિશાળ મજમો હતો. અલ્લાહ તઆલા મર્હૂમાની મગફિરત ફર્માવે. (આમીન) **દુઆગો** : *(ખાનક્ાહનો ગુલામ) હાજી શેખ ગુલામ મુહમ્મદ બામરોડાવાળા, દરિયાઈ–રિટાયર્ડ પ્રિન્સિપાલ*

**પ્રેસ્ટન (યુ.કે.)** : ખાતે અમારા મિત્ર જનાબ મુબારકભાઈ આદમ ઘંટીવાળા નબીપુરીનાં વાલિદા હજીયાણી હુરીબેન લગભગ ૭૫ વર્ષની વયે તા. ૩૧–૫–૨૦૧૦ જુમ્આના રોજ ઈન્તેકાલ કરી ગયાં તેમની નમાઝે જનાઝા શનિવારે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી સાહબે પઢાવી. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક્ામાં મર્હૂમાની મગફિરત ફર્માવે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) –*તંત્રી*

## યુ.કે.માં સુન્ની ઈજતેમા ખૂબ કામયાબ !

આલમી તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામીનો ત્રણ દિવસીય સુન્ની ઈજતેમા તા. ૨૮, ૨૯, ૩૦ મે–૨૦૧૦ જુમ્આ (ઔરતોનો) શનિ–રવિ મર્દોનો પ્રેસ્ટન, નૂર હોલ, નૂર સ્ટ્રીટ ખાતે યોજાયો જેમાં યુ.કે.નાં વિવિધ શહેરોથી પ્રથમ દિવસે બહેનોએ મોટી સંખ્યામાં હાજરી આપી તથા શનિ રવિ મર્દોએ ખાસ કરી આ વખતે નવયુવાનોથી હોલ ખચાખચ ભરાયેલ રહ્યો બલ્કે હોલ બહાર પણ પબ્લિક થઈ ગઈ હતી. યુ.કે.ના મુબલ્લિગો તથા ઉલમાનાં અંગ્રેજીમાં અધિક્તર બયાનો થયાં તથા અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ પણ શનિવારે અંગ્રેજીમાં તથા રવિવારે ઉર્દૂમાં શાનદાર ઈસ્લાહી બયાન કર્યું હતું. ઉપરાંત જનાબ અલ્હાજ ક્ારી રિઝવાન સાહબે અંગ્રેજી–ઉર્દૂમાં પોતાની આગવી સ્ટાઈલમાં બયાન નઅતનો ક્રમ તથા દીની વાતો સમજાવી યુવાનોને દીન પ્રતિ પ્રોત્સાહિત કર્યા હતા. ઉપરાંત હઝરત મૌલાના યૂનુસ મિસ્બાહી તથા હઝરત અલ્લામા કમરુઝ્ઝમાખાં આ'ઝમી વગેરેનાં પણ શાનદાર બયાનો થયાં હતાં. ઈજતેમા સર્વ વરસો કરતાં અધિક કામયાબ જણાયો અને બોલ્ટન ખાતે SDI સેન્ટરની યુવાનો પાછળની મહેનત રંગ લાવી એવુ લાગે છે. અલ્હમ્દુલિલ્લાહ !

## અલ્લાહ જઝાએ ખૈર આપે

**બુખારી શરીફ**ની શરહ (ભાગ–૨) એટલે **"નુઝહતુલ ક્ારી શરહે બુખારી"** **(ભાગ–ર)**ના છાપકામમાં સહાય પેટે **આઈશા વલી ઉમર ગટી** તરફથી મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે (હસ્તે : ઈબ્રાહીમ અલી ભૂરા વોરાસમનીવાળા) **રૂા. ૫૦,૦૦૦/–** મળ્યા છે. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદક્ામાં આ નેકી કબૂલ ફર્માવે, મર્હૂમોની મગફિરત ફર્માવે અને તેમની ઔલાદને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન) –*તંત્રી :*

# ફઝાઈલે શાબાનુલ્ મોઅઝઝ્મ

શાબાનના પૂરા મહિનાની ઘણી જ ફઝીલત છે. પણ ખાસ કરીને ૧૫ મી શાબાન અતિ ફઝીલતવાળી રાત છે. હદીષ શરીફમાં છે કે શાબાનની ૧૫ મી રાતમાં ખુદાએ ઝુલ જલાલ રહમત નાઝિલ ફર્માવે છે અને ફરિશ્તાઓ અલ્લાહ તઆલા સમક્ષ વર્ષભરનાં આમાલનામાં રજુ કરે છે. ત્યારબાદ અહકમુલ હાકિમીન પોતાની રહમતથી બંદાઓને પ્યારુ સંબોધન કરે છે : ''ખબરદાર ! છે કોઈ **મગફેરત** માંગનાર કે હું તેના ગુનાહોને બખ્શી દઉં. ખબરદાર ! છે કોઈ **રોજી માંગનાર** કે હું તેને રોજી આપુ. ખબરદાર ! છે કોઈ **મુસીબતમાં સપડાયેલો** કે હું તેને રાહત બખ્શું. ખબરદાર ! છે કોઈ આવો આવો.............(છેવટ સુધી).

**હે પ્યારા દીની ભાઈઓ તથા બહેનો !** શું તમે મગફેરત નથી ચાહતા ? શું રોજીની તમને તલબ નથી ? શું તમારે મુસીબતો નથી દૂર કરવી ? તો આવો ! અને આજે આ રાતને હરવા ફરવા, ટોળે મળી ગપ્પાં હાંકવા કરતાં અલ્લાહની ઈબાદતમાં રાત ગુજારો.

## ::: શબે બરાતના નફ્લ :::

હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું છે કે, ''જ્યારે શાબાનની ૧૫ મી રાત્રી હોય ત્યારે નવાફિલ પઢો અને ૧૫ મીના દિવસે રોઝો રાખો નિઃશંક ! તે રાત બરકતવાળી છે.

- ❒ ૧૪ મી શાબાનના ગુરૂબ આફતાબ (સૂર્યાસ્ત)ના સમયે ૪૦ વાર **''લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લા હિલ અલીય્યીલ અઝીમ''** પઢે અને ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે.
- ❒ **મગરિબની નમાઝ બાદ** છ રકાત નફ્લ નમાઝ બે બે રકાતની નિય્યતથી પઢે.
- ❒ પ્રથમ બે રકાત ઉમર દરાજીની નિય્યતથી, બીજી બે રકાત રોઝીની કુશાદગીની નિય્યતથી અને ત્રીજી વખતની બે રકાત દર્દો મુસીબતો બલાઓ, દૂર થવાની નિય્યતથી પઢે તેમ જ યાસીન શરીફની તિલાવત કરે.
- ❒ આ મુબારક રાત્રીએ ગુસલ કરે અને બે રકાત નમાઝ પઢે ઘણો જ સવાબ મળશે.
- ❒ **ઈશાની નમાઝ બાદ** આઠ રકાત નફ્લ નમાઝ બે–બે રકાતની નિય્યતથી અદા કરે. દરેક રકાતમાં અલ્હમ્દો પછી સૂરએ કુલ્હુવલ્લાહુ અહદ પાંચ વખત પઢે.આ નમાઝ પઢનાર ગુનાહોથી પાક સાફ થશે અને તેની દુઆઓ કબૂલ થશે તેમ જ ઘણો મોટો સવાબ પ્રાપ્ત થશે.
- ❒ ચાર રકાત એક સલામથી પઢે. દરેક રકાતમાં અલહમ્દો પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૫૦ વાર પઢે.
- ❒ બે રકાત નમાઝ પઢે દરેક રકાતમાં અલ્હમ્દો પછી આયતુલ કુર્સી એકવાર અને સૂરએ ઈખ્લાસ ૧૫ વાર પઢે સલામ ફેરવ્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે. આ નમાઝ પઢવાવાળાની રોઝીમાં બરકત થશે તેમજ દુઃખ દર્દથી રક્ષણ મળશે અને ગુનાહોથી બખ્શિશ થશે.
- ❒ ૧૪ રકાત નમાઝ બે–બે રકાતની નિય્યતથી પઢે નમાઝ પૂરી કર્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે અને દુઆ માંગે. ઈન્શાઅલ્લાહ કબૂલ થશે.
- ❒ આ મુબારક રાત્રીએ બે–બે રકાતની નિય્યતથી ૧૦૦ રકાત નફિલ નમાઝ પઢે જેમાં સૂરએ ફાતેહા (અલહમ્દો) પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૧૦ વાર પઢે. આ નમાઝને ''સલાતુલ ખૈર'' કહે છે.

આ નમાઝ બાબત ખ્વાજા હસન બસરી رحمة الله عليه એ રિવાયત કરી છે કે, ત્રીસ સહાબીઓએ મને કહ્યું કે, ''જે વ્યક્તિ આ નમાઝને આ રાતમાં પઢશે અલ્લાહ તઆલા તેની તરફ ૭૦ વખત નિહાળશે અને દરેક નઝરના બદલામાં તેની ૭૦ હાજતો પૂરી કરશે જેમાં બધાથી ઉત્તમ મગફેરત છે. (ઈન્શાઅલ્લાહ ! સુબ્હાનલ્લાહ !)

# દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ ખાતે સહાય કરનારા સખી દાતાઓની યાદી

**:: ન્યાઝ ::**

| | | |
|---|---|---|
| ફતેસંગ હેતમખાન મલેક | વેલુગામ | ૧ ન્યાઝ |
| સઈદભાઈ મોરીસ | દયાદરા | ૧ ન્યાઝ |
| મુસ્તાકભાઈ ટોપીવાલા | ભરૂચ | ૧ ન્યાઝ |
| ફરીદખાન બશીરખાન પઠાણ | જંબુસર | ૧ ન્યાઝ |
| ઉષ્માનજી કાજી | જંબુસર | ૧ ન્યાઝ |
| સાજીદભાઈ ખત્રી | નેત્રંગ | ૧ ન્યાઝ |
| માસ્તર હાજી ઈબ્રાહીમ રાજ | આમોદ | ૧ ન્યાઝ |
| જહાંગીર ઈકબાલ છીપા | દયાદરા | ૧ ન્યાઝ |
| ફિરોજ, મોહસીન, જાબિર | | |
| ઐયુબ છીપા | દયાદરા | ૧ ન્યાઝ |
| મૌલાના ઈકબાલ મિસ્બાહી | વોરાસમની | ૧ ન્યાઝ |
| અબ્દુલ હમીદ બગદાદી | આમોદ | ૧ ન્યાઝ |
| ઈકબાલભાઈ યાદગારવાલા | સુરત | ૧ ન્યાઝ |
| મૌલાના તૌસીફ રઝા હલદરવી | લેડીસ્મિથ | ૧ ન્યાઝ |
| યુસુફભાઈ રાવલીયા–જામનગર | જાંબિયા | ૩ ન્યાઝ |
| યુસુફભાઈ શેઠ | દયાદરા | ૩ ન્યાઝ |
| સાદિક યાકુબ પટેલ | દયાદરા | ૧ ન્યાઝ |
| ઈબ્રાહીમ ઈસ્માઈલ પટેલ | દયાદરા | ૧ ન્યાઝ |
| ઈબ્રાહીમભાઈ સી. રાણા | આમોદ | ૧ ન્યાઝ |
| બાબુભાઈ નેરીવાલા | સીતપોંણ | ૧ ન્યાઝ |
| શબ્બીરભાઈ માસ્તર | કુરચણ | ૧ ન્યાઝ |
| વલીભાઈ ઉમરજીભાઈ માસ્તર | વોરાસમની | ૧ ન્યાઝ |
| શેરભાઈ | આમોદ | ૧ ન્યાઝ |
| સીરાજભાઈ રાણા | આમોદ | ૧ ન્યાઝ |
| હાજી યાકુબ માસ્તર વલી કોકા | દયાદરા | ન્યાઝ માટે |
| મૌલાના ઈસ્માઈલ હસ્તે | | રૂા. ૧૨૦૦૦ |
| અલીભાઈ પેઈન્ટર | પગુથણ | ૧ ન્યાઝ |
| ઉષ્માગની સુલેમાન પાદરવાલા | દયાદરા | ૧ ન્યાઝ |
| ઈસ્માઈલ ઈસપ બાપુ | આમોદ | ૧ ન્યાઝ |
| ઉષ્માનગની દિવાન | કુરચણ | ૧ ન્યાઝ |
| હાફેઝ ઉસ્માન ફટકિયા | સાંસરોદ | ૧ ન્યાઝ |
| હાજી અબ્દુલ્લાહ છબુ | રૂા. ૬૮૦૦ | ન્યાઝ માટે |
| *મૌલાના ઈકબાલ વો. સમની થકી* | રૂા. ૬૦૦૦ | બકરા–૨ |

**:: બકરા ::**

| | | |
|---|---|---|
| મીનાવાલા ફેમેલી | દયાદરા | ૧ નંગ બકરો |
| સૈયદ ઝીશાનબાપુ | ભોલાવ | ૩૫ કિ. મટન |
| રાબિયાબેન નાથા | બોલ્ટન | ૨ નંગ બકરા |
| ફિરોજ ઈસ્માઈલ હવેલીવાલા | દયાદરા | ૩ નંગ બકરા |
| *(C/o. અલ્હાજ ફારૂક ભાણા દયાદરા)* | | |
| સઈદ દાઉદ હવેલીવાલા | દયાદરા | ૧ નંગ બકરા |
| *(C/o. અલ્હાજ ફારૂક ભાણા દયાદરા)* | | |
| શમીમ કડુજી હસ્તે ઉષ્માન શેઠ | દયાદરા | ૧ નંગ બકરો |
| હાજી મુબારક ઘંટીવાલા | ભરૂચ | ૧ નંગ બકરો |
| એક મુસ્લિમભાઈ | ભરૂચ | ૫ નંગ મરઘી |
| હુસૈનભાઈ (છોકરાનો અકીકો) | ભરૂચ | ૧ નંગ બકરો |
| અબ્દુલ્લા મૂસા મછાસરાવાલા | બંબુસર | ૧ નંગ બકરો |
| ઈમ્તિયાઝભાઈ પટેલ (સદકો) | ભરૂચ | ૧ નંગ બકરો |
| મુજીબભાઈ ખ્વાજા ટાઉનશીપ | ભરૂચ | ૧ નંગ બકરો |
| એક મુસ્લિમ બહેન | ભરૂચ | ૩૦ કિ. મટન |
| હસ્તે હા. ઈબ્રાહીમ કહાનવાલા | | |

**:: અન્ય ::**

| | | |
|---|---|---|
| હાજી વલી અહમદ કડુજી | દયાદરા | ૩ જોડી કાપડ |
| ફરીદખાન બશીરખાન પઠાણ | જંબુસર | ૧ ગાડી ઈટ |
| અમીન કિરાણા સ્ટોર | ઉમલ્લા | ૨ ક્વિ. ચણા |
| હાજી ફરીદભાઈ ધોલકાવાળા | આમોદ | ૧૦ ક્વિ. ઘઉં |
| સઈદભાઈ મલેક | જંબુસર | ૨ કટ્ટા ડુંગળી |
| હાજી એહમદખાન પઠાણ | બરેલીખો | ૫ મણ ચોખા |
| હાફેઝ ઈબ્રાહીમ કહાનવાલા | ભરૂચ | ફાતેહા |
| હરિસિંહ વજેસંગ રાણા | આમોદ | ફાતેહા |
| માસ્ટર સાજિદ પઠાણ | મછાસરા | રૂા. ૫૦૦ બાળકો માટે |
| આયશા વલી ઉમરગની | કરમાડ | રૂા. ૫૦૦ ફાતેહા |
| મકસૂદભાઈ પઠાણ | જંબુસર | રૂા. ૫૦૦ ફાતેહા |
| દાઉદભાઈ | અલીયાબાડા | ગૌષ પાકના તોશા મુબારક |
| સિકંદરભાઈ અબ્દુલ મલેક | આમોદ | રૂા. ૫૫૧ ફાતેહા |
| સઈદભાઈ મલેક | જંબુસર | ૨૫ કિ. બટાકા |
| હજીયાણી અમીના આઈ. મુન્શી | દયાદરા | રૂા.૫૦૦ ન્યાઝ |
| એક મુસ્લિમભાઈ | ભરૂચ | રૂા. ૫૦૦ ફાતેહા |
| સઈદભાઈ મલેક | જંબુસર | ૨૦ કિ. કેરી |
| મકસુદભાઈ પઠાણ | જંબુસર | ૨૦ કિ. કેરી |
| ગુલામભાઈ (સદકો) | | |
| હાફેઝ યૂનુસ ઝંઘાર થકી | બોલ્ટન | રૂા. ૨૭૦૦ |
| ઈસ્માઈલ કુલ્ફીવાલા (સદકો) | દયાદરા | રૂા. ૧૮૦૦ |
| ઈબ્રાહીમ ઈસ્માઈલ પટેલ | દયાદરા | રૂા. ૪૦૦૦ |

**રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં ગૌષ પાક رضی اللہ عنہના વસીલાથી સૌની નેકીઓ કબૂલ કરે અને તેમને તેમની ઔલાદને બંને જહાનમાં આબાદ રાખે, તેમનાં મર્હૂમોની મગફેરત ફર્માવે. (આમીન)**

*–(પ્રમુખ) : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** તથા (નાઝિમે આ'લા) : **હાફેઝ અબ્દુર્રહીમ ભોલાવવાલા***